*"હે ઈમાનવાળાઓ ! પોતાને તથા પોતાનાં બીવી બચ્ચાંઓને જહન્નમથી બચાવો !" –(કુર્આન)*

# પ્રો. તાહિરુલ ક઼ાદરી
## હક઼ીક઼તના આઈનામાં

:: સંપાદક ::


**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*
**જનાબ મૌલાના ઈસ્માઈલ અમજદી**
**રોઝાટંકારવી (સૂરત)**



**પ્રકાશક**

**મકતબ–એ–રઝા**
શોપ નં. ૨, સ્મિતા એપાર્ટમેન્ટ, ખ્વાજા દાના દરગાહ પાસે, ગોપીપુરા, મેઈન રોડ, **સુરત**
ફોન : 0261-6592035 Mob. 93766 70310
Web. :www.maktaberaza.com
Email : maktaberaza17@gmail.com

પ્રકાશન નં. : આવૃત્તિ–૨ પ્રત : ૨૦૦૦
૧૮–રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૩ ફેબ્રુઆરી–૨૦૧૨

**નૂરાની આર્ટ–દયાદરા, મો. ૯૪૨૭૪૬૪૪૧૧**


## તાહિરુલ પાદરીની હક઼ીક઼ત જાણવા આટલુ જરૂરથી કરો

ફિત્નાએ તાહિરુલ ક઼ાદરીને સમજવા તથા દુનિયાના ટોચના સુન્ની સહીહુલ અક઼ીદા આલીમોના તાહિરુલ ક઼ાદરી વિશેના મંતવ્યો જાણવા નીચેની વેબ સાઈટ લોગ ઓન કરો. તમામ સુન્ની સહીહુલ અક઼ીદાવાળાને મેસેજ દ્વારા આ સાઈટના નામો મોકલાવો અને **"ઈમાન બચાવો"** નામી અભીયાનમાં જોડાવો.

**www.tahirulpadri.com**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

જ્યારે પણ ઈસ્લામ તથા મુસલમાનો વિરુદ્ધ કોઈ ષડયંત્ર ઘડવામાં આવ્યું અથવા ઈસ્લામના મૂળ સિદ્ધાંતો પર હુમ્લો કરવામાં આવ્યો ત્યારે ઉલમાએ હક્ક઼ ઉલ્માએ અહલે સુન્નતે કોઈ દબાવ વિના તેનો પર્દાફાશ કર્યો છે અને મુસલમાનોને ગુમરાહીથી બચાવ્યા છે. પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે પણ ઉલમાએ કિરામે શરીઅતની રોશનીમાં જે હુકમો આપ્યા છે તે બરહક્ક઼ છે અને અમે એની ભરપૂર તાઈદ કરીએ છીએ. અલ્લાહ તબારક વ તઆલા હક્ક઼ વાતને સ્વીકારવાની તૌફીક઼ આપે.

**–(મૌલાના) ગુલામ મુસ્તફા ક઼ાદરી બરકાતી**
મુહતમિમ : દારુલ ઉલૂમ અન્વારે રઝા, નવસારી
મો. ૯૮૨૫૨૫૭૮૬૨ (O) ૦૨૬૩૭–૨૫૦૦૯૨

## :: અનુક્રમણિકા ::


- ❊ **પ્રકાશકના બે બોલ........** 05

*(પ્રકરણ : ૧)*

- ❊ **પ્રો. તાહિરુલ ક઼ાદરીની ડબલબોલી તથા ગુમરાહીના બોલતા પુરાવા !** 07
- ❊ આ'લા હઝરતના સમર્થનમાં પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબનાં નિવેદનો 08
- ❊ સિક્કાની બીજી બાજુ : અભી બોલા અભી ફોગ ! 09
- ❊ હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના સગ હોવાનો જોરદાર દાવો અને......! 13
- ❊ ઈમામે આ'ઝમના નક઼્શે ક઼દમ પર હોવાનો જોરદાર દાવો અને....... 16
- ❊ શું આ વાતો ઈસ્લામી શરીઅતમાં કુફ્ર નથી ?! 17
- ❊ કુફ્ર કરવા કરાવવા પર રાજી રહેવું કુફ્ર નથી ?! 19
- ❊ તમારા માટે તમારો દીન છે મારા માટે મારો દીન 20
- ❊ કોઈની ખિદમતોને આડ બનાવી તેની ગુમરાહી તથા કુફ્રને પણ ભૂલાવી દેવાશે ?! 20

*(પ્રકરણ : ૨)*

- ❊ **પ્રો. તાહિરુલ ક઼ાદરીની વિશે ઉલમાએ અહલે સુન્નતના ફત્વા** 23
- ❊ દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ (જિ. ભરૂચ)નો ફત્વો 37
- ❊ અહલે સુન્નતના રૂહાની મર્કઝ જામેઅ અશ્રફ–દરગાહ કછૌછા શરીફ (યુ.પી.)નો ફત્વો 41




## :: અનુક્રમણિકા ::


*(પ્રકરણ : 3)*

- ❊ **પ્રો. તાહિરુલ ક઼ાદરી ઉલમાએ હિંદની નજરમાં** 53
- ❊ પ્રો. તાહિરુલ ક઼ાદરી : ચિંતનની એક પળ 53

*(પ્રકરણ : ૪)*

- ❊ **સુલેહ કુલ્લિયતના ઝંડાધારી તાહિરુલ ક઼ાદરી** 61
- ❊ ગુમરાહીના સમય વિશે હદીષ અને તાહિરુલ ક઼ાદરી 62
- ❊ ઉમ્મતમાં વિભાજન કરનારા કોણ ? 64
- ❊ તાહિરુલ ક઼ાદરીની ટેઢી વાત ! 68
- ❊ પ્રો. તાહિરનો ખયાલ હદીષથી વિરુદ્ધ ! 70
- ❊ પ્રો. તાહિરની સદંતર જૂઠી રજૂઆત ! 73
- ❊ સુલેહ કુલ્લિયતને કુર્આન હદીષનો રદિયો 78
- ❊ સુલેહ કુલ્લિયતથી બચવા ઉલમાનાં કથનો 79

*(પ્રકરણ : ૫)*

- ❊ **પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે એક પ્રશ્ન......** 84
- ❊ **પ્રો. તાહિરે હૈદ્રાબાદમાં કરેલ ત્રાગાંનો ટૂંકો જવાબ** 97
- ❊ **પ્રો. તાહિરુલ ક઼ાદરીના ઈશ્કે઼ નબી صلی اللہ علیہ وسلمના દાવાની પોકળતાનો પર્દાફાશ !** 103
- ❊ **પ્રો. તાહિરુલ ક઼ાદરીને ઉલમાએ અહલે સુન્નતના નવ સવાલો** 120
- ❊ **પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે દારુલ ઉલૂમ અલીમિયહ્–જમદાશાહીનો ફત્વો** 124

بسم الله الرحمن الرحيم

نَحْمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

## *પ્રકાશકના બે બોલ........*

પ્યારા સુન્ની ભાઈઓ ! આ કિતાબ જે આપના હાથમાં છે તેને છાપવાનું કારણ શું છે ? એ જાણો સમજો અને ગુમરાહ લોકોથી બચો. આ કિતાબમાં પ્રો. તાહિરુલ કાદરી વિશે જે કાંઈક પણ મુફતિયાને કિરામના ફત્વાઓ આપવામાં આવ્યા છે એને સમજો અને આશિકના વેશમાં આવી લોકોનું ઈમાન ખરાબ કરતા અને અહલે સુન્નત વ જ માઅતનું લેબલ લગાડી લોકોને સુન્ની અકીદાથી દૂર કરતા આ પ્રોફેસર તાહિરુલ કાદરીને ઓળખી એનાથી દૂર રહો અને લોકોને પણ દૂર રાખવાની કોશિશ કરો !

પ્યારા સુન્ની ભાઈઓ ! ઈમાન એ અલ્લાહ તબારક વ તઆલાએ આપેલ અણમોલ નેઅમત છે અને જે વસ્તુ જેટલી અણમોલ હોય છે એ પ્રમાણે એની હિફાઝતની કોશિશ પણ કરવી જોઈએ. ફક્ત ત્રણ ચાર કલાકના બયાન સાંભળી અને બોલવાની પદ્ધતીથી આકર્ષાઈને ગેરમાર્ગે લઈ જનારી અને ગુમરાહ કરવાવાળી વાતોને સ્વીકારવી શું પોતાનું ઈમાન બરબાદ કરવું નથી ?!

જેમ કે દેવબંદીઓના ગુમરાહ પેશવાઓ જે ગુસ્તાખે રસૂલ છે, જેમના ઉપર હિંદો પાક તેમજ અરબના મહાન પદધરાવતા





આલિમો તથા મુફતીઓએ વિના કોઈ દબાવે માત્ર શરીઅતની રોશનીમાં કુફ્રના ફત્વાઓ આપ્યા છે. એ જાણીને પણ એમને કાફિર ન માનવા એમની પાછળ નમાઝ પઢવું જાઈઝ કહેવું અને બધા ધર્મોને માનવાવાળાઓને ભેગા કરી કુફ્રની ઈજાઝત આપવી શું આ ઈમાનનો હિસ્સો હોય શકે છે ?! માટે સુન્ની ભાઈઓ આવા ગુમરાહ પ્રોફેસરથી બચો. આપણને ઈમાન બુઝુર્ગોની ઘણી કુર્બાની પછી મળેલ છે માટે આવા પ્રોફેસરથી બચો અને યાદ રાખો કે જે પણ અહલે સુન્નતના રસ્તાથી દૂર થશે તો એ કોઈ પણ હોય એની વાત માનવામાં નહીં આવે એ માટે સુન્ની ભાઈઓ આ કિતાબ વાંચો સમજો અને આવા ગુમરાહ લોકોથી દૂર રહો એ જ વિનંતિ.

**–મુહમ્મદ ઈસ્માઈલ અમજદી**

*(નાયબ સદર દફતરે શરઈ, મકતબે રઝા, સૂરત)*

*તારીખ : ૧૩/૨/૨૦૧૨, સોમવાર, ૧૯–રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૩૩*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

પ્યારે સુન્ની ભાઈઓ ! ઈસ કિતાબ કો શાએ (પ્રસિદ્ધ) કરને કા મકસદ યે હૈ કે આપ મુફતીયાને કિરામ કે ફત્વોં કો ઈન્સાફ કે સાથ પઢેં ઔર ગુમરાહ પ્રોફેસર તાહિરુલ કાદરીસે બચેં. મૈં ઈસ કિતાબ કી ભરપૂર તાઈદ કરતા હૂં. અલ્લાહ તબારક વ તઆલા હમારે ઈમાન કી હિફાઝત ફર્માએ. (આમીન)

**–મૌલાના ઝાકીર રઝા સાહબ**

*(સદર દફતરે શરઈ મકતબે રઝા, સૂરત)*

*તારીખ : ૧૩/૨/૨૦૧૨, સોમવાર, ૧૯–રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૩૩*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

## (પ્રકરણ : ૧)

# પ્રો. તાહિરુલ ક઼ાદરીની

## ડબલબોલી તથા ગુમરાહીના બોલતા પુરાવા !

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

વર્તમાન રાજકરણમાં એવી પોલિસી જોવા મળે છે કે ''અભી બોલા અભી ફોગ !'' આજે કોઈ વાત કરી નાખી અને એના પ્રત્યાઘાત સારા ન જણાયા તો બીજા જ દિવસે નિવેદન બદલાય જશે કે મારી વાતનુ ખોટુ અર્થઘટન થયું છે, મારા કહેવાનો આશય આ નહીં આવો હતો...... વગેરે. ઝબાન ચાલાકી અને ઉઘાડી ધોકાબાઝી પોતાની વાહ વાહ માટે રાજકરણીઓ થકી પબ્લિક સાથે થતી વારંવાર આપણે જોઈ રહ્યા છીએ. પણ અફસોસ કે દીની પેશવા કહેવડાવીને વાક ચાતુર્યથી અને ઝબાનની ચાલાકીથી





ડબલ બોલી વડે લોકોને આકર્ષવાનું કામ પણ હવે હદ ઉપરાંત થવા લાગ્યું છે. એવી જ એક શખ્સિયત આજકાલ ખૂબ જ ચર્ચાના એરણે છે જેમના બયાનોથી, વાકછટાથી અંજાયને ઘણા એજ્યુકેટેડ–અનએજ્યુકેટેડ લોકો તેમના તરફ આકર્ષાયને હરામ તો હરામ પણ ઈસ્લામની બેઝિક વાતોથી (જરૂરીયાતે દીનથી) વિરુદ્ધ થવા છતાં, આંખ આડા કાન કરીને બલ્કે ઉઘાડુ કુફ્ર થવા છતાંય તેમના દીવાના થઈ રહ્યા છે ! તે છે પાકિસ્તાની મૌલાના પ્રો. તાહિરુલ ક઼ાદરી !

### ✪ આ'લા હઝરતના સમર્થનમાં પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબનાં નિવેદનો ✪

★ એક તરફ પ્રોફેસર સાહબ જણાવે છે કે : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના જે અક઼ીદા તથા ખયાલો છે એ જ બેઠા (આબેહુબ) મારા છે.

★ મારા અને તેમના ખયાલો (માન્યતાઓ) તથા અક઼ીદામાં સોયના નાકા બરાબર પણ ફરક નથી.

★ આ'લા હઝરત رحمۃ اللہ علیہના સર્વ ફતવાઓ પર મારું સંપૂર્ણપણે યક઼ીન તથા ઈમાન છે. જે ફત્વો પણ તેમણે આપ્યો છે તે તદ્દન દુરુસ્ત તથા સહીહ છે. *(રિસાલા દીદો શુનીદ, પેજ : ૧૩, ૧૬ નવેમ્બર થી ૩૦ નવેમ્બર ૧૯૮૬)*

★ આ'લા હઝરત શાહ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہની ઈલ્મી ખિદમતોની મહાનતા તથા વિશાળતાનું આજ સુધી હું માપ નથી કાઢી શક્યો.

★ હું એમના ઈલ્મી થાળમાંથી આરોગનારો મામૂલી શખ્સ છું.

★ આ'લા હઝરતે સંપૂર્ણ મો'મિનમય દષ્ટિ અને મુજદ્દિદાના

ફરાસત (નજર)થી રિસાલતના મક઼ામની રક્ષાના માટે જદ્દોજેહદ (ખૂબ મહેનત) કરી.

★ એમનો ઈલ્મી મક઼ામ તથા સ્થાન હજારો લાખો ઉલમા તથા ફાઝિલો તથા મુજતહિદ ઈમામોમાં અનોખી હૈસિયત ધરાવે છે. *(અહમ ઈન્ટરવ્યુ, પેજ : ૧૪, ૧૫, બહવાલા ખતરે કી ઘંટી)*

બેશક ! અહલે સુન્નત વ જમાઅતની સહીહ તર્જુમાની ઈમામે અહલે સુન્નત આ'લા હઝરતની કિતાબોમાં છે અને તેમના મુજબના અક઼ીદાવાળા માટે અહલે સુન્નત હોવાની સનદ છે, કે જે સહાબા, તાબઈન તથા સર્વ બુઝુર્ગાને દીનના અક઼ીદા છે. પણ પ્રોફેસર સાહબ પોતાના દાવામાં કેટલા અંશે સાચા છે તે પણ જોતા ચાલો :–

**✪ સિક્કાની બીજી બાજુ : અભી બોલા અભી ફોગ ! ✪**

ઉપરોક્ત વર્ણવી તેવી આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત رحمۃ اللہ علیہની ચાહતભરી તથા તેમના નક઼્શે ક઼દમ પર હોવાની વાત પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબથી સાંભળીને ઘણા ભાઈઓ અંજાય જાય છે, અને વહેમ લઈને ફરે છે કે પ્રોફેસર સાહબ મજબૂત સુન્ની છે ! પણ નીચેનું લખાણ તેમના વહેમનું બાષ્પીભવન કરી નાખશે કે સુન્નિયતની આડ હેઠળ બાતિલ ફિર્ક઼ાવાળા તથા બાતિલ મઝહબોવાળાને ગળે લગાડી તે કેવી ગુમરાહી ફેલાવી રહ્યા છે અને લોકોને અસલ દીનથી દૂર કરી રહ્યા છે.

**તાહિરુલ ક઼ાદરી** : *''મને એનાથી કોઈ લેવાદેવા નથી કે જલ્સો તથા તેની દા'વત કોના તરફથી છે. અહલે હદીષ, શીઆ, દેવબંદી, જમાઅતે ઈસ્લામીના માણસો, જે પણ દા'વત આપે તો દા'વત જરૂર ક઼બૂલ કરીશ, ભલે તે સ્ટેજ ગમે તેનું હોય.'' (અહમ ઈન્ટરવ્યુ, પેજ : ૧૪–૧૫, બહવાલા ખતરે કી ઘંટી)*





**આ'લા હઝરત** رحمۃ اللہ علیہ : આ (ભેળસેળિયા જલસામાં જવું) સંપૂર્ણ રીતે શરીઅતે પાકથી વિરુદ્ધ કરવું, મુસલમાનોને નુકસાન પહોંચાડવું અને લોકોને ઉઘાડી ગુમરાહી તરફ બોલાવવું છે. ''અને નજીકમાં જ જાણી લેશે (એવા જાલિમ) કે કયા પાસા પર પલ્ટો ખાશે.'' *(પારા : ૧૯, રુકૂઅ : ૧૫, બહવાલા ખતરે કી ઘંટી)*

મુતવાતિર હદીષો તથા આગલા પાછલા ઈમામોના અક઼વાલ (કથનો) આવ્યાં છે કે બદ્‌મઝહબોથી મેલજોલ મના છે અને એમનાથી દૂર રહેવું વાજિબ છે. (તો શું જરૂર કે તેમના જલસાઓમાં હાજર થાય !)

''ગુન્યતુત્તાલિબીન''માં છે કે બદ્‌મઝહબો પાસે જઈને તેમની સંખ્યા ન વધારે, તેમની પાસે ન ભટકે, તેમના પર સલામ ન કરે. (જ્યારે ભેળસેળિયા જલસામાં આ સર્વ ખરાબીઓ છે.) *(ફતાવા હરમૈન, પેજ : ૯૫, અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

(એવો શખ્સ જે રાફઝીઓથી મેલજોલ રાખે છે) જો ખૂદ રાફઝી નથી તો કમસે કમ સખત ફાસિક઼ છે અને ફાસિક઼ની પાછળ નમાઝ મકરૂહે તહરીમી છે અને એને ઈમામ બનાવવો ગુનોહ તથા જે નમાઝો એની પાછળ પઢી હોય તેને દોહરાવવી વાજિબ છે.'' *(ફતાવા રઝવિય્યહ્, ૩/૨૧૬)*

આ લખાણથી જણાયું કે પ્રો. તાહિર સાહબ જે આ'લા હઝરતના નક઼્શે ક઼દમ પર હોવાનો દાવો કરે છે તેનાથી ઉલ્ટાં કામો કરી પબ્લિકને ગુમરાહ કરી રહ્યા છે. આગળ વાંચો :–

**તાહિરુલ ક઼ાદરી** : *''અમારા ઈદારા 'મિન્હાજુલ કુર્આન'માં*

*'જમાઅતે ઈસ્લામી'ના લોકો પણ સભ્ય બની શકે છે, અહલે હદીષ, શીઆ તથા દેવબંદી પણ મિન્હાજુલ કુર્આનના સભ્ય છે.''*
*(અહમ ઈન્ટરવ્યુ, જંગ ૨૫–૨–૧૯૮૭, બહવાલા ખતરે કી ઘંટી)*

**આ'લા હઝરત** رحمۃ اللہ علیہ : આવી (ભેળસેળમય) મજલિસ સ્થાપિત કરવી ગુમરાહી છે. (જેમાં રાફઝી, વહાબી વગેરે સભ્ય બની શકે) અને એ મજલિસ (કમિટી)માં હાજરી હરામ અને બદ્‌મઝહબોથી મેલજોલ આગ છે. એવી જગાએ (ચંદો વગેરે) આપવાનુ તે જ પસંદ કરશે જે દીન નથી ધરાવતો અથવા બુદ્ધિથી પર છે. ...........કે માલ પણ ગયો અને આખેરતમાં અઝાબનો પણ હક્ક઼દાર થયો............. જુઓ ! સલામતીનો માર્ગ તે જ છે જે તમને તમારા પ્યારા નબી صلی اللہ علیہ وسلمએ બતાવ્યો કે, ''એ બદ્‌મઝહબોથી દૂર રહો, તેમને તમારાથી દૂર કરો, ક્યાંક તે તમને ગુમરાહ ન કરી દે, ક્યાંક એ તમને ફિત્નામાં ન નાખી દે.
*–મુસ્લિમ શરીફ (અદલાઈલુલ્ કાહિરા, અઝ : આ'લા હઝરત* رضی اللہ عنہ*, હવાલા : ખતરે કી ઘંટી, પેજ ૧૬ થી ૧૮)*

**વળી વિચારો !** આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ તો વહાબી, દેવબંદી, ક઼ાદયાનીઓનાં બારગાહે ખુદા વ રસૂલમાં ગુસ્તાખીમય લખાણોને તથા તેમના બદ્‌અક઼ીદાઓને હરમૈન શરીફૈનના ઉલમા તથા ઉલમાએ અરબ સમક્ષ રજૂ કર્યા જેમને **તે સર્વ ઉલમાએ કાફિર જાહેર કર્યા** અને તેમના **કુફ્રમાં શક કરે તેને પણ કાફિર ઠરાવ્યો.** (હુસ્સામુલ હરમૈન) જ્યારે એથી ઉલ્ટુ પ્રો. તાહિર સાહબ સર્વને સમાન દર્શાવતાં કેટલી બેબાકીથી પોતાની કિતાબ ''ફિર્ક઼ાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હે ?'' પેજ–૩૧ ઉપર લખે છે :–





*''આ એક રદ ન કરી શકાય એવી હક઼ીક઼ત છે કે* ***તમામ ઈસ્લામી ફિર્ક઼ાઓ વચ્ચે પાયાની તથા અક઼ીદાની બાબતો સૌ સમાન છે.*** *ઈસ્લામી અક઼ીદાઓનું આખુ બંધારણ એ જ સમાન પાયાઓ પર ઉભેલુ છે. મુસલમાનોમાંથી કોઈપણ કોઈ નબી કે રસૂલની શરીઅતનો ન ઈન્કાર કરે છે, ન ઈસ્લામ સિવાય કોઈ અન્ય દીનને માને છે. સર્વ મુસ્લિમો તૌહીદ તથા રિસાલત, વહી તથા આસ્માની કિતાબોના ઉતરાણ, આખેરતના થવાને, ફરિશ્તાઓના અસ્તિત્વ, હુઝૂર* صلی اللہ علیہ وسلم*ના આખરી નબી હોવાને, નમાઝ, રોઝા, ઝકાત તથા હજ્જની ફર્ઝિયત વગેરે જેવા અક઼ીદાઓ તથા અમલો પર સમાનપણે ઈમાન ધરાવે છે, અને* ***જો ક્યાંક કોઈ મતભેદ છે તો કેવળ ઉપર ઉપરની હદ સુધીનો*** *અને તે પણ તેમની ઈલ્મી એ'તબારથી વિવિધ તફસીલમાં અને ઈલ્મે કલામની સ્પષ્ટતા નિશ્ચિત કરવામાં છે,* ***એનાથી ઈસ્લામના અક઼ીદાઓના પાયાઓ પર કોઈ અસર પડતી નથી.''***

હવે કયા મોઢે પ્રોફેસર તાહિર સાહબ કહે છે કે, ''મારા તથા આ'લા હઝરતના અક઼ીદા તથા ખયાલોમાં સોયના નાકા બરાબર પણ ફરક નથી !'' શું આ જૂઠો દાવો નથી ?! ફિર્ક઼ા પડયા જ એટલા માટે કે કોઈએ અલ્લાહની શાનમાં તો કોઈએ સહાબાની ગુસ્તાખી કરી તો કોઈએ નબી વલીની (મઆઝલ્લાહ !) અને કુફ્રી અક઼ીદાના કારણે તેઓ કાફિર ઠર્યા અને જે તે સમયના અહલે સુન્નતના ઉલમા તથા બુઝુર્ગોએ તેમને અહલે સુન્નતથી બહાર કર્યા. તો **શું સહાબી કે નબીની કે રબની ગુસ્તાખી કરવી એ ઉપર ઉપરનો સામાન્ય મતભેદ છે ?! દેવબંદી અક઼ીદો કે અલ્લાહ જૂઠ બોલી શકે તેવું કહેવું એ શું ઉપર છલ્લો મતભેદ છે ?!** યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم કહેવાને

ઈમાન કહેનાર અને તેને જ શિર્ક કહેનાર બંને એક શાથી કહેવાશે ?!

**હે પ્યારા સુન્ની ભાઈઓ ! સમજો !** આ'લા હઝરતની આખરી વસિયત તો આ છે કે, ''પ્યારા ભાઈઓ ! તમે મુસ્તફા ﷺના ભોળાં ઘેટાંઓ છો અને વરૂઓ તમારી ચોપાસ છે, તેઓ એવું ચાહે છે કે તમને બહેકાવી દે, ફિત્નામાં નાખી દે, તમને પોતાની સાથે જહન્નમમાં લઈ જાય. તેમનાથી બચો ! દૂર ભાગો ! દેવબંદી થયા, રાફઝી થયા, નેચરી થયા, કાદયાની થયા, ચકળાલ્વી થયા...... સારાંશ કેટલાયે ફિર્કા થયા. આ સર્વ વરૂઓ તમારા ઈમાનની તાકમાં છે. તેમના હુમ્લાઓથી તમારું ઈમાન બચાવો. જેના થકી અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની શાનમાં અદના તૌહીન જુઓ, પછી તે તમારો ગમે તેવો પ્યારો કેમ ન હોય પણ તરત જ એનાથી અલગ થઈ જાવ ! જેને બારગાહે રિસાલતમાં જરા પણ ગુસ્તાખ જુઓ પછી તે તમારો ગમે તેવો માનપાત્ર બુઝુર્ગ કેમ ન હોય પણ પોતાનામાંથી તેને દૂધમાંથી માખીની જેમ કાઢીને ફેંકી દો........'' *(વસાયા શરીફ)*

એથી ઉલ્ટુ પ્રોફેસર તાહિર સાહબ કહે છે કે, *''હું 'શીઆ' તથા 'વહાબી' ઉલમાની પાછળ નમાઝ પઢવાને કેવળ પસંદ જ નથી કરતો બલ્કે જ્યારે પણ મોકો મળે તેમની પાછળ નમાઝ પઢુ છું.'' (રિસાલા દીદો શુનીદ, લાહોર, ૪ થી ૧૯, એપ્રિલ ૧૯૮૬, બહવાલા ખતરે કી ઘંટી)*

### ✪ હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના સગ હોવાનો જોરદાર દાવો અને......! ✪

**પ્રો. તાહિરુલ કાદરી** કહે છે : *દુનિયાનો કોઈ શખ્સ મારી*





*અંદર મસ્લકે અહલે સુન્નતના બારામાં શંકાકુશંકા નથી પેદા કરી શકતો. મારી જિંદગી શંકાકુશંકાને ખત્મ કરીને શંકાશીલ લોકોને સુન્નિયત પર કાયમ કરવાને માટે પસાર થઈ રહી છે તો પછી ખૂદ મારી અંદર શંકાકુશંકા ક્યાંથી આવશે ?! જે ગૌષે આ'ઝમનો સગ (કૂતરો) હોય તેની સુન્નિયત કઈ રીતે શંકાસ્પદ થઈ શકે છે ? જેને બારગાહે ગૌષિયતથી રાત દિવસ ખૈરાત મળી રહી હોય તેનું સુન્નિયતને છોડવું કઈ રીતે શક્ય થઈ શકે છે ?! ............... (બહવાલા જામે નૂર–દિલ્હી, જુલાઈ–૨૦૧૦)*

**પ્રિય સુન્ની ભાઈઓ ! ગમે તેવા ભારપૂર્વક દાવાથી કામ નથી બનતુ !** ઉપરોક્ત લખાણો મુજબ તો શંકાની શું વાત, યકીનન પ્રો. તાહિર સાહબ ગુમરાહ તથા ગુમરાહ કરનાર પુરવાર થયા છે. અને ''સગે ગૌષે આ'ઝમ'' رحمۃ اللہ علیہથી પોતાને સંબોધનાર તાહિર સાહબ ગૌષ પાક رحمۃ اللہ علیہના હુકમો પર ચાલી રહ્યા છે કે તેમના વિરુદ્ધ વર્તી રહ્યા છે, તે પણ જોઈ લો.ગૌષ પાક رحمۃ اللہ علیہ ''ગુન્યતુત્તાલિબીન શરીફ''માં ફર્માવે છે કે :–

- ★ અમારા ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہએ ફર્માવ્યું, બદ્મઝહબને સલામ કરવી એ તેને દોસ્ત બનાવવું છે, કેમ કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું છે, આપસમાં સલામને રિવાજ આપો એકબીજાના દોસ્ત બની જશો.
- ★ બદ્મઝહબો પાસે ન બેસે, તેમની નજીક ન જાય. ઈદો તથા ખુશીના સમયોમાં તેમને મુબારકબાદ ન આપે.
- ★ મૃત્યુ પામે તો તેમના પર જનાઝાની નમાઝ ન પઢે. તેમનો ઉલ્લેખ થાય તો તેમના માટે રહમતની દુઆ ન કરે. બલ્કે તેમનાથી અલગ રહે.
- ★ ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જે કોઈ

બદ્મઝહબથી મહોબ્બત રાખે તેના અમલો બર્બાદ થઈ જશે અને ઈમાનનુ નૂર તેના દિલથી નીકળી જશે. જ્યારે અલ્લાહ તઆલા પોતાના કોઈ બંદાને જુએ કે તે બદ્મઝહબથી અદાવત રાખે છે તો મને ઉમ્મીદ છે કે મૌલા સુબ્હાનહુ તઆલા તેના ગુનાહો બખ્શી આપે.

★ જ્યારે કોઈ બદ્મઝહબને રાહમાં આવતાં જુઓ તો તમે બીજો માર્ગ અપનાવો. *(ગુન્યતુત્તાલિબીન)*

★ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આખર જમાનામાં એક ગિરોહ (રાફઝી) પેદા થશે જે મારા ચહીતા સહાબાની બુરાઈ કરશે અને તેમની શાનને ઘટાડશે. ખબરદાર ! તેમની સાથે ખાવા ન ખાવ. ખબરદાર ! તેમની સાથે પાણી ન પીઓ. ખબરદાર ! સગાઈ સંબંધ ન કરો. ખબરદાર ! તેમની સાથે નમાઝ ન પઢો. ખબરદાર ! તેમની નમાઝે જનાઝા ન પઢો. એમના પર લઅનત પડી ચૂકી છે. *(ગુન્યતુત્તાલિબીન)*

યકીનન ! ગુસ્તાખે સહાબાથી બદ્તર ગુસ્તાખે રસૂલ છે, જેથી તેમનાથી આ સર્વ બાબતો અધિક અંશે હરામ છે પણ પોતે ગૌષે આ'ઝમનો સગ હોવાના દાવેદાર પ્રો. તાહિરુલ કાદરીનું વલણ એનાથી તદ્દન ઉલ્ટુ છે જેનો ઉલ્લેખ ઉપર થઈ ચૂક્યો તેમજ અન્ય લખાણમાં જાણવા મળશે કે ગુસ્તાખે સહાબા રાફઝી, શીઆ તથા ગુસ્તાખે નબી વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ વગેરે સાથે એકતા કરવા તથા તેમની પાછળ નમાઝ પઢવા, મહોબ્બત રાખવા આ "સગે ગૌષે આ'ઝમ" કેટલો ભાર આપે છે તે જોઈને સમજી લેશો કે એ સુન્નીઓને કેવા ગુમરાહીના પાટે ચઢાવી રહેલ છે.





## ★ ઈમામે આ'ઝમના નક્શે કદમ પર હોવાનો જોરદાર દાવો અને....... ★

**પ્રો. તાહિરુલ કાદરી સાહબ** જણાવે છે : *"એ જ પ્રમાણે અમુક લોકો મારી હનફિયતમાં શક કરે છે. અરે ! હું તો પેદાઈશી હનફી, બાહયાત હનફી, અને ઈન્શાઅલ્લાહ ! તાદમે હયાત હનફી ! મારું તો જીવવું મરવું ઈમામે આ'ઝમના કદમોના નિશાન પર છે........" (બહવાલા જામે નૂર–દિલ્હી, જુલાઈ–૨૦૧૦)*

દાવો તો ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના નક્શે કદમ પર હોવાનો ભારે ભરખમ કર્યો છે પણ તેમના ચહેરાના દર્શન થતાં જ આપના ચહેરા પરની દાઢી જ એ દાવાને ખોટો ઠરાવી દે છે ! **હનફી મસ્લકમાં તો "એક મુઠ્ઠી દાઢી" જ સુન્નત છે, એનાથી કમ કરાવનાર કે મૂંડનાર ફાસિક છે.** જ્યારે તાહિર સાહબ આ હનફી મસ્અલા વિરુદ્ધ અમલ પણ કરે છે અને ભારપૂર્વક ફત્વો પણ આપે છે, જેથી તેમનું કહેવું કે, "મારું જીવવું મરવું ઈમામે આ'ઝમના નક્શે કદમ પર છે" એ વાત ગલત જણાય રહી છે.

બીજુ કે "દિયત" (ખૂનનો બદલો માલથી)ના મસ્અલામાં પણ પ્રોફેસર સાહબનો ફત્વો **ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની, બલ્કે ઈજમાએ ઉમ્મતની વિરુદ્ધ છે. કેમ કે સ્ત્રીનું દિયત (ખૂનના બદલે ચૂકવાતુ વળતર) પુરૂષ કરતાં અડધુ છે.** એના પર ઉમ્મતનો "ઈજમાઅ" છે અને તેના વિરુદ્ધ જનારને ઉલમાએ અહલે સુન્નતે "ગુમરાહ" દર્શાવેલ છે. (જુઓ આમ ફિક્હની કિતાબો) તદ્ ઉપરાંત "ગાઈબાના નમાઝે જનાઝા" હનફીઓમાં જાઈઝ નથી, જેને જાઈઝ હોવાનો પ્રોફેસરે ફત્વો આપેલ છે. આમ ગરજદાર અવાજમાં દાવા

તો ઘણા કરેલ છે પણ તેનાથી ઉલ્ટી દરેક વાતો પુરવાર થાય છે.

**⍟ શું આ વાતો ઈસ્લામી શરીઅતમાં કુફ્ર નથી ?! ⍟**

બહુ દૂર જવાની જરૂર નથી, હાલમાં જ તા. ૨૪–૯–૨૦૧૧ના રોજ ઈંગ્લેન્ડમાં વેમ્બલી–લંડન ખાતે પ્રો. તાહિર સાહબ થકી એક લોભામણા સુંદર નામ **Minhajul Quran Peace for Humanity Conferance** (મિન્હાજુલ કુર્આન માનવ શાંતિ સંમેલન) યોજાયી જેમાં વિવિધ લેક્ચરો, ઈસ્લામ અમ્નો શાંતિનો મઝહબ છે તે દર્શાવતાં થયાં એની સાથોસાથ વિવિધ ધર્મોના ધર્મગુરૂઓને બોલાવવામાં આવ્યા. હિંદુ, શીખ, ઈસાઈ, બૌદ્ધ....... વગેરે થકી દરેકની પાસે વારા ફરતી તેમના ધર્મ પ્રમાણે "પ્રાર્થના" તથા "ભક્તિ" કરાવવામાં આવી. (**youtube** પર આ બધું જોઈ શકાય છે.)

ઈસ્લામની વિશિષ્ટતા જાહેર કરવાના ઓઠા હેઠળ તથા ઈસ્લામ અમ્નો શાંતિનો મઝહબ છે, ત્રાસવાદનો વિરોધી મઝહબ છે એ દર્શાવવા આ કોન્ફરન્સમાં અસંખ્ય હરામ કામો જેમ કે મજમામાં બેપર્દા સ્ત્રી પુરૂષોની ભેળસેળવાળી બેઠક વ્યવસ્થા, વાતે વાતે તાળીઓના ગડગડાટ, સ્ટેજ પર બેપર્દા સ્ત્રીઓની હાજરી, વિવિધ ધર્મની પ્રાર્થનાઓમાં સાધુઓ સાથે બેપર્દા સ્ત્રીઓનો નઝારો કરાવવામાં આવ્યો. નામની એકતાનો ડ્રામો રચવા માટે સર્વધર્મના સાધુ ભક્તોને સ્ટેજ પર સ્થાન આપવામાં આવ્યું અને છેવટમાં પ્રો. તાહિર સાહબે કહ્યું કે :–

**"Allah Means God, nothing else. It is not special thing for Muslim. Allah is the arabic**





**word for God, for Brahma, for Lord, for Creater. You Know. You can raise any word specified for your Lord according your religion. Let us remember our Lord according to our own traditon & religion. Remember our Lord..........."**

(અનુવાદ) : "અલ્લાહ"નો અર્થ "ગોડ" છે, બીજુ કાંઈ નથી. એ મુસલમાનો માટે સ્પેશિયલ વસ્તુ (વિશેષ બાબત) નથી. "અલ્લાહ" એ "અરબી શબ્દ" છે ગોડ માટે, બ્રહ્મા માટે, લોર્ડ (માલિક) માટે, સર્જનહાર માટે. **"તમારા ધર્મ પ્રમાણે"** તમે તમારા માલિક (લોર્ડ)ને **"કોઈ પણ શબ્દ વડે"** પોકારી શકો છો. ચાલો આપણે આપણી પરંપરા (તરીકા) પ્રમાણે, આપણા લોર્ડ (માલિક)ને યાદ કરીએ. ત્યાર બાદ **અલ્લાહ ! અલ્લાહ !**નો ઝિક્ર કરવામાં આવે છે, પછી ખૂદ આ કહેવાતા "શયખુલ ઈસ્લામ" તથા સ્વરચિત (જાતે બની બેઠેલા) "મુજદ્દિદ ઓફ ધ સેન્ચ્યુરી" પ્રો. તાહિર સાહબ હિંદુ ધર્મગુરૂને સ્વેચ્છાએ સામે ચાલીને માઈક્રોફોન આપી **તેમના ધર્મ પ્રમાણે ઝિક્ર કરવા કહે છે** તો તે **"હરે ક્રિશ્ન હરે રામ......."**નો કેટલીકવાર ઝિક્ર કરે છે ત્યાર બાદ પ્રો. તાહિર સાહબની સૂચનાનુસાર ક્રમસર ઈસાઈ પાદરી **"જિસીસ જિસીસ ધ ફાધર ગોડ"** બોલે છે, ત્યારબાદ એક સાધુ **"ઓમ શાંતિ ! ઓમ શાંતિ !"** બોલે છે, પછી બુદ્ધ ધર્મગુરૂ **"નમો બુદ્ધાય નમો બુદ્ધાય"** બોલે છે, ત્યારબાદ શીખ તેમના ધર્મ પ્રમાણે બોલે છે, અને આખો મજમો આ કુફ્રી વાક્યો સાંભળી તાળીઓ વડે તેમને વધાવતો રહે છે !

## ★ કુફ્ર કરવા કરાવવા પર રાજી રહેવું કુફ્ર નથી ?! ★

**ઈસ્લામી શરીઅતના વર્તુળમાં રહીને, ઈસ્લામના કલ્માનો ઈન્કાર ન થાય એ રીતે સર્વ લોકો સાથે મેળમેળાપ તથા અમ્નો શાંતિથી વહેવાર થાય એવી એકતાને તો અમો પણ માનીએ છીએ** પણ **ઈસ્લામના વર્તુળથી જ નીકળી જવાય એવાં કામો કરીને** સર્વ ધર્મવાળા સાથે એકતા સ્થાપવામાં આવે તેવું ઈસ્લામમમાં જાઈઝ થઈ શકે છે ? **અહલે સુન્નતના ઉલમાને પૂછી જુઓ કે શું અલ્લાહ તથા રામ, કૃષ્ણ, ગુરૂનાનક, શીવ, શંકર, ગણેશ, જિસીસ, બૌદ્ધ ભગવાન, લાત, ઉઝ્ઝા વગેરે સૌ એક છે ?! સૌ સરખુ છે ?! તમારી રાજીખુશીથી સામે ચાલીને બોલાવીને, આગ્રહ કરીને તમો કોઈને અલ્લાહ સિવાય અન્ય (જેને તેઓ ગોડ કે ભગવાન કહેતા હોય તે)ની પ્રાર્થના તથા ઈબાદત કે પૂજા કરવા કે ઉપર દર્શાવ્યાં તેવાં ઝિક્રો કરવા કહો એ શું કુફ્ર નથી ?!** ઈસ્લામી શરીઅતનો ક઼ાનૂન તો છે કે **કુફ્રી કલામ બોલવાની અન્યને ઈજાઝત આપવી કુફ્ર છે, કુફ્રી વાણી સાંભળી ખુશ થવું, તેને તાળીઓથી વધાવી લેવું પણ કુફ્ર છે.** (કુફ્રમાં રાજી રહેવાના બાબતે જુઓ : આલમગીરી, ફતાવા રઝવિય્યહ્, ફતાવા ફક઼ીહે મિલ્લત... વગેરે) તો અહીં પ્રો. તાહિર સાહબે દરેક ધર્મવાળા પાસે તેમના ધર્મ પ્રમાણે કુફ્રી વાણી બોલવા સામે ચાલીને ઓફર કરીને પોતાની મરજીથી બોલાવડાવીને શું કર્યુ ? અને મજમામાં જે લોકોએ તાળીઓ પાડીને દરેકના કુફ્રી બોલોને ખુશ થઈને વધાવ્યા તે શું થયું ? તેમના પર શરીઅતની રૂએ શો હુકમ લાગે છે તે ઈન્સાફથી તપાસ કરી લેશો.





## ★ તમારા માટે તમારો દીન છે મારા માટે મારો દીન ★

દીન બાબતે ભેળસેળ કરનારાઓ હુઝૂર ﷺનો આ પ્રસંગ વાંચી બોધ ગ્રહણ કરે. એકવાર એવી ''એકતાની ફોર્મ્યુલા'' કાફિરો થકી રજૂ થઈ કે, ''એક વરસ તમે અમારા મઅબૂદો (લાત, ઉઝ્ઝા)ની અમારી સાથે બંદગી (પૂજા) કરો અને એક વરસ અમે તમારા મઅબૂદ અલ્લાહની તમારી સાથે મળીને બંદગી કરીએ જેથી ઝઘડો ન રહે. પણ તેના જવાબમાં અલ્લાહે ''સૂરએ કાફિરૂન'' નાઝિલ કરી જેમાં છેવટે છે કે, ''તમારા માટે તમારો દીન છે મારા માટે મારો દીન.'' *(સીરતે ઝિયાઉન્નબી ﷺ, ૨/૨૧૦)* સારાંશ કે દીની મામલામાં ભેળસેળ શક્ય જ નથી.

## ★ કોઈની ખિદમતોને આડ બનાવી તેની ગુમરાહી તથા કુફ્રને પણ ભૂલાવી દેવાશે?! ★

કેટલાક પ્રો. તાહિરના દીવાનાઓને જ્યારે ઉપર વર્ણવી તેવી સર્વ ગુમરાહીઓ તથા કુફ્રી બાબતો વિશે જણાવવામાં આવે છે તો કહે છે કે, ''પ્રો. તાહિર સાહબે કેટલીય સ્કૂલો, કોલેજો ક઼ૌમ માટે સ્થાપી, સેંકડો કિતાબો લખી, અસંખ્ય બયાનો કર્યાં......... વગેરે. જેથી એ આ સદીના મુજદ્દિદ છે !'' અરે ભાઈ ! શું મુજદ્દિદ તેને કહેવાશે જે સ્ટેજો પર ઈસ્લામી શરીઅત વિરુદ્ધ કામો પણ કરે તથા કરવા દે ?! અને સર્વ ફિર્ક઼ાને સમાન ગણી સર્વથી ભાઈચારો તથા મહોબ્બત રાખવા કહે પછી ચાહે તે સહાબાના ગુસ્તાખ હોય કે નબીના ગુસ્તાખ હોય ?! અને સ્વેચ્છાએ સર્વધર્મની પ્રાર્થના તથા ભક્તિ પણ સામે ચાલીને કરાવે ! અલ્લાહ તઆલા સિવાય અન્ય બાતિલ મઅબૂદને યાદ કરવું, તેનો ઝિક્ર કરવું કુફ્ર છે તે કામ કરવાની સ્વેચ્છાએ રજા આપે ! તો શું ઈસ્લામમાં એ

જાઈઝ છે ? અને ઉપર દર્શાવ્યાં તે કામો ઈસ્લામમાં જાઈઝ છે ?! જો એવું જ હોય તો સર સૈયદ અહમદે મુસ્લિમોની તરક્કી માટે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી સ્થાપી એ ઓછુ મહાન કાર્ય તે દૌરમાં કર્યું ? છતાં તેમના ઈસ્લામ વિરુદ્ધના અક઼ીદાઓને કારણે ઉલમાએ અહલે સુન્નતની નજરથી તે ઉતરી ગયા, અને કુર્આની આયતોની મનમાની ગલત તાવીલો કરીને ઈસ્લામી અક઼ીદાનું આખુ માળખુ બદલવાની કોશિશ કરનાર આ સર સૈયદ અલીગઢી નેચરી ફિર્ક઼ાના સ્થાપક તરીકે ઓળખાયા. **ગમે તેવાં ક઼ૌમની ભલાઈનાં કામો ઈસ્લામના પાયાના અક઼ીદામાં છૂટછાટ મૂકીને કોઈ કરે તો તે કામોને કારણે તેમને શું શરીઅતના હુકમમાંથી મુક્તિ મળી જશે કે જેવું ફાવે તેવું કરે ?!** તેમને સર્વ માફ છે ?! હરગિઝ નહીં ! દરેકે નબી, સહાબા, તાબઈન તથા બુઝુર્ગોની રાહ પર, તેમના મુજબના ઈસ્લામી અક઼ીદા પર રહેવું જ પડશે.

અરે ! જેના હાથ નીચે છ લાખ ગૈર મુસ્લિમો કલ્મો પઢી મુસલમાન થયા હતા તે વાસિલ ઈબ્ને અતાએ (મોઅતઝલા ફિર્ક઼ાનો સ્થાપક) નવા અક઼ીદા કાઢયા તો તેને હઝરત હસન બસરી رحمۃ اللہ علیہએ પોતાની મજલિસથી મરદૂદ કરીને કુફ્રનો ફત્વો આપ્યો ! તેની ખિદમતો લક્ષમાં લઈને તેને કન્સેશન નથી આપવામાં આવ્યું ! કે ભલે હવે ! તેણે છ લાખ લોકોને મુસલમાન તો બનાવ્યા !

પ્રોફેસર તાહિર સાહબની અનેક ગુમરાહીઓને લીધે જ કેટલાયે ઉલમાએ તેમને **"ક઼ાદરી"** નહીં **"પાદરી"** સુદ્ધાં કહેલ છે. તથા હિંદ તેમજ પાકિસ્તાનના અસંખ્ય ઉલમાએ પ્રો. તાહિરને ગુમરાહ ઠરાવેલ છે, જેમ કે ગિઝાલીએ દૌરાં અલ્લામા અહમદ સઈદ કાઝમી, મુફ્તી વક઼ારુદ્દીન, અલ્લામા અબ્દુર્રશીદ જંગવી,





અલ્લામા અબ્દુલહકીમ શરફ ક઼ાદરી, મુફ્તી આસિફ જલાલી, મુફ્તી ગુલામ સરવર ક઼ાદરી, મુફ્તી અશરફુલ ક઼ાદરી, મુફ્તી તક઼દુસ અલીખાં, મુફ્તી મુહમ્મદ હુસૈન ક઼ાદરી, અલ્લામા અતા મુહમ્મદ બંદયાલ્વી, અલ્લામા પીર સૈયદ મુઝફ્ફર શાહ, અલ્લામા કૌકબ નૂરાની, અલ્લામા ઈરફાન શાહ મશ્હદી, તેમજ હિંદમાં હુઝૂર તાજુશ્શરીઅહ્ અખ્તર રઝા અઝહરી–બરેલી શરીફ, મુહદ્દિષે કબીર અલ્લામા ઝિયાઉલ મુસ્તફા, મુફ્તી શમશાદ સાહબ–ઘૌસી, મુફ્તી અશરફ રઝા (રતનપુર) મુફ્તી નઝરુલ હક્ક઼ મિસ્બાહી–થામ, મુફ્તી શહાબુદ્દીન અશરફી–કછૌછા શરીફ.....વગેરે. તેમજ અન્ય ફત્વા હજી પ્રસિદ્ધ થઈ રહ્યા છે. અમોએ યુ.પી. તથા ગુજરાતના ઘણા દારુલ ઈફતાવાળાઓને આ બાબતે સવાલ મોકલેલા છે પણ હજી જે દારુલ ઈફતાવાળાઓ કોઈ દુનિયવી મસ્લેહતમાં કે કોઈના દબાવમાં ફતવાને દબાવીને બેઠા છે અને આટલી ગંભીર બાબતે શરઈ હુકમ બહાર નથી પાડતા તેઓ ક઼ૌમને ગુમરાહીથી બચાવવાને પોતાની અવ્વલ ફરજ સમજીને સત્ય જાહેર કરે એવી અપીલ છે.

સારાંશ કે હજી પણ અમારા તે સુન્નિયતના દાવેદાર ભાઈઓ જેઓ પ્રો. તાહિરના અતિ પ્રભાવ હેઠળ રહીને અને પ્રો. તાહિરના કથનો તેમજ વર્તનોને જાણે ''વહી'' સમજી લેતા હોય તેમ તેમની કડવી મીઠી દરેક કેપ્સુલ ગળે ઉતારતા જાય છે અને અમારી સત્ય વાતોથી નારાજગી દર્શાવી રહ્યા છે તેઓ ઘેટાં જેમ ગાડરીયા પ્રવાહમાં ન જાય અને ગંભીરતાથી ફેર વિચારણા કરીને સીધો માર્ગ અપનાવી લે એવી નમ્ર અરજ છે. વમા તૌફીક઼ી ઈલ્લા બિલ્લાહ.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ, નવેમ્બર–૨૦૧૧)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(પ્રકરણ : ૨)

# પ્રો. તાહિરુલ ક઼ાદરીની વિશે

## ઉલમાએ અહલે સુન્નતના ફત્વા

રજૂકર્તા : **જનાબ મૌલાના ઈસ્માઈલ અમજદી રોઝાટંકારવી (સૂરત)**

*પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબ સંબંધે તેમની અમુક કિતાબો તથા બયાનો તથા કેટલીક પ્રવૃત્તિઓ જેમાં બાતિલ ફિર્ક઼ાવાળાથી ભેળસેળ તથા એકતાની વાતોને લઈને તથા ઈજમાએ ઉમ્મત વિરુદ્ધ ફત્વાઓ વગેરેને લઈને તેમના જ માદરે વતન પાકિસ્તાનના ટોચના ઉલમાએ અહલે સુન્નતે તેમને ગુમરાહ હોવાના ફત્વા આપ્યા છે, તદ્ ઉપરાંત હિંદુસ્તાનના અહલે સુન્નતના મર્કઝ બરેલી શરીફથી તથા અન્ય દારુલ ઈફતાથી તેમના ગુમરાહ હોવાના ફત્વા પ્રસિદ્ધ થયેલા જ છે. અત્રે તેમની કિતાબ **"ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?"**ના લખાણો સંબંધે હિંદના ઉલમાએ અહલે સુન્નતના ફત્વા રજૂ કરીએ છીએ જેનાથી અસલ હક઼ીક઼ત લોકો સમજીને ગુમરાહીથી બચી શકે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

શું ફર્માવે છે દીનના ઉલમા તથા શરીઅતના મુફ્તી સાહબો નીચેના લખાણો બાબતે જેના હેઠળ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે કે એક કિતાબ "ફિર્ક઼ાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર





મુમ્કિન હૈ ?" નામની છે જેના લેખક પ્રોફેસર ડૉ. તાહિરુલ ક઼ાદરી સાહબ છે.

★ તેના પેજ નં. ૨૪ પર લખ્યું છે :–

*"એ વાત પણ સારી પેઠે દિમાગમાં બેસાડી લેવી જોઈએ કે ખુદા તથા રસૂલે કોઈ પણ ફિર્ક઼ા તથા મસ્લકના નામ પર જન્નતનો પરવાનો બહાર નથી પાડયો. જો કોઈ એ ભરમમાં સંડોવાયેલો હોય કે તે ફલાણા મસ્લકથી સંબંધિત હોવાના કારણે જન્નતનો હક઼્ક઼દાર છે તો એ તેનો ફોગટનો ખયાલ તથા સ્વજાતને ધોકો આપવું છે."*

**સવાલ નં ૦૧** : શું ખરેખર ખુદા તથા રસૂલે કોઈ ફિર્ક઼ાના નામ પર જન્નતનો પરવાનો બહાર નથી પાડયો ? જો નહીં, તો પછી હદીષે પાક ستفترق امتی (મારી ઉમ્મત ૭૩ ફિર્ક઼ામાં વહેંચાઈ જશે જેમાંથી એક જ જન્નતી છે......)નો શો મતલબ છે ?

★ પેજ નં. ૨૫ પર લખે છે :–

*"બખ્શિશ તથા મગફેરતનો દારોમદાર કોઈ તબક઼ા કે ફિર્ક઼ાના હેઠળ હોવાના આધાર પર નથી, બલ્કે દરેક શખ્સના અંગત અક઼ીદા તથા નેક અમલના સબબે ખુદાના ફઝલો કરમ પર છે. નજાતની કસોટી એ નથી કે તે કયા ફિર્ક઼ામાંથી છે, બલ્કે એ છે કે તે ખુદા તથા રસૂલની તા'લીમાતથી કેટલો નિકટ છે ? સરવરે દોજહાં ﷺની મહોબ્બત તથા આજ્ઞાપાલનમાં કેટલા અંશે સાચો છે અને પોતાના ચિંતન તથા અમલ થકી ઈસ્લામ ધર્મનો કેટલો પાલન કરનારો તથા વફાદાર છે."*

★ એ જ પેજ પર લખે છે :–

*"એ હકીકત છે કે મિલ્લતની એકતાના ખયાલને ફિર્કાપરસ્તીના હાથે નિવારી ન શકાય એવું નુકસાન પહોંચ્યું છે અને પહોંચી રહ્યું છે. આ લઅનત આપણી જિંદગીના માટે હળાહળ ઝહેરનો દરજો ધરાવે છે."*

**સવાલ નં ૦૨** : શું ખરેખર બખ્શિશ તથા મગફેરતનો દારોમદાર કોઈ તબકા તથા ફિર્કાના હેઠળ હોવાના લીધે નથી ? તો પછી હદીષ **ما انا عليه واصحابى** (હું અને મારા સહાબા જે તરીકા પર છે)ના આધાર પર નજાત પામનાર (નાજી) જમાઅત અહલે સુન્નતની બખ્શિશ તથા મગફેરતનો દારોમદાર રાખવાનો શો અર્થ થશે ? શું નજાતની કસોટી પ્રોફેસર સાહબ જે વર્ણન કરી રહ્યા છે એ બરાબર છે ?

**સવાલ નં ૦3** : આ કિતાબ લેખક અહીં ફિર્કાપરસ્તીના ખાત્માની વાત કરીને મિલ્લતની એકતા સ્થાપવાનું કહે છે, જ્યારે સૈયદે આલમ ﷺએ ફર્માવ્યું કે ૭૨ જહન્નમી થશે, તો શું એ ૭૨ને ભેગા કરીને મિલ્લતની એકતા સ્થાપવી જાઈઝ છે ?

★ પેજ નં. ૨૬ પર પ્રોફેસર સાહબ લખે છે :–

*"એકતા તથા ભાઈચારાના ઉત્તેજન અને ફિર્કાપરસ્તીના ખાત્માના માટે નીચે પ્રમાણે નિયમો તથા બંધારણ પર આધારિત એક સર્વવ્યાપી અમલી દસ્તૂર તૈયાર કરવો જોઈએ. નિયમ (૧) : અકીદા તથા અમલનું સમાન પાસુ તથા એકતાનો સબબ."*





**સવાલ નં ૦૪** : જરૂરિયાતે દીનના મુન્કિરો (નકારનારાઓ જેમ કે વહાબી, કાદયાની, શીઆ વગેરે)ના સાથે અમુક અકીદા તથા અમલો દા.ત. અલ્લાહનું એક હોવું, મુહમ્મદ ﷺનું અલ્લાહના રસૂલ હોવું, કુર્આનનું અલ્લાહનું કલામ હોવું, ખાનએ કા'બાનું કિબ્લો હોવાની સમાન માન્યતાના આધારે એકતા શક્ય છે ? જે માન્યતાની ફક્ત આવી સમાનતાના આધારે એકતાની વાત કરે તો શરીઅતની રૂએ એના માટે શો હુકમ છે ?

★ પેજ નં. ૨૭ પર છે :–

*"નિયમ (૪) દીની તા'લીમના માટે મિશ્ર (દરેક ફિર્કાવાળા ભેગા હોય તેવા) ઈદારાની સ્થાપ્ના."*

★ પેજ નં. ૩૧ પર અકીદાઓ તથા "અમલોના સંયુક્ત પાંસાઓ અને એકતાના સબબો"ના હેઠળ ફર્માવે છે :–

*"આ એક રદ ન કરી શકાય એવી હકીકત છે કે તમામ ઈસ્લામી ફિર્કાઓ વચ્ચે પાયાની તથા અકીદાની બાબતો સૌ સમાન છે. ઈસ્લામી અકીદાઓનું આખુ બંધારણ એ જ સમાન પાયાઓ પર ઉભેલુ છે. મુસલમાનોમાંથી કોઈપણ કોઈ નબી કે રસૂલની શરીઅતનો ન ઈન્કાર કરે છે, ન ઈસ્લામ સિવાય કોઈ અન્ય દીનને માને છે. સર્વ મુસ્લિમો તૌહીદ તથા રિસાલત, વહી તથા આસ્માની કિતાબોના ઉતરાણ, આખેરતના થવાને, ફરિશ્તાઓના અસ્તિત્વ, હુઝૂર ﷺના આખરી નબી હોવાને, નમાઝ, રોઝા, ઝકાત તથા હજ્જની ફર્ઝિયત વગેરે જેવા અકીદાઓ તથા અમલો પર સમાનપણે ઈમાન ધરાવે છે, અને જો ક્યાંક કોઈ*

*મતભેદ છે તો કેવળ ઉપર ઉપરની હદ સુધીનો અને તે પણ તેમની ઈલ્મી એ'તબારથી વિવિધ તફસીલમાં અને ઈલ્મે કલામની સ્પષ્ટતા નિશ્ચિત કરવામાં છે, એનાથી ઈસ્લામના અક઼ીદાઓના પાયાઓ પર કોઈ અસર પડતી નથી.''*

**સવાલ નં ૦૫** : શું કલ્મા, નમાઝ, રોઝા, ઝકાત સિવાય અહલે સુન્નતનો અન્ય ફ઼િર્ક઼ાઓ સાથે કોઈ પાયાનો મતભેદ નથી ? શું જરૂરિયાતે દીન અને જરૂરિયાતે અહલે સુન્નત આ જ છે કે જેના પર એકતાનો પાયો રાખવામાં આવે ? શું ઉપર વર્ણવેલ ચીજો જ પાયા છે ? એના સિવાયના અન્ય ફ઼િર્ક઼ાઓ સાથે સર્વ મતભેદો ઉપર છલ્લા છે ?

★ પેજ નં. ૩૫ ઉપર આયતે કરીમા :–

**قل يا اهل الكتاب تعالوا الىٰ كلمة سواء بينناوبينكم** ''હે કિતાબીઓ ! આવો ! તમારા અમારા દરમ્યાન જે વાતો સમાન છે તેના તરફ.'' *(આલિ ઈમરાન, આ. ૨૪)*ના થકી હુઝૂર صلى الله عليه وسلمના દૌરનો હવાલો આપીને લખે છે :–

*''અને ઈસ્લામી રાજ્યની મજબૂતીના ખાતર ગૈર મુસ્લિમો એટલે યહૂદીઓ તથા ઈસાઈઓને એક સમાન મુદ્દાના આધાર પર એકતાની દા'વત આપી શકાય છે તો શું કારણ છે કે એક ખુદા, એક નબી, એક કિતાબ, એક દીન, અને એક કા'બાના માનનારાઓના વચ્ચે કલમાના એલાનના માટે એકતા તથા ઈત્તેહાદના નષ્ટ ન થનારા સંબંધો સ્થાપી ન શકાય અને એક મિલ્લતનો ખયાલ એક જીવતી જાગતી હક઼ીક઼ત ન બની શકે ? પરંતુ આ કેટલી*





*કમનસીબી છે કે આજે તૌહીદના ફરઝંદો (મુસ્લિમો) આક઼ાએ દોજહાં صلى الله عليه وسلمની આ સુન્નતથી ઘણા દૂર ચાલ્યા ગયા છે. ફ઼િર્ક઼ાબંદીના પૂર્વગ્રહથી તેઓ સીધા માર્ગેથી ભટકી ગયા છે, વિવાદ તથા વિખવાદની ગુમરાહ કરનાર રાહોમાં ખોવાઈ ગયા છે, એમને એટલુ પણ યાદ નથી રહ્યું કે તેમના દરમ્યાન સર્વ પાયાની બાબતો સમાન હતી.''*

**સવાલ નં ૦૬** : હિજરત બાદ સરકાર صلى الله عليه وسلمએ મદીના મુનવ્વરામાં યહૂદીઓથી ક઼રાર કર્યો હતો એને આધાર બનાવીને વર્તમાનકાળના મુસલમાનના નામથી ઓળખાતા ફ઼િર્ક઼ાઓ (વહાબી, નેચરી, ક઼ાદયાની, શીઆ વગેરે)ના સાથે એકતા કરવામાં આવી શકે છે ? જો નહીં તો શા માટે ?

★ પેજ નં. ૩૭, ૩૮ પર લખે છે :–

*''બિહમ્દિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અક઼ીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અક઼ીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે જેની સ્થિતિ સમજવામાં ફેરફારની જેમ છે, એટલા માટે તબ્લીગી બાબતોમાં પાયાના અક઼ીદાના વર્તુળને છોડીને કેવળ ઉપર છલ્લી બિન પાયાની વાતોમાં ઉલઝીને તેના આધારે બીજા મસ્લકને ટીકાટીપ્પણનું નિશાન બનાવવું કોઈ રીતનુ શાણપણ તથા ન્યાયયુક્ત નથી.*

**સવાલ નં ૦૭** : શું ખરેખર એ ફ઼િર્ક઼ાઓ વચ્ચે કોઈ પાયાનો મતભેદ નથી ? શું કેવળ સમજફેરનો તથા ઉપર

ઉપરનો મતભેદ છે ? અને અહલે સુન્નત વ જમાઅતના જે મહાન તથા અગ્રગણ્ય ઉલમાએ એ કહેવાતા મુસલમાનોના અન્ય મસ્લકો તથા વિચારશ્રેણીના કેન્દ્રોને ટીકા ટીપ્પણીનો નિશાનો બનાવ્યો છે તો એમનું એ કામ ખરેખર શાણપણ તથા ન્યાયના માર્ગથી વિરુધ્ધ છે ? મહેરબાની કરીને વિગતવાર તથા દલીલસભર જવાબ અર્પણ કરશો.

★ પછી થોડીક લીટીઓ બાદ ઉલમા તથા ખતીબોને મશ્વરો આપતાં પ્રોફેસર સાહબ લખે છે કે :–

*''સારાંશ કે આપણા અકીદાઓનો આખો મહેલ હાલકડોલક તથા ડામાડોળ છે જેથી અત્યારે આપણે અકીદાના કલામયાતી પાસાંઓ પર અધિક જોર આપવાના બદલે તે ઈમાનને લગતા તથા ઈન્કિલાબી પાસાંઓ પર જોર આપવું જોઈએ જેનાથી મુર્દા અકીદાઓ ફરીથી જીવંત થઈ જાય.......જો આલિમો તથા મુકર્રિરો આ દિશામાં ધ્યાન આપે તો તેઓ પોતે જ મહસૂસ કરી લેશે કે આ અંદાઝની તબ્લીગ તથા તકરીર અસંખ્ય વિવાદો તથા મતભેદોથી આપોઆપ પાક થઈ જશે અને જો અમુક પાસાંઓની સ્પષ્ટતામાં અમલી મતભેદને જરૂરી સમજે તો એમનું બયાન પણ કેવળ પોઝિટિવ તરીકાથી કિતાબ તથા સુન્નતની રોશનીમાં એ રીતે કરી દેવામાં આવે કે કોઈ અન્ય મક્તબે ફિક (અન્ય વિચારશ્રેણીવાળા ફિર્કા)નો મુદ્દો ટીકાનો નિશાન ન બને.''*

★ પેજ નં. ૩૯ પર લખે છે :–

*''તબ્લીગના માટે આ એક એવો વિષય છે જેના પર*





*કોઈ મસ્લકના વચ્ચે મતભેદનો અવકાશ નથી. સમાજ સુધારણાનો સામૂહિક ફરીઝો સર્વ ફિર્કાઓના મુસલમાનો પર મસ્લક તથા અકીદાના લેહાઝ વિના સમાનપણે લાગુ થાય છે. સામાજિક બુરાઈઓ તથા ખરાબીઓના વિરુદ્ધ સર્વવ્યાપી જેહાદ સમયની મહત્વની જરૂરત છે જેમાં મસ્લકથી આંખ આડા કાન કરીને તમામ મુસલમાનોએ મળીને હિસ્સો લેવો જોઈએ. જેથી તબ્લીગ તથા તકરીરનો અન્ય વિષય એ હોવો જોઈએ કે આપણી જિંદગીના બગડેલા બલ્કે તબાહ થયેલા અમલી માળખાને કઈ રીતે સુધારી શકાય ?''*

**સવાલ નં ૦૮** : શું પ્રોફેસર સાહબનો આ મશ્વરો શરીઅતની રૂએ યોગ્ય છે ? અને ઉપરોક્ત લખાણમાં ''તમામ ફિર્કાના મુસલમાનો'' શબ્દથી માલૂમ થાય છે કે તમામ ફિર્કા મુસલમાન છે, તો શું શરીઅતની રૂએ એના પર કોઈ પકડ છે ? અને શું અહલે સુન્નતના ખતીબો ફિર્કાઓની કિતાબોના હવાલા આપીને પબ્લિકને તેમની બદ્અકીદગીથી માહિતગાર ન કરે ? અને કરે તો કેવળ પોઝિટિવ અંદાઝમાં જ કરે ?

★ પેજ નં. ૪૨ પર ડૉ. સાહબ લખે છે :–

*''આપણે એ વાત પર વિચારણા કરવી જોઈએ કે આપણામાંથી કેટલા છે જેઓ સમજ્યા વિચાર્યા વિના એકબીજાને કાફિર, મુશ્રિક, બિદઅતી, ગુસ્તાખે રસૂલ, લઅનતી અને જહન્નમી કહી રહ્યા છે. સવાલ એ છે કે આ કાફિર તથા ફાસિક ઠરાવવાના હેઠળ જો સર્વ આવી જશે તો પછી મુસલમાન કોણ બચશે ?! હુઝૂર ﷺ નો ઈર્શાદ છે :*

*મારી ઉમ્મતની નસ નસમાં તૌહીદ એવી રીતે પ્રવેશી ચૂકી છે કે મને એમના ફરીવાર શિર્કની તરફ પલટી જવાનો તદ્દન અંદેશો નથી."*

★ પેજ નં. ૪૩ પર :–

**افلا شققت عن قلبه حتیٰ تعلم من اجل ذالك قالها ام لا**

"શું તેં એના દિલને ચીરીને જોઈ લીધુ કે તેણે સાચા દિલથી કહ્યું છે કે નહીં ?!" (સુનને અબૂ દાઊદ, પેજ નં. ૪૫, ભાગ : ૩, કિતાબુલ જેહાદ, પ્રકરણ : "મુશ્રિકો સાથે કઈ વાત પર જંગ કરવી એના વિશે", હદીષ : ૨૬૪૩)ના હેઠળ લખે છે :–

*"આનાથી એ મસ્અલો હમેશાંના માટે નિશ્ચિત થઈ ગયો કે દિલનો હાલ ખુદા તથા એના જણાવ્યાથી તેના રસૂલ સિવાય કોઈ નથી જાણતુ. હવે કોઈનો એ દાવો કરવો કે ફલાણો કલમો પઢનારો મુનાફિક઼ તથા કાફિર છે, એ જાતે પોતાને ખુદા વ રસૂલના સ્થાન પર બેસાડવા સમાન નથી તો બીજુ શું છે ?"*

**સવાલ નં ૦૯** : જો કોઈ કલ્મો પઢનાર જીભ વડે જરૂરિયાતે દીનનો ઈન્કાર કરે (નકારે) તો તેના પર શરીઅતનો કોઈ હુકમ લાગશે નહીં ?! જનાબનુ આ કથન છે કે "દિલનો હાલ ખુદા તથા તેના જણાવવાથી તેના રસૂલના સિવાય કોઈ નથી જાણતુ" પણ ઉલમાએ અહલે સુન્નત કોઈ પણ હુકમ હોય કુર્આન તથા હદીષની રોશનીમાં જ વર્ણવે છે તો શું ઉપરોક્ત લખાણો અહલે સુન્નતના ઉલમા પર આક્ષેપ નથી ?





★ પેજ નં. ૫૪ પર લખે છે :–

*કોઈ વાઈઝ તથા મુબલ્લિગને મિમ્બર પર ઉભા રહીને એ હક્ક઼ નથી પહોંચતો કે તે કોઈના ઉપર પોતાનો મસ્લક અને માન્યતાને જબરદસ્તી લાગુ પાડે અને મતભેદ ધરાવનારને ઈસ્લામના વર્તુળથી બહાર કરી આપે."*

**સવાલ નં ૧૦** : જરૂરિયાતે દીન અને મઝહબે અહલે સુન્નત વ જમાઅતથી મતભેદ ધરાવનારને ઈસ્લામના વર્તુળ થી બહાર ઠરાવવુ એ જબરદસ્તી તથા ઈસ્લામની વિરુદ્ધ કાર્ય છે ? શું ઉલમાએ અહલે સુન્નતને એ હક્ક઼ નથી પહોંચતો કે તે એવા શખ્સને કાફિર તથા ગુમરાહ ઠરાવે.

★ પેજ નં. ૫૯ પર લખે છે :–

*મઝહબનો ખયાલ રાખવા સંબંધે એક અન્ય મહત્વનો ઉસૂલ જે વિચાર ચિંતન તથા ધ્યાનનો મોહતાજ છે તે ઉલમાએ કિરામ તથા મુબલ્લિગોની તા'લીમ તથા ટ્રેનિંગના માટે એવા ધાર્મિક ઈદારાઓની સ્થાપ્ના તથા વ્યવસ્થાના સંબંધે છે જ્યાં મસ્લક મુજબના સંકૂચિતપણાથી પર થઈને દરેક મસ્લક તથા વિચારશ્રેણી (મક્તબે ફિક્ર)ના વિદ્યાર્થીઓ એક આઝાદ માહોલમાં દર્સ તથા તદરીસ (અભ્યાસ પામવાના) મોક઼ાઓથી લાભ ઉઠાવી શકે. એશિયાખંડમાં ફિર્ક઼ાવારાના ખેંચાખેંચીનો પ્રારંભ વિવિધ મસ્લકોની દીની દર્સગાહો તથા મદ્રસાઓની અલગ અલગ સ્થાપ્નાથી થયો. આ અતિશય અફસોસનાક વાત હતી કે એ દૌરમાં વિવિધ મકાતિબે ફિક્ર (વિચારશ્રેણી)ના અલગ અલગ મદરસા અસ્તિત્વમાં આવી ગયા. એ દર્સગાહોથી તા'લીમ તથા*

*કેળવણી પામેલા વિદ્યાર્થીઓ ખાસ માહોલમાં ઈલ્મ પ્રાપ્ત કર્યા બાદ જ્યારે બહાર નીકળ્યા અને ઈલ્મ તથા ઈર્શાદના સ્થાને બેઠા તો તેમના દિલો દિમાગ મસ્લકના માળખાંઓમાં ઢળેલાં હતાં અને તેમના અમલો તથા કિરદાર પર એ નિસ્બતોની ગાઢ છાપ તરી આવતી હતી. ઉલમાની એ ખેપ મસ્જિદોના મેહરાબ તથા મિમ્બરથી દીનના પાયાની માન્યતાઓથી નજર હટાવીને પોતપોતાના મસ્લક તથા અક઼ીદાઓનો પ્રચાર કરવા લાગી. ઉપર ઉપરની બાબતોમાં ઉલઝીને ઉલમા એકબીજાને ઝઘડાળુ એતબારથી ટીકા ટીપ્પણનું નિશાન બનાવવા લાગ્યા. આ રીતે મસ્લકી રવાદરી (દરગુઝરવૃત્તિ)થી ઉલ્ટુ કટ્ટરવાદપણુ મજબૂત થતુ ગયું અને ફિર્ક઼ાપરસ્તી અને ભાગલાવૃત્તિની આગ ભડકી ઉઠી. જેનાથી વિવાદ તથા વિખવાદ, ફિત્ના ફસાદ અને નાઈત્તેફાક઼ીએ જન્મ લીધો અને મિલ્લતની એકતાના ખયાલને અસહ્ય નુકસાન પહોંચ્યું જેના પરિણામે ઉમ્મત ગ્રૂપો તથા ટુકડાઓમાં વહેંચાઈ ગઈ એનાથી ઈસ્લામની સામૂહિક હૈસિયત કમજોરી તથા પડતીની શિકાર થઈ ગઈ. આ સંજોગો જોતાં દર્દે દિલ રાખનારો દરેક મુસલમાન રંજમય છે. મસ્લકી રવાદરી (દરગુઝરવૃત્તિ) તથા વિશાળ સિલસિલાવાળાને ફરીથી એક પ્લેટફોર્મ પર લાવવા માટે વિશાળ કક્ષાએ એવા મદરસાઓ સ્થાપવાની સખત જરૂરત છે જ્યાં દરેક વિચારશ્રેણી (મક્તબે ફિક્ર = ફિર્ક઼ા)થી સંબંધ ધરાવનારા તલબા (વિદ્યાર્થીઓ) આઝાદ માહોલમાં તા'લીમ હાંસલ કરે અને આ રીતે આપસમાં ભેળસેળથી ખુશગવાર અને તંદુરસ્ત દીની વાતાવરણ સ્થાપિત થઈ શકે.*





*આવા ઈદારા (મદરસાઓ)ના ફારિગ થનારા ઉલમા જ્યારે અમલી જિંદગીમાં દાખલ થશે તો તેમની દર્સ તથા શિક્ષણ આપવાની તથા પઢવા પઢાવવાની સ્ટાઈલ મુનાઝરાના નહીં બલ્કે પોઝિટિવ, પુરવક઼ાર, અમલી, તહક઼ીક઼ી, ઈસ્તેખરાજી અને પ્રેમાળ અંદાઝની હશે.''*

**સવાલ નં ૧૧ :** દેવબંદી મોલ્વી ક઼ાસિમ નાનોત્વીનું સરકારે દોજહાં ﷺના અંતિમ નબી હોવાનું ઈન્કાર કરવું, અશરફઅલી થાનવીનું હુઝૂર ﷺના ઈલ્મને મઆઝલ્લાહ ! જાનવરો, પાગલો, બાળકો, ચોપગાંઓના ઈલ્મ સાથે સરખાવવું, મોલ્વી ખલીલ અંબેઠવીનું એ કહેવું કે સરકાર ﷺનો ઈલ્મ ઓછો અને શૈતાન મરદૂદનો ઈલ્મ વધારે, મૌલ્વી રશીદ અહમદ ગંગોહીનું એ કહેવું કે અલ્લાહ જૂઠુ બોલી શકે છે,........શું આ સર્વ બાબતો ઉપર ઉપરના મસાઈલ છે ? અને રહી ગયા ફુરૂઈ (ઉપર છલ્લા) મસાઈલ દા.ત. ફાતિહા, મીઠાઈ વહેંચવી, નઝરો ન્યાઝ, મઝારોની હાજરી, ચાદર ચઢાવવી વગેરે. તો શું અહલે સુન્નતના ઉલમાએ આ ફુરૂઈ (ઉપર છલ્લા) મસાઈલમાં મતભેદો ખડા કર્યા છે કે ન્યાયિક રીતે કર્યા છે ? તથા મુન્કિરોની ટીકા ટીપ્પણ પોતાની અંગત અદાવતના લીધે કરી છે કે શરીઅતની રક્ષાના ખાતર કરી છે ? જે ઉલમાએ કિરામે ઉસૂલી તથા ફુરૂઈ (અસલી તથા ઉપર છલ્લા) મસાઈલમાં પોતાના દીની ફરીઝાને સારી રીતે અંજામ આપ્યો, તેમની ખિદમતોના સંબંધે એવું કહેવું, ''જેનાથી વિવાદ તથા વિખવાદ, ફિત્ના ફસાદ અને નાઈત્તેફાક઼ીએ જન્મ લીધો અને મિલ્લતની એકતાના ખયાલને

અસહ્ય નુકસાન થયું.'' એ કેવું છે ? શું આવુ કહેનાર પર નબીના વારસો (ઉલમા તથા અવલિયા)ની તૌહીનનો હુકમ નહીં લાગે ?

**સવાલ નં ૧૨** : પ્રોફેસર સાહબ કહે છે કે, ''એવા દીની શિક્ષણ આપતા ઈદારા સ્થાપ્વામાં આવે કે જ્યાં દરેક મક્તબે ફિક્ર (ફિર્કાવાળા) તલબા હોય, આઝાદી ભર્યો માહોલ હોય, આપસમાં ભેળસેળ–મેળમિલાપ હોય.'' તો શું આ ત્રણેવ ચીજોના એકત્ર થવાથી ખુશગવાર તથા તંદુરસ્ત વાતાવરણ સ્થાપિત થઈ શકે છે ? શું આ સુલેહ કુલ્લિયતની તા'લીમ નથી ? શું શરીઅતમાં આવા મશ્વરાઓ પ્રમાણે મદ્રસાઓ તથા ઈદારાઓ સ્થાપવાની ઈજાઝત છે ?

★ પેજ નં. ૭૬ પર લખે છે :–

*''ઉઘાડી ફિર્કાપરસ્તીના શિકાર એવા લોકો થયા જેમની તા'લીમો તર્બિયત ખાસ મસ્લકી માહોલમાં થઈ અને દીની મદ્રસાઓમાં તા'લીમ હાંસલ કરીને પછી તેઓ અમલી જિંદગીના મેદાનમાં પ્રવેશ્યા તો તેમણે મસ્લકની હિફાઝત અને પોતાના અક઼ીદા તથા માન્યતાઓની તબ્લીગને જ પોતાનો જીવન ધ્યેય બનાવી લીધો. આ રીતે ફિર્કાપરસ્તીની જડો ઊંડી થતી ગઈ. હવે ઈલ્લા માશાઅલ્લાહ ! આપણા ઉલમા તથા મુબલ્લિગોએ એની સિંચાઈને જ પોતાનો દીની ફરીઝો સમજી લીધો છે.''*

**સવાલ નં ૧૩** : પૂછવાનુ એ છે કે જેમની તા'લીમ તથા તર્બિયત ખાસ મસ્લકી માહોલમાં થઈ તેઓ ઉઘાડી ફિર્કાપરસ્તીના શિકાર બન્યા કે જેમની તા'લીમ તથા તર્બિયત





ખાસ મસ્લકી નહીં એવા ગૈર મસ્લકી માહોલમાં થઈ તેઓ ઉઘાડી ફિર્કાપરસ્તીના શિકાર બન્યા ?

તેમજ પ્રોફેસર સાહબ આગળ લખે છે : ''દીની મદ્રસાઓમાં તા'લીમથી સજ્જ થનારાઓએ પોતાના ખાસ અક઼ીદા તથા માન્યતાઓની તબ્લીગને જ પોતાનો જીવન ધ્યેય બનાવી લીધો.'' તો સવાલ એ છે કે દીની મદ્રસાઓ શું ફિર્કાપરસ્તીના અડ્ડા છે ? તેમજ અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓનો પ્રચાર ન કરે તો પછી ક્યા અક઼ીદાનો પ્રચાર કરે ? અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓ તથા માન્યતાઓનો પ્રચાર કરનારાઓને ફિર્કાપરસ્ત કહેવું અને એવું કહીને તેમને ટોણો મારવો કે, ''આપણા ઉલમા તથા મુબલ્લિગોએ તેની સિંચાઈને જ પોતાનો દીની ફરીઝો સમજી લીધો છે'' એ વાત કેટલા અંશે દુરુસ્ત છે ?

**અંતિમ સવાલ** : આ પ્રકારની કેટલીયે અન્ય વાતો પણ આ કિતાબમાં મૌજૂદ છે, તો શું આવી વાતો પોતાની કિતાબમાં લખનાર ગમે એટલા ભારપૂર્વક પોતાને સુન્ની બતાવે તો શું એને સુન્ની માની લેવામાં આવે ? તેનાં ઉપરોક્ત દર્શાવેલ લખાણો પર એના પર શરીઅતની રૂએ શું હુકમ લાગે છે ? તે ગુમરાહ કહેવાશે કે પછી એના લખાણોથી કુફ્ર પણ સાબિત થાય છે કે નહીં ?

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

## દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ-થામ (જિ. ભરૂચ)નો ફ઼ત્વો

**:: અલ્જવાબ ::**

**જવાબ નં ૦૧** : હદીષ શરીફમાં સ્પષ્ટ લખાણ છે કે, ''એક ફ઼િર્ક઼ો જન્નતી છે અને એના સિવાયના ફ઼િર્ક઼ા જહન્નમી છે.'' જેનાથી સાબિત થાય છે કે મૌલાના તાહિરુલ ક઼ાદરી સાહબે જે લખ્યું છે કે, ''ખુદા વ રસૂલે કોઈપણ ફ઼િર્ક઼ા તથા મસ્લકના નામ પર જન્નતનો પરવાનો બહાર પાડયો નથી'' એ **ગલત** છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૦૨** : હદીષ શરીફમાં છે : ''સહાબાએ પૂછયું, જન્નતી ફ઼િર્ક઼ો કોણ છે યા રસૂલલ્લાહ ?! ﷺ તો જવાબ આપ્યો કે, જેના પર હું અને મારા સહાબા છીએ તે જન્નતી ફ઼િર્ક઼ો છે.'' જેનાથી સાબિત થયું કે મૌલાનાએ જે લખ્યું છે કે, ''બખ્શિશ તથા મગફેરતનો દારોમદાર કોઈ ગ્રૃપ કે ફ઼િર્ક઼ાના હેઠળ હોવા પર નથી'' એ ગલત છે. તેમજ મૌલાના તાહિરુલ ક઼ાદરી સાહબે હદીષ શરીફના જે ૭૨ ફ઼િર્ક઼ાઓ સાથે સાથે મિલ્લી એકતા સ્થાપવાની વાત કરી છે એ પણ **ગલત** છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૦3** : જરૂરિયાતે દીનના મુન્કિર ફ઼િર્ક઼ાઓની સાથે સંગઠન તથા એકતા શકય નથી, જે શખ્સ એવા ફ઼િર્ક઼ાઓ





સાથે એકતાને જાઈઝ જાણે તે **ગુમરાહ** છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૦૪** : દીની તા'લીમના મિશ્ર ઈદારાઓની સ્થાપ્ના **શરીઅતની રૂએ જાઈઝ નથી.** અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૦૫** : તદ્ઉપરાંત એ પણ પાયાની ચીજો છે જેમાં અહલે સુન્નતનો તે ફ઼િર્ક઼ાઓ સાથે મતભેદ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૦૬** : હુઝૂર ﷺનું મદીના તયબહના યહૂદીઓ સાથે ક઼રાર કરવાને આધાર બનાવી વર્તમાનકાળના વહાબી, નેચરી, ક઼ાદયાની તથા શીઆ વગેરે સાથે **એકતા કરવી જાઈઝ નથી,** કેમ કે હુઝૂર ﷺ આંત્રિક તથા બાહ્ય ખતરાઓનો મુક઼ાબલો કરવાના માટે એકતા અમલમાં લાવ્યા, ન કે સર્વ બાતિલ મઝહબોને દીની એતબારથી સરખા જાણીને કરી હતી. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૦૭** : ચોક્કસ એ ફ઼િર્ક઼ાઓ વચ્ચે **અક઼ીદાઓના બારામાં પાયાનો મતભેદ છે** જેના કારણે અગ્રેસર ઉલમાએ તેમને કુફ્રના ફ઼ત્વા આપ્યા. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૦૮** : મૌલાના તાહિરુલ ક઼ાદરી સાહબનો આ મશ્વરો શરીઅતની રૂએ બરાબર નથી, અને સર્વ બાતિલ ફ઼િર્ક઼ાઓને મુસલમાન કહેવાથી **તેમના પર શરઈ પકડ લાગુ થાય છે.** અને અહલે સુન્નતના ખતીબો બાતિલ

ફિર્કાવાળાઓની કિતાબોનો હવાલો આપીને પબ્લિકને માહિતગાર કરે એ જરૂરી બાબતોમાંથી છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૦૯** : જો કોઈ કલ્મો પઢનાર જીભ વડે જરૂરિયાતે દીનનો ઈન્કાર કરે તો તેના પર શરીઅતની રૂએ કુફ્રનો હુકમ લાગશે. "દિલનો હાલ ખુદા તથા તેના બતાવવાથી તેના રસૂલના સિવાય કોઈ નથી જાણતુ, હવે કોઈનું એ દાવો કરવું કે ફલાણો કલ્મો પઢનાર મુનાફિક તથા કાફિર છે, એ પોતે પોતાને ખુદા વ રસૂલના સ્થાને બેસાડવા સમાન નથી તો બીજુ શું છે ?" આ પ્રોફેસર સાહબનું લખાણ એ અહલે સુન્નતના ઉલમા પર જરૂર આક્ષેપ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૧૦** : જરૂરિયાતે દીનના મુન્કિર (નકારનાર)ને ઈસ્લામના વર્તુળથી બહાર ઠરાવવો ઈસ્લામના આદેશના મુજબ છે અને અહલે સુન્નતના ઉલમાની એ જિમ્મેદારી છે કે એવા શખ્સને કાફિર ઠરાવે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૧૧-૧૨** : આ સર્વ ઉસૂલી (પાયાના) મસાઈલ છે અને ફુરૂઈ (ઉપર ઉપરના) મસાઈલમાં ઉલમાએ અહલે સુન્નતે જે મતભેદ કર્યો છે તે ન્યાયયુક્ત છે અને મુન્કિરોની જે ટીકા ટીપ્પણ કરી છે તે શરીઅતની રક્ષાના માટે જ કરી છે. એ ઉલમાની દીની ખિદમતોને વિવાદ તથા વિખવાદ અને ફિત્ના ફસાદ કહેવું જરૂર તે **ઉલમાની શાનમાં તૌહીન** છે. એવો ઈદારો સ્થાપવો જ્યાં દરેક મસ્લક તથા મક્તબે ફિક્ર





(સર્વ ફિર્કા)ના તલબા હોય, આઝાદીવાળો માહોલ હોય, આપસમાં મેલ મિલાપ-ભેળસેળ હોય એનાથી ખુશગવાર તથા તંદુરસ્ત વાતાવરણ સ્થાપિત નથી થઈ શકતુ, બલ્કે **એ સુલેહ કુલ્લિયતની તા'લીમ છે. શરીઅતમાં એવો ઈદારો સ્થાપિત કરવાની ઈજાઝત નથી.** અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ નં ૧૩** : વાસ્તવિક સ્થિતિ એ છે કે જેમની તા'લીમ તથા કેળવણી ખાસ નહીં એવા ગૈર મસ્લકી માહોલમાં થઈ તે સ્પષ્ટપણે ફિર્કાપરસ્તીના શિકાર થયા છે. દીની મદ્રસાઓ શરીઅત તથા તરીકતની રક્ષાના મહાન કિલ્લાઓ છે જે અહલે સુન્નતના અકીદાઓનો પ્રચાર કરે છે, **એમને ફિર્કાપરસ્ત કહેવું ગલત** છે. **એવો શખ્સ ગુમરાહ છે.** અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફ્તી) નઝરુલ હક્ક મિસ્બાહી

*(ખાદિમુલ ઈફ્તા, દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ-થામ, જિ. ભરૂચ-ગુજરાત) તા. ૩૧-૫-૨૦૧૧*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

## અહલે સુન્નતના રૂહાની મર્કઝ

## જામેઅ અશ્રફ-દરગાહ કછૌછા શરીફ (યુ.પી.)નો ફત્વો

**જવાબ નં ૧ તથા ૨ :** તિર્મિઝી શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, (અર્થ) : ''યહૂદી ૭૧ કે ૭૨ ફિર્કૃાઓમાં વહેંચાઈ ગયા. એ જ પ્રમાણે નસારા (ઈસાઈ) પણ વહેંચાઈ ગયા અને મારી ઉમ્મત ૭૩ ફિર્કૃાઓમાં વહેંચાઈ જશે.''

તિર્મિઝી શરીફમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہથી મરવી છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, (અર્થ) : ''મારી ઉમ્મત સાથે બરાબર એ બધુ થશે જે બની ઈસ્રાઈલ પર ગુજર્યું ત્યાં સુધી કે જો બની ઈસ્રાઈલમાં કોઈ એવો શખ્સ ગુજર્યો હોય જેણે જાહેરમાં પોતાની મા સાથે ઝિના કર્યો હશે તો મારી ઉમ્મતમાં પણ એવો શખ્સ થશે જે આ બદ્કારી કરશે. બની ઈસ્રાઈલ ૭૨ ફિર્કૃાઓમાં વહેંચાઈ ગયા અને મારી ઉમ્મત ૭૩ ફિર્કૃાઓમાં વહેંચાઈ જશે. તે **સર્વ ફિર્કૃા જહન્નમી થશે એક ફિર્કૃા સિવાય.** સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તે કયો ફિર્કૃો છે ? આપે ઈર્શાદ ફર્માવ્યો, **જે એ તરીકૃા પર હશે જેના પર હું અને મારા સહાબીઓ છીએ.''**





ઉપરોક્ત લખાણોથી એ વાત સ્પષ્ટ થાય છે કે ઉમ્મતે મુહમ્મદિયહ્ ૭૩ ફિર્કૃાઓમાં વહેંચાઈ જશે એમાંથી કેવળ એક ફિર્કૃો જન્નતી છે, બાકી તમામ ફિર્કૃાવાળા જહન્નમી છે, તે જન્નતી ફિર્કૃો અહલે સુન્નત વ જમાઅત છે. મુલ્લા અલી કૃારી رحمۃ اللہ علیہએ મિર્કૃાતમાં ઉપરોક્ત હદીષ હેઠળ જન્નતી ફિર્કૃા વિશે લખ્યું છે : (અર્થ) : ''એ વાતમાં કોઈ શંકા નથી કે રસૂલે અકરમ صلی اللہ علیہ وسلمની સુન્નત તથા સહાબાએ કિરામના તરીકૃાને અપનાવનારી જમાઅત અહલે સુન્નત વ જમાઅત જ છે.''

**અહલે સુન્નત વ જમાઅત તથા અન્ય બાતિલ ફિર્કૃાના વચ્ચે મતભેદ ઉસૂલ તથા અકૃીદાઓમાં છે, નહીં કે કેવળ શાખાકીય (ઉપર છલ્લા) મસાઈલ નવા ફિક્હી હુકમોમાં છે.** અહલે સુન્નત વ જમાઅત સિવાય તમામ બાતિલ ફિર્કૃાવાળા પોતાના ગલત અકૃીદાઓના સબબે જહન્નમના પાત્ર છે. જો કે અહલે સુન્નત વ જમાઅતના અમુક લોકો પણ જહન્નમમાં જશે પરંતુ તે પોતાની બદ્અમલીના સબબે જહન્નમમાં જશે, ન કે બદ્અકૃીદાઓના સબબે. શયખ અબ્દુલ હક્કૃ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ શરહે સફરુસ્સઆદતમાં ''હદીષે ઈફતેરાકે ઉમ્મત''ના વિશે ચર્ચા કરતાં લખે છે : (અર્થ) : ''તેમજ ઉમ્મતે મુહમ્મદિયહ્નું ૭૩ **ફિર્કૃાઓમાં વહેંચાઈ જવાથી મુરાદ ઉસૂલ તથા અકૃીદામાં વહેંચાઈ જવું છે,** નહીં તો ફુરૂઅ (શાખાકીય બાબતો) તથા ફિક્હી હુકમોમાં એનાથી વધારે ફિર્કૃા (ગ્રૃપો) છે અને **અકૃીદાના એતબારથી (૭૨ ફિર્કૃાઓનું) જહન્નમમાં દાખલ થવું અને (એક નાજી એટલે નજાત પામનાર ફિર્કૃા)નું નજાત**

**પામવું મુરાદ છે,** ન કે અમલના એ'તબારથી, નહીં તો અમલની સજાના રૂપે તો નાજી (નજાત પામનાર) ફિર્કાવાળાએ પણ જહન્નમમાં દાખલ થવું શક્ય છે.

શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہના ઉપરોક્ત લખાણથી એ વાત સ્પષ્ટ થાય છે કે ઉમ્મતે મુહમ્મદિયહ્‌ના ૭૩ ફિર્કાઓમાંથી દરેકનો અકીદો બીજાના વિરુદ્ધ હશે. અહલે સુન્નત વ જમાઅત સિવાય દરેક ફિર્કાવાળા તે ફિર્કાના સ્થાપકના બાતિલ અકીદાનું અનુસરણ કરવાના સબબે જહન્નમમાં જશે.

**અકીદાના એ'તબારથી જહન્નમમાં ન જવાનો અને જન્નતના મુસ્તહિક (પાત્ર) હોવાનો પરવાનો કેવળ એક ફિર્કાવાળાને અર્પણ કરવામાં આવ્યો છે તે અહલે સુન્નત વ જમાઅત છે,** નજાત તથા બખ્શિશનો આધાર અહલે સુન્નત વ જમાઅતમાં દાખલ થવા પર છે જેથી **ઝયદ (તાહિરુલ કાદરી)નું આ કથન તદ્દન બાતિલ (ખોટુ) તથા રસૂલે પાક ﷺની હદીષની વિરુદ્ધ છે** કે, ''ખુદા તથા રસૂલે કોઈ ફિર્કાના નામ પર જન્નતનો પરવાનો અતા નથી કર્યો, અને નજાત તથા બખ્શિશનો આધાર કોઈ તબકા કે ફિર્કાના હેઠળ હોવા પર નથી.''

**જવાબ નં. ૩ :** ફિર્કાપરસ્તીને ખત્મ કરીને **મિલ્લતની (ઉમ્મતની) એકતા સ્થાપવાની રીત** એ છે કે **સર્વ બાતિલ ફિર્કાવાળા પોતાના ગલત ખયાલો અને બાતિલ (ગલત) અકીદાઓથી તૌબા કરીને અહલે સુન્નત વ જમાઅતના અકીદાઓ તથા મામૂલાતને અપનાવે.** જ્યાં સુધી બાતિલ ફિર્કાવાળા પોતાના ગલત ખયાલો તથા બાતિલ અકીદાઓ પર





જામેલા રહેશે ત્યાં સુધી અહલે સુન્નત વ જમાઅતનો તેમની સાથે અકીદાઓમાં ઈત્તેહાદ (એકતા) નથી થઈ શકતો. **અકીદા વિવિધ (અલગ અલગ) હોવા છતાં સર્વ બાતિલ ફિર્કાઓને (કહેવાતા) મુસલમાન હોવાના સબબ એક સમૂહમાં જોઈને મિલ્લી એકતા સ્થાપવી ઝલાલત તથા ગુમરાહી છે.** કેમ કે એનાથી એ વાતનો તકાઝો ઉપસ્થિત થશે કે કોઈપણ ફિર્કાના અકીદા તથા તેના મામૂલાતનું અનુસરણ કરી શકાય છે. કુર્આને કરીમે અહલે સુન્નત વ જમાઅતના અકીદા તથા મામૂલાતને છોડીને અન્ય ફિર્કાના અકીદા તથા મામૂલાતની પયરવી (અનુસરણ) કરવાને ગુમરાહી ઠરાવેલ છે. કુર્આને કરીમમાં છે : ''અને આ મારો સીધો માર્ગ છે તો એની પયરવી કરો અને પયરવી ન કરો અન્ય માર્ગોની. તો તે માર્ગો અલગ કરી આપશે તમને એના રસ્તાથી. આ તમને હુકમ કર્યો છે જેથી કરીને તમે પરહેઝગારી કરો.'' *(સૂરએ અન્આમ, આયત : ૧૫૩)* પ્રસ્તુત આયતમાં એ વાત સ્પષ્ટ થાય છે કે તે સીરાતે મુસ્તકીમ (સીધો માર્ગ) જે અહલે સુન્નત વ જમાઅતનો રસ્તો છે એના પર કાયમ રહેવું વાજિબ છે. અન્ય ફિર્કાના માર્ગોને અપનાવવા એ હક્ક (સત્ય)થી દૂરી તથા જહન્નમમાં જવાનો સબબ છે, જેથી **અન્ય ઝલાલત તથા ગુમરાહીના માર્ગો પર ચાલનારાઓને ''મિલ્લી એકતા''ના નામ પર અહલે સુન્નત વ જમાઅતની સાથે સામેલ કરવા એ અહલે સુન્નત વ જમાઅતના માણસોને સિરાતે મુસ્તકીમ છોડીને શૈતાની રાહો પર ચાલવા તથા અન્ય બાતિલ ફિર્કાઓને તેમના બાતિલ અકીદા પર જામેલા રહેવાના માટે સબબો પૂરા પાડવું છે.**

**જવાબ નં. ૪ તથા ૫** : બાતિલ ફિર્કાના તે સર્વ લોકો ઈસ્લામથી ખારિજ છે જેઓ જરૂરિયાતે દીનના મુન્કિર છે, તેમના અમુક સહીહ અકીદાઓ તથા નમાઝ, રોઝા વગેરે નેક અમલોના લીધે તેમને મુસલમાન કહેવામાં આવશે નહીં. જે વ્યક્તિ એ લોકોના અમુક સહીહ અકીદા તથા નમાઝ, રોઝાના સબબે મુસલમાનો સાથે ધાર્મિક તથા દીની એકતાને શક્ય બતાવે છે તે **ગુમરાહ** તથા **ગુમરાહ કરનાર** છે. એના માટે **તૌબા લાઝિમ** છે બલ્કે **જે શખ્સ જરૂરિયાતે દીનનો ઈન્કાર કરનારાઓના કુફ્ર પર સંપૂર્ણપણે માહિતગાર થઈને તેમને મુસલમાન સમજશે અને મુસલમાન હોવાની હૈસિયતથી મુસલમાનો સાથે તે લોકોની દીની તથા મઝહબી એકતાને શક્ય બતાવશે તે ખૂદ કાફિર થઈ જશે**. ફુકહાએ કિરામે (દીનના ફકીહોએ) જહમ બિન સફવાનને (જે જહામિયા ફિર્કાનો સ્થાપક છે) જરૂરિયાતે દીનનો મુન્કિર હોવાના સબબે કાફિર ઠરાવ્યો છે અને જહમિયા ફિર્કાના સર્વ લોકોને કાફિર ઠરાવ્યા છે જેઓ જહમ બિન સફવાનની જેમ કુફ્રી અકીદો ધરાવે છે. જો કે એ લોકો અલ્લાહ તઆલાને એક જાણે છે, કા'બા શરીફ તરફ ચેહરો કરીને નમાઝ પઢે છે તથા અન્ય ઈસ્લામી અરકાન પાળે છે. ફતાવા તાતારખાનિયામાં શયખ અબૂ અસ્હા સઅદ બિન મઆઝ મરૂઝીના વિશે મરવી છે કે શયખ અબૂ અબ્દુર્રહમાન બિન અબુલ લૈષે કહ્યું કે મેં અબૂ અસ્હા મરૂઝીને કહેતાં સાંભળ્યા, મને જહમિયા, કદરિયા તથા હરૂરિયા વગેરે વિવિધ બિદઅતી તથા ગુમરાહ ફિર્કાઓના વિશે, અને મોજા પર મસહને જાઈઝ





ન જાણનારાઓના વિશે પૂછવામાં આવ્યું કે શું આપ એમનામાંથી કોઈના વિશે જહન્નમી હોવાની ગવાહી આપો છો ? જ્યારે કે તેઓ અલ્લાહને એક જાણે છે, નમાઝ પઢે છે, ઝકાત અદા કરે છે, રોઝા રાખે છે અને હજ્જ કરે છે. તો શયખ અબૂ અસ્માએ કહ્યું, જે શખ્સ જહમના કૌલ (કથન)નો માનનારો છે તે અમારી દૃષ્ટિમાં દીનથી ખારિજ (બહાર) છે, અમે ન એની જનાઝાની નમાઝ પઢીશું અને ન એના જનાઝાની પાછળ ચાલીશું.''

ઉપરોક્ત લખાણથી એ વાત સ્પષ્ટ થાય છે તે વહાબી, કાદયાની, શીઆ જેઓ જરૂરીયાતે દીનના મુન્કિર (નકારનાર) છે તેઓ દીને ઈસ્લામથી ખારિજ (બહાર થયેલા) છે, ભલે તેઓ અલ્લાહ તઆલાને એક જાણે છે, કિબ્લા તરફ ચહેરો કરીને નમાઝ અદા કરે છે અને અન્ય ઈસ્લામી અરકાન પાળે છે, એ પ્રકારના લોકોની કલ્માએ તૌહીદ પઢવાને લીધે અને ઈસ્લામી અરકાન પાળવાને કારણે **મુસલમાનો સાથે દીની તથા મઝહબી એકતા નથી થઈ શકતી** અને **ન તો આવી એકતાના માટે કોઈ ઈદારો સ્થાપવો જાઈઝ** છે.

**જવાબ નં. ૬** : રસૂલે અકરમ ﷺએ મદીના તયબહમાં યહૂદીઓ સાથે કરાર કર્યો હતો તેને આધાર બનાવીને વર્તમાનકાળમાં જોવા મળતા બાતિલ ફિર્કાઓની સાથે દીની તથા મસ્લકી ઈત્તેહાદ નથી થઈ શકતો. એટલા માટે કે **રસૂલુલ્લાહ ﷺએ મદીના મુનવ્વરામાં યહૂદીઓની વિવિધ જમાઅતો સાથે બાહ્ય હુમલાખોરો વિરુદ્ધ એકબીજાની મદદ કરવાનો, મઝલૂમની મદદ કરવાનો**

**અને અમ્નો શાંતિ સ્થાપિત કરવા માટે એકબીજાને મદદ કરવાનો ક઼રાર કર્યો હતો, ન કે ખયાલો તથા માન્યતાઓમાં એકબીજાની તરફદારી કરવાનો અને એકબીજાના અક઼ીદાઓને બુરા ન સમજવાનો કરાર કર્યો હતો !** ઈતિહાસ તથા સીરતની કિતાબોમાં વર્ણન થયેલું છે કે જ્યારે રસૂલે અકરમ ﷺ મક્કા મુકર્રમાની હિજરત કરીને મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો મદીના મુનવ્વરામાં આંત્રિક વિખવાદ અને બાહ્ય હુમલાનો સખત ખતરો તોળાયેલો હતો. કેમ કે મદીના તયબહમાં અવસ તથા ખઝરજની વચ્ચે જંગ ચાલતો હતો. બંને ક઼બીલાના ઘણા લોકો એ જંગમાં મૃત્યુ પામ્યા હતા અને એમનામાં બદલાના આગ સળગી રહી હતી. પેલી બાજુ મક્કાના કાફિરોને મદીના મુનવ્વરામાં મુસલમાનોનું અમ્નો સુકૂનની સાથે રહેવું પસંદ ન હતું જેથી રસૂલે અકરમ ﷺએ મુસલમાનો વચ્ચે એકતા તથા સહાય કરવાનો ક઼રાર કરાવ્યો, સાથોસાથ મુસલમાન તથા યહૂદીઓ વચ્ચે મદીના મુનવ્વરાના રાજનૈતિક તથા સભ્યતાના મસાઈલમાં એકમત રહેવા તથા એકબીજાની મદદ કરવાનો ક઼રાર કરાવ્યો. આ ક઼રારમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે યહૂદી તથા મુસલમાન પોતપોતાના દીન પર ક઼ાયમ રહીને મદીના મુનવ્વરાના રાજનૈતિક તથા સંસ્કારિક મસાઈલમાં એક ગિરોહની જેમ રહેશે. મુસલમાન પોતાના દીન પર અને યહૂદી પોતાના દીન પર અમલ કરતા રહેવાની સાથે બંનેમાંથી દરેક એકબીજા પર હુમ્લા થવાની સ્થિતિમાં એની મદદ કરશે. બાહ્ય હુમલાના નિવારણમાં યહૂદી મુસલમાન સાથે મળીને પોત પોતાનો માલ ખર્ચ કરશે. મુસલમાન તથા યહૂદી પર એકબીજાની ભલાઈ





ઈચ્છવી અનિવાર્ય છે.

મુસલમાન તથા યહૂદીની વચ્ચે વર્ણવેલ ઐતિહાસિક ક઼રાર જાન, માલ, વતન, પડોશની રક્ષા (હુર્મત) પર આધારિત હતો. એ મઝલૂમની મદદ, બગાવત તથા લડાઈને સખ્તીથી ખતમ કરવાવાળો, સમાજ તથા શહેરની રક્ષામાં એકબીજાના સાથે ખભે ખભા મિલાવી શરીક રહેવાનો તથા અને સુલેહ શાંતિ સ્થાપિત કરવાવાળો ક઼રાર હતો જેણે મક્કાના કાફિરોના સર્વ મનસૂબાઓ પર પાણી ફેરવી આપ્યું. હિંદુસ્તાનના વર્તમાન સંજાગોમાં મુસલમાન કહેવાતા સર્વ ફિર્ક઼ાઓનું પોતાના હક્કોની માગણી, જાન તથા માલની રક્ષાના માટે એકબીજા વચ્ચે આ પ્રકારનો ક઼રાર કરવું જાઈઝ છે. **પરંતુ દીની તથા મસ્લકી ઈત્તેહાદ (એકતા) તથા અક઼ીદા તેમજ માન્યતાઓમાં એકરૂપતા પેદા કરવાના માટે કોઈ પ્રકારની કોશિશ કરવી, અને અહલે સુન્નત વ જમાઅતનું બાતિલ ફિર્ક઼ાને હક્ક઼થી દૂર સમજવું તથા તેમને અલગ ગિરોહ તથા જમાઅત સમજવાને ફિર્ક઼ાબંદીનો પૂર્વગ્રહ કહેવું તથા સીધા માર્ગેથી ભટકીને વિખવાદ તથા ભાગલાવાદની ગુમરાહ કરનાર રાહોમાં ખોવાઈ જવું ઠરાવવું, એ જહાલત તથા ગુમરાહી છે.**

**જવાબ નં. ૭–૮–૯ :** અહલે સુન્નત વ જમાઅતનો બાતિલ ફિર્ક઼ાઓ સાથે ફુરૂઈ (શાખાકીય, ઉપર ઉપરના) મતભેદોની સાથોસાથ પાયાના (બેઝિક) અક઼ીદાઓમાં મતભેદ રહ્યો છે. **પાયાના અક઼ીદાઓમાં મતભેદ કરવાના કારણે જ તો અહલે સુન્નતના ફક઼ીહોએ બાતિલ ફિર્ક઼ાઓની**

**ઘણી વ્યક્તિઓને કાફિર ઠરાવેલ છે. વહાબી તથા દેવબંદી સાથે એ પાયાના અક઼ીદાઓમાં પણ મતભેદ છે જેના પર ઈમાન તથા કુફ્રનો આધાર છે, જેથી તે વહાબી તથા દેવબંદીઓ જેઓ પોતાના પેશવાઓના કુફ્રી અક઼ીદાઓ પર સંપૂર્ણપણે માહિતગાર થઈને પણ તેમને મુસલમાન સમજે છે અને મુસલમાન સમજીને તેમનું અનુસરણ કરે છે તેઓ સૌ કાફિર છે.** જેમ કે ફુક઼હાએ કિરામે એ જહમિયાને કાફિર ઠરાવ્યા છે જેઓ જહમ બિન સફ્યાનની જેમ કુફ્રી અક઼ીદા ધરાવે છે.

દરેક જમાનામાં મુસલમાનોની એક જમાઅત એવી મૌજૂદ રહી છે જે બાતિલ ફિર્ક઼ાઓ થકી કુર્આન હદીષમાં હેરફેર (ખોટા અનુવાદ તથા અર્થઘટનો) તથા એમાં એ લોકોના કરેલાં અયોગ્ય ભાવાર્થો તેમજ ગુમરાહ કરનાર લખાણોની રદ કરતી રહી છે, કુર્આન હદીષમાં એવા લોકોની મહાન પ્રશંસા તથા મહાન શાન વર્ણન કરવામાં આવી છે. આ જ લોકો હક્ક઼ તથા સદાક઼ત (સત્ય)ને કુફ્ર બિદઅત તથા ગુમરાહીથી અલગ કરીને પબ્લિકને સાચો માર્ગ દેખાડે છે. એ લોકોનું હક્ક઼ને સ્પષ્ટ કરતાં ગુમરાહ બદ્અક઼ીદા લોકોને તઝલીલ તથા તફસીક઼નું નિશાન બનાવવું એ બુદ્ધિપૂર્ણ કાર્ય છે બલ્કે શરીઅતે મુતહ્હરાના તકાઝા હેઠળ છે. મિશ્કાત શરીફમાં હઝરત ઈબ્રાહીમ બિન અબ્દુર્રહ્માન અઝરીથી મરવી છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, (અર્થ) : ''દરેક જમાનામાં અસ્લાફ (આગલા બુઝુર્ગો)થી બાદમાં આવનારા આદિલ લોકો ઈલ્મ હાંસલ કરશે જેઓ હદથી ગુજરનારા બિદઅતીઓના ફેરફાર, બીજાના





કથનને પોતાના પ્રતિ સંબંધિત કરનારાઓના દાવા તથા જાહિલોની તાવીલને (અર્થઘટનને રદ કરીને) ખત્મ કરશે. આ હદીષને ઈમામ બયહક઼ીએ કિતાબુલ મુદખલમાં રિવાયત કરી.

મિશ્કાત શરીફની બીજી હદીષમાં છે કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો, (અર્થ) : અલ્લાહ عزوجل દરેક સો વર્ષના અંતે આ ઉમ્મતના માટે એવી હસ્તીનો મોકલશે જે એના માટે દીનને નવજીવન આપશે. મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہએ આ હદીષ હેઠળ મિર્ક઼ાતુલ મફાતીહ, ભાગ–૧, પેજ–૨૪૭ પર લખ્યું છે, (અર્થ) : જે સુન્નતને બિદઅતથી અલગ પાડશે, ઈલ્મમાં અધિક્તા થશે, ઈલ્મવાળા ગાલિબ થશે. તે બિદઅતીને મિટાવશે અને બિદઅતીઓ (ગુમરાહ ફિર્ક઼ાવાળાઓ)ને તોડશે (એટલે તેની રદ કરીને તેની ગુમરાહીને જાહેર કરશે.)

ઉપરોક્ત હદીષથી એ વાત સ્પષ્ટ થાય છે કે અન્ય બાતિલ ફિર્ક઼ાઓની બાતિલ (ગલત) માન્યતાઓ અને ગલત ખયાલોની રદ કરનારાઓ તથા એ લોકોની ગુમરાહી તથા કુફ્રને સ્પષ્ટ સચોટ દલીલ વડે જાહેર કરનારની શાન મહાન છે. એ લોકોના **આ મહાન કાર્યને અશાણપણભર્યું તથા ન્યાયથી પર ઠરાવનારો શખ્સ પોતે બુદ્ધિહિન તથા ગુમરાહ છે. એના પર તૌબા લાઝિમ છે.** તથા પોતાના કથનને પરત લેવું લાઝિમ છે.

**જવાબ નં. ૧૦–૧૧ :** (અસલ ફત્વામાં હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી, મુલ્લા અલી ક઼ારી, ઈમામ ઝયનુલ આબિદીન શામી વગેરેના કથનોની વિસ્તૃત ચર્ચા બાદ છે) :–

ઉપરોક્ત લખાણોથી એ વાત સ્પષ્ટ થાય છે કે ગુમરાહ ફિર્કાઓના તે સર્વ લોકો મુસલમાન નથી જે લોકો ઉસૂલે દીન તથા જરૂરીયાતે દીનમાં અહલે સુન્નત વ જમાઅતથી મતભેદ ધરાવે છે, તેમને ઈસ્લામી વર્તુળથી બહાર (ખારિજ) ઠરાવવા વાજિબ છે. અને બાકીના લોકો કેવળ ગુમરાહ તથા ફાસિક઼ ઠરશે.

**જવાબ નં. ૧૨ :** ઉપરોક્ત લખાણોથી એ વાત પણ સ્પષ્ટ થઈ ગઈ કે ક઼ાસિમ નાનોત્વી, અશ્રફ અલી થાનવી, ખલીલ અહમદ અંબેઠવી તથા રશીદ અહમદ ગંગોહીને (ચારેવ દેવબંદી પેશવાઓને) દીને ઈસ્લામથી ખારિજ, કાફિર તથા મુર્તદ ઠરાવવામાં આવશે, એટલા માટે કે એ લોકોએ ઉસૂલે દીન તથા જરૂરીયાતે દીનમાં અહલે સુન્નત વ જમાઅતથી મતભેદ કર્યો છે. એટલા માટે કે રસૂલે અકરમ ﷺને ખાતમુન્નબિય્યીન (આખરી નબી) માનવા અને રસૂલે અકરમ ﷺની તૌહીન ન કરવી એ ઉસૂલે દીન તથા જરૂરીયાતે દીનમાંથી છે. રહી ગયા તે લોકો જેઓ દેવબંદી પેશવાઓનાં કુફ્રી લખાણોથી અજાણ છે અને દેવબંદીઓની જાહેરી સૂરતને જોઈને એ લોકોને મુસલમાન સમજે છે, ફાતિહા, નઝરો નિયાઝ તથા અન્ય ફુરૂઈ (શાખાકીય) અક઼ીદાઓમાં દેવબંદીઓને અનુસરે છે, તેઓ કેવળ ગુમરાહ તથા બદ્અક઼ીદા છે. અહલે સુન્નત વ જમાઅતના બુઝુર્ગો, પેશ્વાઓનું નિયાઝ, ફાતિહા વગેરે ફુરૂઈ (શાખાકીય) અક઼ીદાઓમાં દેવબંદીઓથી મતભેદ કરવું તથા તે લોકોની તઝલીલ તથા તફસીક઼ (ગુમરાહ તથા ફાસિક઼ ઠરાવવું) કરવી





ન્યાયપૂર્ણ તેમજ શરીઅતના હુકમના તકાઝાના મુજબ છે. એટલા માટે કે હદીષ તથા કુર્આનમાં એવા લોકોની પ્રશંસા કરવામાં આવી છે. જેમ કે મુલ્લા અલી ક઼ારીએ હરામ બિદઅતનું વર્ણન કરીને એ જ પ્રમાણે લખ્યું છે.

સવાલમાં દર્શાવેલ ઝયદ (એટલે મૌલાના તાહિરુલ ક઼ાદરી)નું **ગુમરાહ, બદ્અક઼ીદા, સુલેહકુલ્લિયતની તા'લીમ આપનાર હોવું ક઼તઅન તથા યક઼ીનન (ચોક્કસ નિશ્ચિતપણે) સાબિત છે. એમના પર** પોતાનાં કથનોથી રુજૂઅ (પરત લેવું) તથા **તૌબા** તથા **ઈસ્તિગફાર કરવું વાજિબ** છે. અને જો એવું સાબિત થઈ જાય છે કે ઝયદ એ દેવબંદીઓ, વહાબીઓ, રાફઝીઓને જાણીબુઝીને મુસલમાન સમજે છે જેઓ ઉસૂલે દીન તથા જરૂરીયાતે દીનમાં અહલે સુન્નત વ જમાઅતથી મતભેદ ધરાવે છે તો એમના પર કુફ્રનો હુકમ લગાડવામાં આવશે અને એમના પર તૌબા તથા તજદીદે ઈમાન (ફરીથી કલ્મો પઢવું) વાજિબ થશે. ફક્ત વલ્લાહુ તઆલા અઅ્લમુ બિસ્સવાબ વ ઈલ્મુહૂ અતમ વ અહકમ.

**લખનાર : (મુફ્તી) મુહમ્મદ શહાબુદ્દીન અશરફી**

*શૈખુલ હદીષ વ સદર શોઅબાએ ઈફતા : **જામેઅ અશરફ, દરગાહ કછોછા શરીફ**, અંબેડકર નગર (યુ.પી.) ૧૯–રજબુલ મુરજ્જબ, હિ.સ. ૧૪૩૨, તા. ૨૬–૬–૨૦૧૧*

*(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, તા. નવેમ્બર–૨૦૧૧)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

(પ્રકરણ : 3)

**પ્રો. તાહિરુલ કાદરી ઉલમાએ હિંદની નજરમાં**

# પ્રો. તાહિરુલ કાદરી

## ચિંતનની એક પળ

અઝ : **અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી તથા મુફતી નિઝામુદ્દીન રઝવી (જામિઆ અશરફિયા, મુબારકપુર), અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી (દારુલ કલમ, દિલ્હી)**

હિંદુસ્તાન (હિંદ તથા પાક. તથા બંગલાદેશ)ના અંદર ઈસ્લામની રોશની સહાબાએ કિરામના યુગમાં પહોંચી અને ઈસ્લામ પ્રતિ દા'વત આપનારા મુબલ્લિગો તથા સૂફીઓ તથા મશાઈખે એઝામની નિઃસ્વાર્થ દા'વત તથા તબ્લીગના થકી હજારો લાખો વ્યક્તિઓ ઈસ્લામથી પાવન થઈ અને રાત દિવસ એ સંખ્યા વધતી ગઈ અને અખંડ ભારતના દરેક ખૂણામાં ઈસ્લામની રોશની ફેલાતી ગઈ. એક લાંબી મુદ્દત પછી હિંદના મુસ્લિમ ઈતિહાસમાં ઈસ્લામની છબી બગાડવાની અને મુસ્લિમોની ઓળખ ખત્મ કરવાની એક ગંભીર ઘટના તથા પ્રસંગ એ વખતે ઉપસ્થિત થયો જ્યારે મોગલ બાદશાહ જલાલુદ્દીન મુહમ્મદ અકબરે પોતાના દરબારમાં દરેક ધર્મના પેશવાઓને





એકત્ર કરીને તેમના મઝહબની તા'લીમાત તથા હુકમો સાંભળ વાનો એક ક્રમ શરૂ કર્યો, અને ખૂદ એના દિલમાં એવો ખ્યાલ ઉદ્‌ભવ્યો કે સૌની સારી વાતોને પસંદ કરીને કેમ પોતે જ એક ધર્મ ન ઉભો કરી લઉં ! અને તેને આખા હિંદુસ્તાનમાં લાગુ કરી દઉં ! જેથી તેણે ''દીને ઈલાહી''ના નામથી એક ''શંભૂ મેળો'' તૈયાર કરાવ્યો અને રાજાશાહીની આગેવાની હેઠળ એને ફેલાવવાની તેણે સર્વ વ્યવસ્થાઓ પણ કરી લીધી.

અલ્લાહ તબારક વ તઆલા જઝાએ ખૈર આપે અને પોતાની રહમતોથી નવાઝે હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તથા મુજદ્દિદ અલ્ફેષાની હઝરત શયખ અહમદ ફારૂકી સરહિંદી رحمۃ اللہ علیہને કે એ બંનેવ હઝરાતે ખાસ કરીને, અને અન્ય અમુક હઝરાતે પણ આ ફિત્નાનો પોતપોતાની રીતે સામનો કર્યો અને તેના ધસમસતાં મોજાંઓથી મુસ્લિમ આબાદીઓને બચાવી.

હિંદના મુસ્લિમો સદીઓ પછી ફરીવાર આ પ્રકારના સંજોગોથી એ વખતે ભેટયા જ્યારે ઈ.સ. ૧૯૨૦માં તહરીકે તર્કે મવાલાત જેને ''અસહકારની ચળવળ'' પણ કહેવામાં આવે છે તેની આંધી ચાલી અને તેના અમુક લીડરોએ એક એવો નવો મઝહબ બનાવવાની પર્દા પાછળ સાઝિશ કરી જે હિંદુ મુસ્લિમનો તફાવત મિટાવી દે, સંગમ (ઘાટ) તથા પ્રયાગને પવિત્ર સ્થળ ઠરાવે. આ ગંભીર વળાંક પર ઈમામે અહલે સુન્નત મૌલાના અશશાહ મુહમ્મદ અહમદ રઝા કાદરી બરકાતી બરેલ્વી (વિસાલ : હિ.સ. ૧૩૪૦, ઈ.સ. ૧૯૨૧) અને આપના અમુક સમખયાલ ઉલમા તથા મશાઈખે અહલે સુન્નતે પોતાના લખાણો તથા તકરીરોના થકી આ ફિત્નાને ખતમ કરીને હિંદ (અખંડ ભારત)ના મુસલમાનોના ઈમાન તથા અકીદાને સુરક્ષિત રાખ્યો અને દીની

અડગતા અને ગૈરતે મિલ્લીનું મહાન દ્દષ્ટાંત પૂરુ પાડયું.

બુદ્ધિ કૌશલ્ય તથા લાયકાત અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની અર્પણ કરેલી એક મહાન નેઅમત છે જેનો સહીહ ઉપયોગ ખુદાની મખ્લૂક માટે રહમતનો સબબ છે. મો'મિન બંદો તથા આલિમે રબ્બાની આ ખુદાના અતા કરેલ તોહફાથી પૂરી માનવ જાતને લાભ પહોંચાડીને રુશ્દો હિદાયત (સન્માર્ગ પામવા)નો સબબ બને છે અને તેના થકી અલ્લાહ તબારક વ તઆલાના પસંદીદા દીનથી નજીક કરવાનો માર્ગ સમારે છે અને આ ત્યારે થઈ શકે છે જયારે કે પ્રકૃતિની સલામતી, દિલની નેકબખ્તી તથા અલ્લાહ તબારક વ તઆલાની તૌફીક તેને હાંસલ થયેલ હોય. નહીં તો કેટલીકવાર આ બુદ્ધિ ચાતુર્ય તથા કૌશલ્ય માણસના માટે ફિત્ના તથા કસૌટીનો સબબ બની જાય છે. તે પોતાના ઈલ્મ તથા બુદ્ધિ પર અયોગ્ય રીતે ભરોસો કરીને આપવડાઈનો શિકાર થઈ જાય છે. પૂર્વજ બુઝુર્ગો તથા પેશવાઓની ટીકા ટીપ્પણી તથા અંગુલી નિર્દેશ કરવું તેનો વિષય બની જાય છે. કાંઈ નવુ કરી દેખાડવાની તથા પોતાના પ્રતિ લોકોને આકર્ષીને તેમનામાં પ્રખ્યાત તથા લોકપ્રિય થઈ જવાનો જઝબો તેને સીધા માર્ગ તથા મધ્યમ માર્ગથી વિચલિત કરવા લાગે છે. જમહૂર ઉલમા તથા ઈસ્લામના ફકીહોના મુકાબલામાં પોતાના ગુમાનથી ઉપસ્થિત કરેલા ઈજતેહાદ (સંશોધન) માટે આગ્રહ કરવા માટે લાગે છે. પોતાના કયાસો તથા બયાનનું જોર તથા લેખન શક્તિનું પ્રદર્શન કરીને સવાદે આ'ઝમ અહલે સુન્નતની દરમ્યાન પોતાનુ વિશિષ્ટ સ્થાન બનાવીને પોતાની એક ખાસ જમાઅત બનાવવાની તદબીર કરવા માંડે છે, અને ક્રમે ક્રમે પોતાના સમખયાલવાળી વ્યક્તિઓને સંગઠિત કરીને એક નવા ફિર્કાનો સ્થાપક બની જાય છે. આ





પ્રકારનાં વિવિધ દ્દષ્ટાંતો ખૂદ આપણા હિંદુસ્તાન (અખંડ ભારત)ની અંદર મૌજૂદ છે જેને આમ તથા ખાસ લોકો સારી પેઠે જાણે છે.

તાર્કિક ઈલ્મ તથા અક્લિયત પરસ્તીએ(બુદ્ધિના ઘોડે સવાર રહીને) હિંદુસ્તાનની જે પ્રખ્યાત વ્યક્તિઓને પોતાની ચુંગાલમાં જકડીને તેમને ગલત માર્ગે વાળી દીધી તથા પોતાની "તેહકીક તથા ઈજતેહાદ"નો નશો જેમને સહીહ મંઝિલથી ખૂબ દૂર લઈ ગયો, એમનામાં સર સૈયદ અહમદખાન તથા ઈનાયતુલ્લાહ મશ્રકી તથા અબુલ કલામ આઝાદનાં નામો ખાસ છે. વર્તમાન લોકોમાં એ જ પ્રકારનું એક નામ વહીદુદ્દીનખાન (ન્યુ દિલ્હી)નું પણ છે.

અલ્લાહ તબારક વ તઆલા એવા લોકોની આફતો તથા બલાઓથી તથા તેમની ગુમરાહીઓથી મુસલમાનોને મહેફૂઝ રાખે અને તેમને પોતાના પૂર્વજ બુઝુર્ગો તથા અહલે સુન્નતના પેશવાઓના નક્શે કદમ પર ચાલતા રહેવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

ઈદારા "મિન્હાજુલ કુર્આન" લાહોરના સ્થાપક પ્રોફેસર તાહિરુલ કાદરી પોતાની કિતાબો તથા તકરીરોના થકી પાકિસ્તાન તથા હિંદ તથા અન્ય અમુક દેશોના ઘણા મુસલમાનો માટે ધ્યાનનું કેન્દ્ર બનતા જઈ રહ્યા છે. તેમના ખયાલો ઘણા બધા લોકોના દિલો દિમાગને પ્રભાવિત કરે છે. પ્રો. તાહિરુલ કાદરીના જીવન પુસ્તક તથા ખયાલોના સમૂહનું એક પાસુ એ પણ છે કે તેમણે અહલે સુન્નતના અમુક અકીદાઓ તથા મા'મૂલાત (રસ્મો રિવાજો)ને પોતાની કિતાબો તથા બયાનોના થકી ઘણા જ દલીલયુક્ત તથા આકર્ષક અંદાઝમાં રજૂ કર્યા જેની

અસર એ થઈ કે ઘણા બધા સુન્ની મુસલમાનો તેમને મઝહબે અહલે સુન્નતના બેહતરીન મુબલ્લિગ તથા પ્રતીક સમજવા લાગ્યા છે.

બીજુ પાસુ એ છે કે તેમનાં લખાણો તથા બયાનો થકી એક નવા પ્રકારની વિચારશ્રેણી પેદા થઈ રહી છે અને નવા ખયાલો જન્મ લઈ રહ્યા છે. તેમની "તેહકીક તથા ઈજતેહાદ"થી વિખવાદ તથા વિવાદના નવા દરવાજા ખુલી રહ્યા છે અને દીની તથા ઈલ્મી વર્તુળોમાં તેમની જાત તથા ખયાલો તથા પ્રવૃત્તિઓ ચર્ચાનો વિષય બની રહ્યાં છે. એ જ કારણે હિંદ તથા પાક.ના અહલે સુન્નતના ઉલમા તથા મશાઈખ કોઈક બુરા ખતરાની બૂ મહેસૂસ કર્યા બાદ અજંપા તથા બેચૈનીમાં પડેલા છે અને તેઓ તેની રોકથામના માટે વિવિધ તદબીરો પર ચર્ચા વિચારણા કરી રહ્યા છે અને પાકિસ્તાનમાં તો ઉલમા પોતાનાં લખાણો તથા કિતાબો થકી વર્ષોથી પોતાના ખયાલો પ્રદર્શિત કરી રહ્યા છે.

હાલમાં એક તાજો પ્રસંગ એ બન્યો કે પ્રો. તાહિરુલ કાદરીએ ઈંગ્લેન્ડમાં વિવિધ મઝહબોના પેશવાઓની એક સંયુક્ત કોન્ફરન્સ (મિન્હાજુલ કુર્આન માનવ શાંતિ સંમેલન, વેમ્બલી–લંડન, તા. ૨૪–૯–૨૦૧૧) કરી જેમાં **સૌએ પોત પોતાના અકીદા પ્રમાણે પ્રાર્થનાઓ કરી.** આ કોન્ફરન્સમાં અમુક **હરામ કાર્યો તથા કુફ્રી કામો પણ થયાં જેને પ્રોફેસર તાહિરુલ કાદરીએ ચલાવી લીધાં** અને પોતાના તરફથી કોઈ રદિયો કે ઈન્કાર પ્રદર્શિત ન કર્યો. **C.D.**માં કોન્ફરન્સનો અહેવાલ તેમજ તેનાં દશ્યો જોઈ શકાય છે. આ **C.D.** હિંદુસ્તાનમાં પણ ફરતી થઈ છે અને એને સરળતાપૂર્વક હાંસલ કરીને કોઈ પણ વ્યક્તિ પોતાની જાતે સર્વ કાંઈ જોઈ શકે તથા સાંભળી શકે છે.





(**youtube** પર પણ જોઈ શક છો)

પ્રો. તાહિરુલ કાદરીની તજદ્દુદ પસંદી (નવ સંશોધનવૃત્તિ) તથા તેમની "તેહકીક તથા ઈજતેહાદ"ની શરૂઆત ત્યારે થઈ જ્યારે તેમણે દિયત (ખૂનનો બદલો માલ થકી)ના મસ્અલા પર પોતાના ખયાલો પ્રદર્શિત કર્યા જે ઈમામે આ'ઝમ અબૂ હનીફા તથા જમહૂર ઉલમા તથા ફકીહો તથા હનફી ઈમામોના મૌકૂફ તથા મસ્લકથી તદ્દન વિરુદ્ધ છે. પાકિસ્તાનના જલીલુલ કદર (મહાન રુત્બાવાળા) આલિમ તેમજ પ્રોફેસર તાહિરુલ કાદરીના ઉસ્તાદ હઝરત અલ્લામા અહમદ સઈદ કાઝમી (મુલતાન, પંજાબ–પાકિસ્તાન)એ પ્રોફેસર તાહિરુલ કાદરીને ખૂબ જ સમજાવ્યા પણ એ પોતાના "ઈજતેહાદ" પર અડેલા રહ્યા અને સર્વ ઉલમાએ અહલે સુન્નત મળીને પણ તેમને આ મસ્અલામાં સીધા માર્ગ પર લાવવામાં સફળ ન થઈ શક્યા. એટલે સુધી એક ચર્ચા દરમ્યાન એક આલિમે જ્યારે તેમને કહ્યું કે, "આ મસ્અલામાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા આવુ ફર્માવે છે." તો તેમણે આ અતિશય કક્ષાની બહાદૂરીપૂર્ણ તથા આશ્ચર્યજનક જવાબ આપ્યો કે, "તમો મારી દલીલોના જવાબમાં એમનું નામ શા માટે રજૂ કરો છો ?! તે તો આ મસ્અલામાં અમારા ફરીક (પક્ષકાર) છે !" આ જવાબનો ખુલાસો એ છે કે એક મસ્અલામાં મેં ઈજતેહાદ કર્યો, અને એ જ મસ્અલામાં સદીઓ પહેલાં ઈમામે આ'ઝમ અબૂ હનીફાએ પણ ઈજતેહાદ કર્યો, જેમના ઈજતેહાદથી અલગ મારો ઈજતેહાદ છે. આવી સ્થિતિમાં એક પક્ષકાર (પાર્ટી) હું થયો અને એક પક્ષકાર તે છે. પછી વિરોધી પક્ષકારનું નામ અથવા તેમના ઈજતેહાદનો ઉલ્લેખ મારા મુકાબલામાં શા માટે રજૂ કરી રહ્યા છો ?!

આ પ્રથમ ઈજતેહાદી પગલાને વાંચકો નજરો સમક્ષ રાખે અને એના પર ચર્ચા વિચારણા કરીને જાતે જ ફેંસલો કરે કે પ્રોફેસર તાહિરુલ કાદરીની વિચારસરણી તથા લાયકાતે તેમને સૌ પ્રથમ કોના મુકાબલામાં લાવીને ખડા કરી દીધા ?! અને પછી એ પરિણામ જાતે જ કાઢી લો કે મુજતહિદ ઈમામો તથા ઈસ્લામના ફકીહો તથા ઉલમાના મુકાબલા જે શખ્સ પોતાના ઈલ્મ તથા બુદ્ધિ તથા પોતાના ખયાલ તથા મંતવ્યોને અગ્રતા આપે છે એનો અંજામ શું થાય ? અને આખો બંધ કરીને એને માનનારાઓનો અંજામ શો થાય ?

પ્રો. તાહિરુલ કાદરીનો બીજો ઈજતેહાદ તેમને કુર્આને કરીમના મુકાબલામાં ખડા કરી આપે છે ! અને તે એલાનિયા પોતાના આ કુર્આન વિરોધી "ઈજતેહાદ"ને પ્રદર્શિત કરે છે કે, "એક સ્ત્રીની ગવાહી એક પુરૂષના સમાન થાય છે." પ્રો. તાહિરુલ કાદરીએ પોતાના આ ઈજતેહાદમાં કુર્આન તથા હદીષથી સ્પષ્ટ વિરુદ્ધ વલણ અપનાવ્યું અને ચારેવ ઈમામો ઈમામે આ'ઝમ અબૂ હનીફા, ઈમામ શાફઈ, ઈમામ માલિક તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલના મુત્તફિક અલૈહ મસ્લક તથા મૌકફને નઝરંઅદાઝ (ઠુકરાવ્યો) જ નથી બલ્કે પાયમાલ કરીને રાખી દીધો છે અને સવાદે આ'ઝમ અહલે સુન્નતના સર્વ માન્ય મસ્લકની રજ માત્ર પણ કોઈ પરવા નથી કરી. (અલ્અયાઝુ બિલ્લાહ !)

ક્રમે ક્રમે વાત એટલે સુધી પહોંચી કે પોતાની કોન્ફરન્સ (મિન્હાજુલ કુર્આન માનવ શાંતિ સંમેલન, વેમ્બલી–લંડન, તા. ૨૪–૯–૨૦૧૧)માં પોતાના સ્ટેજ પર યહૂદી તથા ઈસાઈના ધર્મગુરૂઓ તથા કાફિર તથા મુશ્રિકોના ધર્મગુરૂઓના હરામ તથા ગુમરાહીનાં તથા કુફ્રનાં અમલો તથા કામો પ્રતિ આંખ આડા





કાન કરી રહ્યા છે અને તેમનાં કથનો તથા પ્રવચનો જેમાં હરામ, ગુમરાહી તથા કુફ્રથી કાનને બહેરા કરી લીધા ! જે ન કોઈ મજબૂરી છે ન જરૂરત, બલ્કે **એને સાફ તથા સ્પષ્ટ શબ્દોમાં કુફ્ર પર રાજી રહેવા સિવાય અન્ય કાંઈ નથી કહી શકાતુ.**

શું એક સામાન્ય બુદ્ધિ ધરાવનારો માણસ પણ જાણીબુઝીને એવી મૂર્ખાઈ કરી શકે છે જેના બારામાં એને મજબૂત ઈલ્મ તથા યકીન છે કે આ વ્યક્તિ કદી કદી મધમાં ઝહેર મિલાવી દે છે અને કદી કદી મીઠાઈઓની સાથે ઝહેર પણ ખવડાવી આપે છે, તો એના હાથથી કે એના દસ્તરખાન પર કાંઈ ખાશે ? અથવા એની નજીક જશે ? વિચારો ! ચિંતન કરો પછી યોગ્ય નિર્ણય લો. અને બેહતર એ છે કે તમારી નજીકના અહલે સુન્નતના મુસ્તનદ (સ્ટાન્ડર્ડ) આલિમોથી મુલાકાત કરીને હકીકતની જાણકારી પ્રાપ્ત કરો અને પોતાની આખેરતને સમારવાની કોશિશ કરો. અલ્લાહ તબારક વ તઆલા આપણને સૌને હક્ક થતા હિદાયત તથા સિરાતે મુસ્તકીમ પર ચાલતા રાખે અને આપણા પૂર્વજ બુઝુર્ગો તથા પેશવાઓના મઝહબ તથા મસ્લક પર કાઈમ દાયમ રાખે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ. *(હવાલો : મુસ્લિમ ટાઈમ્સ, અઠવાડિક–મુંબઈ, ૩૧ ઓકટો. થી ૬ નવે. ૨૦૧૧)*

*(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ, ડિસેમ્બર–૨૦૧૧)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

(પ્રકરણ : ૪)

# સુલેહ કુલ્લિયતના ઝંડાધારી
# તાહિરુલ કાદરી

**અઝ : હઝરત અલ્લામા મુફતી વલી મુહમ્મદ રઝવી,**
*(સુન્ની તબ્લીગી જમાઅત-બાંસની)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

આજે **અહલે સુન્નત વ જમાઅત**ના અકીદા તથા માન્યતાઓની રક્ષા કરવી એ મહત્વની જરૂરતમાંથી છે. સુલેહ કુલ્લિયત તથા ગમરાહિતથી હિફાઝત અધિક મહત્વની થઈ ગઈ છે. દરેક તે ઈલ્મ તથા અમલનો પયકર જેને ખુદાએ કરીમે નબી અકરમ ﷺના તુફૈલ દીન તથા સુન્નિયતની સમજ અતા કરી છે તે સારી રીતે વાકેફ છે કે કેવા કેવા ફિત્ના ઉપસ્થિત થઈ રહ્યા છે જેમનો નિશાનો ખાસ કરીને "અહલે સુન્નત વ જમાઅત" એટલે "ચારેવ મઝહબો" (હનફી, શાફઈ, માલિકી, હંબલી) જ છે જેથી જે હિદાયતના મીનારા આપણને અહલે સુન્નતના અકાબિર તથા અસ્લાફ (અગ્રગણ્ય ઉલમા તથા પૂર્વજ બુઝુર્ગો)એ ઘણી કુર્બાનીઓથી અતા કર્યા છે અને કૌમ (મિલ્લત) સદીઓથી





જેની રક્ષાને જાનથી અધિક પ્રિય સમજે છે તે પવિત્ર તથા પાકીઝા અકીદાઓ તથા ખયાલોથી નાજિયહ (નજાત પામનાર) ઉમ્મત એટલે અહલે સુન્નત વ જમાઅત હાથ ધોઈને સુલેહ કુલ્લિયતના ઝંડાધારીઓના હાથે ચઢી જાય અને તેઓ તેમને પૂર્વજ બુઝુર્ગોથી કટ કરીને શૈતાનની ચુંગાલમાં ફસાવીને તબાહ કરી નાખે.

### ★ ગુમરાહીના સમય વિશે હદીષ અને તાહિરુલ કાદરી ★

પણ ખુદાની મદદ તથા સહાય વડે અને નબીએ રહમતે આલમ ﷺની નઝરે ઈનાયતથી હક્ક ગો ઉલમાએ કિરામે દરેક દૌરમાં એ ફિત્નાઓનું માથુ કચુંડીને ઉમ્મતને ફસાદ તથા ફિત્નાથી બચાવેલ છે. અને કેમ ન બચાવે, કે હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું : **"જ્યારે ફિત્ના તથા ગુમરાહી જાહેર થાય અને મારા સહાબાને બુરા કહેવામાં આવે તો આલિમ પર ફર્ઝ છે કે ઈલ્મ જાહેર કરે. અને જેણે આવુ ન કર્યું તો એના પર અલ્લાહની, સર્વ ફરિશ્તાઓની તથા સર્વ ઈન્સાનોની લઅનત છે. અલ્લાહ તેનો ન ફર્ઝ કબૂલ કરશે ન નફલ."** *(મિર્કાત, ૮/૫૧૮)*

પણ આજે **સુલેહ કુલ્લિયત**ના ખયાલોને ફેલાવવા માટે પૂરું જોર વાપરવામાં આવી રહ્યું છે અને "તાહિરુલ કાદરી" નામના પાકિસ્તાની પ્રોફેસરે એના માટે કમર કસી લીધી છે અને તે દૂધ તથા પેશાબ, ઝહેર તથા મધ, હક્ક તથા બાતિલ, હિદાયત તથા ગુમરાહી, સુન્ની તથા ગૈરસુન્ની, મુકલ્લિદ તથા ગૈર મુકલ્લિદ, વહાબી, નજદી, કાદયાની, શીઆ વગેરે સર્વને ભેગા કરીને એ જ **નદવાવાળી સુલેહ કુલ્લિયતને** જીવંત કરવા મંડી પડેલ છે જેનો તે દૌરમાં ઉલમાએ હક્ક દા.ત. આ'લા હઝરત ઈમામે

અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં ક઼ાદરી, તાજુલ ફુહૂલ અલ્લામા શાહ અબ્દુલક઼ાદિર બદાયૂની, અમીરુલ મો'મિનીન ફિશયખ વસી અહમદ મુહદ્દિષે સૂરતી, મુહદ્દિષે આ'ઝમે હિંદ, સદરુલ અફાઝિલ અને સદરુશ્શરીઅહ્ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ જેવા **સેંકડો ઉલમા તથા મુફ્તિયાને કિરામે રદિયો આપીને અહલે સુન્નતની હિફાઝત કરી હતી** અને એક ફિત્નાને રોકી આપ્યો હતો જેના પરિણામે આજે આપણે હિદાયત પર ડગ માંડીને ચાલીએ છીએ અને ગુમરાહો તથા બદ્મઝહબોથી નફરત ધરાવીએ છીએ. પણ મઝહબે અહલે સુન્નતની આ વિશિષ્ટતા તથા અનોખાપણુ તાહિરુલ ક઼ાદરીને મંઝૂર નથી જેથી તેમણે લગભગ ૧૦૦ પેજીસની એક કિતાબ ''ફિર્ક઼ાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?'' લખી નાખી ! તે લખે છે :–

*એશિયાખંડમાં ફિર્ક઼ાવારાના ખેંચાખેંચીનો પ્રારંભ વિવિધ મસ્લકોની દીની દર્સગાહો તથા મદ્રસાઓની અલગ અલગ સ્થાપ્નાથી થયો. આ અતિશય અફસોસનાક વાત હતી કે એ દૌરમાં વિવિધ મકાતિબે ફિક્ર (વિચારશ્રેણી)ના અલગ અલગ મદરસા અસ્તિત્વમાં આવી ગયા. એ દર્સગાહોથી તા'લીમ તથા કેળવણી પામેલા વિદ્યાર્થીઓ ખાસ માહોલમાં ઈલ્મ પ્રાપ્ત કર્યા બાદ જ્યારે બહાર નીકળ્યા અને ઈલ્મ તથા ઈર્શાદના સ્થાને બેઠા તો તેમના દિલો દિમાગ મસ્લકના માળખાંઓમાં ઢળેલાં હતાં અને તેમના અમલો તથા કિરદાર પર એ નિસ્બતોની ગાઢ છાપ તરી આવતી હતી. ઉલમાની એ ખેપ મસ્જિદોના મેહરાબ તથા મિમ્બરથી દીનના પાયાની માન્યતાઓથી નજર હટાવીને પોતપોતાના મસ્લક તથા અક઼ીદાઓનો પ્રચાર કરવા લાગી. ઉપર ઉપરની બાબતોમાં*





*ઉલઝીને ઉલમા એકબીજાને ઝઘડાળુ એતબારથી ટીકા ટીપ્પણનું નિશાન બનાવવા લાગ્યા. આ રીતે મસ્લકી રવાદરી (દરગુઝરવૃત્તિ)થી ઉલ્ટુ કટ્ટરવાદપણુ મજબૂત થતુ ગયું અને ફિર્ક઼ાપરસ્તી અને ભાગલાવૃત્તિની આગ ભડકી ઉઠી. જેનાથી વિવાદ તથા વિખવાદ, ફિત્ના ફસાદ અને નાઈત્તેફાક઼ીએ જન્મ લીધો અને મિલ્લતની એકતાના ખયાલને અસહ્ય નુકસાન પહોંચ્યું જેના પરિણામે ઉમ્મત ગૃપો તથા ટુકડાઓમાં વહેંચાઈ ગઈ એનાથી ઈસ્લામની સામૂહિક હૈસિયત કમજોરી તથા પડતીની શિકાર થઈ ગઈ. (ફિર્ક઼ાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૫૯)*

## ★ ઉમ્મતમાં વિભાજન કરનારા કોણ ? ★

આં જનાબ (તાહિરુલ ક઼ાદરી) વિભાજન થવા પર મગરનાં આંસૂં વહાવી રહ્યા છે, પણ એ પાયાની વાત પર નજર ન ઉઠી કે આ મતભેદ પેદા કરનારા, ઉમ્મતનું વિભાજન કરનારા, ટુકડા પડાવનારા કોણ મૂઝી લોકો છે ?! **તે કયા સબબો તથા કારણો હતાં જેના કારણે મકતબો તથા મદ્રસાઓ મસ્લકોના રૂપે અસ્તિત્વમાં આવ્યા ?** એના પર ચુપકીદી સાધી લીધી છે, કેમ કે એ રાઝ ખુલી જાય તો તેમનો સુલેહ કુલ્લિયતનો મહેલ જમીનબોસ થઈ જાય ! અને સુલેહ કુલ્લિયતના સર્વ મન્સૂબા માટીમાં ભળી જાય ! જેની માયાજાળ રચીને પ્રો. તાહિર સૌને એક સાથે મિલાવવા ચાહે છે અને પૂર્વજ બુઝુર્ગોથી રિશ્તો તોડીને નવા માર્ગે દોડતા કરવા ચાહે છે.

પ્રોફેસર તાહિર સાહબે કેવળ અખંડ ભારતનો ઉલ્લેખ કર્યો છે, **હક઼ીક઼ત એ છે કે વહાબી ફિર્ક઼ો અરબથી અજમ સુધી ફેલાયો અને તેણે અહલે સુન્નત પર જુલ્મો તોડયા,**

અરબમાં એ ફિર્કો પેદા થયો અને ત્યાં હજારો ઉલમા તથા સુલહા (સાલેહ લોકો)ને કત્લ કર્યા, **બાદમાં મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તકવિયતુલ ઈમાન" લખીને અહીં (હિંદમાં) એ ફિત્નાને ઉત્તેજન આપ્યું અને ઘરે ઘર વિખવાદ તથા વિવાદની આગને ભડકાવી દીધી.**

આ બાતિલ ફિર્કાનો પર્દો ફાશ કરનાર આલિમ અલ્લામા શામી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ દુર્રે મુખ્તાર, ભાગ–૩, બાબુલ બગાતના શરૂમાં લખે છે :–

"જેવો કે આપણા જમાનામાં અબ્દુલ વહ્હાબના માનવાવાળાઓનો બનાવ ઉપસ્થિત થયો કે એ લોકો નજદથી નીકળ્યા અને મદીના શરીફ પર તેમણે કબ્જો જમાવ્યો. પોતાને હંબલી મઝહબ પ્રતિ સંબંધિત કરતા પરંતુ એમનો અકીદો એ હતો કે કેવળ અમો જ મુસલમાન છીએ, અને જેઓ અમારા અકીદાની વિરુદ્ધ છે તે મુશ્રિક છે, એટલા માટે તેમણે અહલે સુન્નત વ જમાઅતના કત્લને જાઈઝ ઠરાવ્યું અને એમના ઉલમાને કત્લ કર્યા, ત્યાં સુધી કે અલ્લાહે વહાબીઓની શૌકત તોડી નાખી અને તેમનાં શહેરોને વિરાન કરી નાખ્યાં અને ઈસ્લામી લશ્કરોને એમના પર ફતહ આપી."

આ બનાવ હિ.સ. ૧૨૩૨માં બન્યો. આ તો અરબસ્તાનના ફિત્નાની ઐતિહાસિક સચોટ ગવાહી હતી જેના પ્રતિ વિચારણા કરવામાં પ્રો. તાહિરના (સર્વ ફિર્કાનો શંભૂમેળો કરવાના) મિશન તથા મનસૂબાની તબાહી જોવામાં આવે છે. હવે આવો અખંડ ભારતની તરફ જેની ચિંતા પ્રો. તાહિરુલ કાદરી સાહબને છે જેથી તેઓ સુલેહ કુલ્લિયતનો પાયો મજબૂત કરે અને અહલે સુન્નતને તબાહ કરવામાં કામયાબ થઈ જાય. **પણ દીન તથા**





**સુન્નિયતના ખુદાથી ડરનારા હક્ક ગો આલિમો આ સુલેહ કુલ્લિયતના કિલ્લાને વેરવિખેર કરવાને પોતાનો ફરીઝો સમજે છે, દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવાનું અલ્લાહના ફઝ્લથી જાણે છે.** મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તકવિયતુલ ઈમાન" લખી જેનાથી ઘરે ઘર ફિત્ના તથા નાઈત્તેફાકી ફેલાઈ જેનો સ્વીકાર પ્રો. તાહિરને પણ હતો. જરા ઈન્સાફ તથા બુદ્ધિ તેમજ શાણપણની નજરથી જુઓ કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની કિતાબની ઓળખ કઈ રીતે કરાવી છે :

"અમુક ઉલમા સમક્ષ 'તકવિયતુલ ઈમાન' રજૂ કરી અને ફર્માવ્યું કે, **મેં આ કિતાબ લખી છે, અને હું જાણું છું કે એમાં અમુક જગાએ જરા તેજ શબ્દો પણ આવી ગયા છે અને અમુક જગાએ સખ્તી પણ થઈ ગઈ છે. દા.ત. તે બાબતોને જે શિર્કે ખફી (નાનુ શિર્ક) હતું તેને શિર્કે જલી (મોટુ શિર્ક જેને કરનાર ઈસ્લામથી બહાર થઈ જાય છે) લખી દેવામાં આવ્યું છે. એના કારણે મને ડર છે કે તેના પ્રસિદ્ધ થવાથી હંગામો જરૂર થશે ! પણ આશા છે કે લડી ઝઘડીને આપોઆપ ઠીક થઈ જશે."** *(દેવબંદી કિતાબ : હિકાયાતે ઔલિયા, પેજ : ૧૮)*

અલ્લાહુ અકબર ! મિલ્લતની બદ્ખ્વાહી, અશાંતિ, દુશ્મની માટે કમર કસી છતાંય ન ખુદાનો ખૌફ રહ્યો ન આખેરતના ખૌફ પ્રતિ દિમાગ દોડયું ! છેવટે આ કિતાબ છપાઈને લાખોની સંખ્યામાં વહેંચાઈ, સેંકડો ઉલમાએ એના બાતિલપણાનો રદિયો આપ્યો, પણ દેવબંદી ફિર્કાએ તેના સમર્થનમાં કમર કસી લીધી, જ્યારે કે એમાં ફાસિદ તથા ગુસ્તાખીપૂર્ણ લખાણો ભરેલાં પડયાં છે. જેમ કે એમાં છે :–

★ "અલ્લાહની સમક્ષ લાચાર હોવામાં, બેઈખ્તિયાર હોવામાં આપણે તથા **મૂર્તિઓ** તથા **અવલિયા** તથા **પયગંબર સૌ સરખા** છે." *(નસીહતુલ મુસ્લિમીન, પેજ : ૧૩)*

★ "જેમ કે દરેક કૌમનો ચૌધરી અને ગામનો જમીનદાર, તો એ અર્થોમાં દરેક પયગંબર પોતાની ઉમ્મતનો સરદાર છે." *(પેજ : ૭૨)*

★ "સર્વ અંબિયા તથા અવલિયા, અલ્લાહ સમક્ષ નાચીઝ રજકણથી પણ કમતર (તુચ્છ) છે." *(પેજ : ૬૩)*

★ "દરેક મખ્લૂક અલ્લાહની શાનની સમક્ષ ચમાર (મોચી)થી પણ વધુ નીચ છે." *(પેજ : ૧૬)*

★ "રસૂલના ચાહવાથી કાંઈ થતુ નથી."

★ "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી."

★ "હુઝૂર ﷺના માટે પોતાના તરફથી ઘડીને આ કથન લખ્યું છે કે, "હું પણ એક દિવસ મરીને માટીમાં ભળી જવાનો છું." *(પેજ : ૬)* વગેરે....વગેરે.

તે ઉપરાંત અન્ય કિતાબોમાં છે :–

★ "હુઝૂર ﷺના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધુ છે." *–(તઝહીરુન્નાસ)*

★ "હુઝૂર ﷺનો ઈલ્મ બાળકો, પાગલો અને ચોપગાં જાનવરો જેટલો છે." *(હિફઝુલ ઈમાન)*

શું આ વાતો ફુરૂઈ (ઉપર ઉપરના) મતભેદમાં ગણાશે ? બેઅદબી તથા ગુસ્તાખીની કોઈ હદ નથી જેને વાંચીને અને સાંભળીને કલેજુ મોઢે આવી જાય છે. જયારે કે આ મહાન





મર્તબાવાળા નબીએ મોઅઝ્ઝમ ﷺની શાને અકદસ એટલી મહાન છે કે કુર્આન જેના મર્તબા બયાન કરે છે, જેમના માટે જહાન પેદા કરવામાં આવ્યું છે અને જેમની બારગાહના આદાબ ખૂદ રબ તઆલાએ બતાવ્યા છે.

**અદબ ગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુક્તર**
**નફ્સ ગુમકર્દા મી આયદ જૂનૈદો બાયઝીદ ઇંજા**

## ★ તાહિરુલ કાદરીની ટેઢી વાત ! ★

પણ અફસોસ ! પ્રો. તાહિર સાહબ કહે છે કે, કાંઈ નહીં ! સર્વ એક થઈ જાવ ! સર્વ મદ્રસા તથા મક્તબો એક કરી લો જ્યાં કાદયાની, વહાબી, શીઆ, દેવબંદી તથા ગૈર મુકલ્લિદ સર્વ હોય, સુન્ની પણ હોય, સૌ એક જગાએ બેસો, ગુસ્તાખે રસૂલ સાથે આશિકે રસૂલ (ﷺ) પણ રહે ! **આ ઇબ્લીસી સોચ છે જેનું પોતાની કિતાબમાં તેમના થકી વારંવાર પ્રદર્શન કરવામાં આવ્યું છે.** ઉલમાએ અહલે સુન્નત પર કલમનો આ નશ્તર જુઓ લખે છે કે :–

*"ફરાગત પ્રાપ્ત કરનારા આલિમો મૌલ્વીઓ તો બની ગયા જેમનું કામ નિકાહખ્વાની તથા મુડદાંઓની કફન દફન ક્રિયા સિવાય કાંઈ ન હતું." (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ? પેજ : ૬૩)*

**આંખવાલા તેરે જાબેનકા તમાશા દેખે**
**દીદએ કોર કો કયા આએ નઝર ક્યા દેખે !**

અને અમે સાબિત કરી આપ્યું છે કે વહાબિયતની ફાસિદ તથા બાતિલ માન્યતાઓએ તેમની કિતાબો વડે ઉમ્મતમાં વિખવાદ ફેલાવ્યો છે અને દેવબંદીઓએ એ જ ફસાદને ફેલાવવા

માટે "તકવિયતુલ ઈમાન" જેવી કિતાબને સમર્થન કર્યું. વહાબી દેવબંદીઓના પેશવા મૌલ્વી રશીદ અહમદ ગંગોહીએ આ કિતાબના બારામાં લખ્યું છે :–

"ખૂબ જ ઉમદા કિતાબ છે અને શિર્ક તથા બિદઅતના વિષયમાં લાજવાબ છે, એની દલીલો તદ્દન કિતાબુલ્લાહ અને હદીષો થકી છે. એને રાખવું તથા પઢવું અને અમલ કરવો અયને ઈસ્લામ છે." *(ફતાવા રશીદિયહ, પેજ : ૧૧૫)*

યાદ રાખો ! સર્વ ફિત્નાઓમાં જબરદસ્ત ફિત્નો અને સર્વ મુસીબતોમાં ખતરનાક મુસીબત તે છે જેની ખબર મુખ્બિરે સાદિક ﷺએ પહેલેથી આપી દીધી હતી અને આ ફિત્નાથી મુસ્લિમોને ચેતવી દીધા હતા. મિશ્કાત શરીફ, ભાગ–૨, બાબુ ઝિક્રિલ્યમનુ વશશામમાં બુખારીના હવાલાથી રિવાયત છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે :–

એક દિવસ દરયાએ રહમતે મુસ્તફા ﷺ જોશ મારી રહ્યો હતો. બારગાહે ઈલાહીમાં હાથ ઉઠાવીને હુઝૂરે દુઆ ફર્માવી : "હે અલ્લાહ ! અમારા યમનમાં બરકત આપ !" હાજરજનોમાંથી અમુકે અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા નજદમાં બરકતના માટે દુઆ ફર્માવો. તો ફરી હુઝૂરે દુઆ ફર્માવી પણ નજદનો ઉલ્લેખ ન કર્યો. સારાંશ કે ત્રણવાર યમન તથા શામના માટે દુઆ ફર્માવી. વારંવાર ધ્યાનિત કરવા છતાં નજદના માટે દુઆ ન ફર્માવી, બલ્કે ઈર્શાદ ફર્માવ્યો, "હું આ અઝલી મેહરૂમ વિસ્તારને કેવી રીતે દુઆ આપુ ! ત્યાં તો ધરતીકંપો તથા ફિત્ના થશે અને ત્યાં શૈતાની ગિરોહ પેદા થશે." *(ભાવાર્થ)*

આ પરથી જાણવા મળ્યું કે સરકાર મુસ્તફા ﷺની નજરો સમક્ષ નજદનો ફિત્નો હતો જેની આ પ્રમાણે ખબર આપી. **જ્યારે**





**પ્રો. તાહિર સાહબ જિદ્દી, આઝાદ ખયાલ, સુલેહ કુલ્લિયતના ઝંડાધારી આ દૌરના એવા મુફક્કિર બની બેઠા કે સૌને મિશ્ર કરીને એક બનાવવા ચાહે છે.** અલ્લાહ પાક એમની આઝાદખયાલીથી અહલે સુન્નતને બચાવે. (આમીન)

**★ પ્રો. તાહિરનો ખયાલ હદીષથી વિરુદ્ધ ! ★**

હવે સાંભળો ! પ્રો. તાહિરની વાણી :–

*"એ વાત પણ સારી પેઠે દિમાગમાં બેસાડી લેવી જોઈએ કે ખુદા તથા રસૂલે કોઈ પણ ફિર્કા તથા મસ્લકના નામ પર જન્નતનો પરવાનો બહાર નથી પાડયો. જો કોઈ એ ભરમમાં સંડોવાયેલો હોય કે તે ફલાણા મસ્લકથી સંબંધિત હોવાના કારણે જન્નતનો હક્કદાર છે તો એ તેનો ફોગટનો ખયાલ તથા સ્વજાતને ધોકો આપવું છે." (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ? પેજ : ૨૪)*

જનાબ તાહિરનો આ અંગત ખયાલ છે તથા પોતાનો ખયાલ છે, પણ અમે હદીષે મકબૂલ ﷺથી રજૂ કરીએ છીએ કે તેમનો આ ખયાલ હદીષ શરીફની વિરુદ્ધ છે, અને જે પણ હદીષની વિરુદ્ધ કથન છે અમે તેને રદ કરીએ છીએ, ભલે સુલેહકુલ્લિયત તડપી તડપીને મરી જાય !

"યકીનન ! બની ઈસ્રાઈલ ૭૨ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા અને મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાઈ જશે, સિવાય એક મિલ્લતના સર્વ દોઝખી થશે. લોકોએ પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ તે કયો ફિર્કો થશે ? ફર્માવ્યું, જેના પર હું છું અને મારા સહાબા છીએ." *(તિર્મિઝી, અહમદ, અબૂ દાઊદ અન મુઆવિયહ)*

મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ આ હદીષની શરહમાં ફર્માવે છે કે એમાં દર્શાવવામાં આવ્યું છે કે જન્નતી થવા માટે બે ચીજોની જરૂરત છે : સુન્નતની પયરવી તથા મુસ્લિમોની જમાઅતની સાથે રહેવું, એટલા માટે મઝહબનું નામ "અહલે સુન્નત વ જમાઅત" છે. જમાઅતથી મુરાદ મુસલમાનોનો મોટો ગિરોહ છે જેમાં ફક઼ીહો, આલિમો, સૂફીઓ તથા અવલિયા છે. અલ્હમ્દુલિલ્લાહ ! આ શરફ (મહાનતા) પણ "અહલે સુન્ન્ત વ જમાઅત"ને જ હાંસલ છે. અહલે સુન્નત સિવાય કોઈ ફિર્ક઼ામાં નથી. યાદ રાખશો કે ૭૩ની સંખ્યા ઉસૂલી ફિર્ક઼ાની છે આ ઉસૂલી ફિર્ક઼ો એક જન્નતી બાકીના ૭૨ જહન્નમી. જેમ કે અહલે સુન્નતમાં હનફી, શાફઈ, માલિકી, હંબલી, ક઼ાદરી, નક્શબંદી, સુહરવર્દી, ચિશ્તી એવી જ રીતે અશાએરા, માતુરિદિયા એ સર્વ દાખલ છે, કેમ કે અક઼ીદા સૌના એક છે અને તેમની ગણના એક જ ફિર્ક઼ાથી છે. એવી જ રીતે ઘણા જ નારી (જહન્નમી) ફિર્ક઼ાઓનો હાલ છે કે એમાં એક ફિર્ક઼ાના ઘણા ટોળાં છે. દા.ત. રાફઝી એક ફિર્ક઼ો છે જેનાં ઘણા ટોળાં છે : બારા ઈમામયે, છ ઈમામયે, એ જ પ્રમાણે અન્ય ફિર્ક઼ાઓની હાલત છે. એનું વિગતે વર્ણન મિર્ક઼ાત વગેરેમાં છે. *(પેજ : ૧૭૦, ભાગ : ૧)*

પ્રો. તાહિર પોતાની કિતાબ "ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ?"માં આગળ લખે છે :–

*"કોઈ હુઝૂર صلی اللہ علیہ وسلمના વજૂદને મતભેદનું સ્થાન બનાવે છે, કોઈ આપની હક઼ીક઼ત તથા હૈસિયતને, તો કોઈ આપના ઈલ્મ તથા ઈર્ફાનને મતભેદનો સબબ બનાવે છે, કોઈ આપના તસર્રુફ તથા શક્તિને, કોઈ આપની શફાઅત તથા મદદને, કોઈ આપની સુન્નત તથા સીરતને કોઈ આપના નામને મતભેદનો આધાર*





*બનાવે છે અને કોઈ આપ صلی اللہ علیہ وسلمના મક઼ામને." (ફિર્ક઼ાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૨૬)*

**જોયું તમે** ? ફરિયાદ જ ફરિયાદ છે ! પણ **એવું કહેવાની હિંમત નથી કે એમાં હક્ક઼ શું છે, અને બાતિલે શું ગુમરાહી કરી છે અને હિદાયત શું છે ?** કેમ કે બાતિલના બાતિલપણાને માર્ગથી ફેરવવું એમનો ખાસ હેતુ છે, પરિણામ એ છે કે **શફાઅતનો મુન્કિર (નકારનાર) પણ ઠીક છે અને શફાઅત તથા તસર્રુફને માનનારો પણ સહીહ છે ! રસૂલની અઝમત (મહાનતા)ને માનનારો પણ સાચો છે અને અઝમતે મુસ્તફા صلی اللہ علیہ وسلمને નકારનારો પણ બરાબર છે ! પ્રોફેસરી સોચ એ છે કે સૌ ભેગા થઈ જાવ ! સૌ એક થઈ જાવ ! બસ આ યુગની સૌથી મોટી જરૂરત "સુલેહ કુલ્લિયત"ને ક઼બૂલ કરવું છે, પ્રોફેસરના ખયાલોને સમર્થન કરવું છે જે સૌ મહાન ઉલમા તથા સૂફિયાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَથી અલગ થલગ દોઢ ઈંટની મસ્જિદ (અલગ ચોકો) છે જેના સૌ મુક઼્તદી બની જાય અને ઈમામ (મુક઼્તદા) ખૂદ બની બેઠેલ આં જનાબ ! બસ, મુરાદ પૂરી થઈ ગઈ, જેનો પાયો ઈદારો મિન્હાજુલ કુર્આન છે જે આ જનાબ પ્રો. તાહિરનો સ્થાપેલો છે જેમાં સર્વ ફિર્ક઼ા મુસલમાન, યહૂદી, નસરાની, ક઼ાદયાની, શીઆ, વહાબી તથા દેવબંદી વગેરે છે. એમનું એ જ મિશન છે કે આ પદ્ધતિના ઈદારા ચો તરફ ખુલી જાય પછી સરળતાપૂર્વક સુલેહ કુલ્લિયત ફેલાઈ શકે**, તેના ઝહેરીલા ઝાડમાં શક્તિ આવે અને તેનાં દુર્ગંધ મારતાં પાંદડાં પેદા થાય અને અતિશય જીવલેણ ફળો એનાથી બહાર પડે.

### ★ પ્રો. તાહિરની સદંતર જૂઠી રજૂઆત ! ★

સુલેહ કુલ્લિયતનો પાયો નાખવા માટે જનાબે ભાત ભાતની બોલીઓ બોલી છે, પ્રથમ કાંઈ કહ્યું, પછી કાંઈ કહ્યું, એમાં આપસમાં વિરોધાભાસ પણ કેમ ન હોય ! કેમ કે થોડા અભ્યાસવાળો આં જનાબની આઝાદ સોચનો કોઈ પણ રીતે શિકાર થઈ જ જશે. જુઓ શું બકવાસ કરી રહેલ છે ! :–

*"બિહમ્દિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અકીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અકીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે." (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હે ?, પેજ : ૩૭)*

પછી થોડી લીટીઓ બાદ લખે છે :–

*"અત્યારે સ્થિતિ એ છે કે આપણા અકીદા મુર્દા તથા બેજાન થઈ ચૂક્યા છે તેને આપણી અમલી જિંદગીમાં વહેમોથી વધીને કોઈ સ્થાન નથી આપ્યું. તૌહીદનો અકીદો હોય કે રિસાલતનો અકીદો, આખેરતનો ખયાલ હોય કે જઝા તથા સજાનો એમાં તિરાડો પડી ચૂકી છે." (હવાલો : ઉપર મુજબ, પેજ : ૩૭)*

આવા જ મૌકા પર બુઝુર્ગોએ કહ્યું છે કે : દરોગ ગો રા હાફિઝા ન બાશદ એટલે "જૂઠુ બોલનારને યાદ શક્તિ નથી હોતી !" અને આ દષ્ટાંત ડો. તાહિર પર ફિટ બેસે છે. એક તરફ તો એ દાવો કે પાયાના અકીદા સૌના સરખા છે અને બીજી તરફ તરત જ એ એલાન કે, "અકીદા મુર્દા તથા બેજાન થઈ ચૂક્યા છે !" તો એમાંથી કઈ વાત સાચી ?! સારી રીતે વિચારણા કરવામાં આવે તો **બંનેવ વાતો સાચી નથી**, કેમ કે **અત્યારે મિલ્લતમાં**





**પાયાના મતભેદો છે કેમ કે એક ગિરોહ શાને રિસાલત ﷺમાં બેઅદબ તથા ગુસ્તાખ છે અને બીજી જમાઅત શાને રિસાલતના આદાબ તથા એહતેરામને જાન તથા ઈમાન અને રૂહે ઈમાન, અસ્લે ઈમાન માને છે :–**

*અલ્લાહ કી સર તા બકદમ શાન હંય પર*
*ઈન્સા નહીં ઈન્સાન વહ ઈન્સાન હંય યહ*
*કુર્આન તો ઈમાન બતાતા હય ઈન્હેં*
*ઔર ઈમાન યહ કહતા હય મેરી જાન હંય યહ*

મુસ્તફા ﷺની અઝમતો રિફઅત (ઉચ્ચતા) બયાન કરનારા ખતીબો આં જનાબ (પ્રો. તાહિર)ની ટીકાનો નિશાનો બને છે જ્યારે કે એમના થકી મહોબ્બત તથા ઉલ્ફતનો ચિરાગ ઔર રોશન થાય છે. જાહેર છે કે આવા બયાનોથી તેમને પોતાની સુલેહ કુલ્લિયતની ચળવળમાં કમજોરી મેહસૂસ થતી જોવા મળે છે. સાંભળો ! કહે છે :–

*"આ સામાન્ય અનુભવ છે કે મદ્રસાઓના ફાઝિલ આલિમો નૂર તથા બશર, હાઝિર તથા નાઝિર જેવા વિષયો પર તો કલાકો સુધી તકરીર કરી શકે છે પરંતુ મુસ્લિમ ઉમ્મતને ઉભા થનારા અર્વાચીન મસાઈલ જેમ કે ઈસ્લામી આર્થિક વ્યવસ્થા, ઈસ્લામી અર્થતંત્રનું બંધારણ સંબંધે ખૂબ જ ઓછું જ્ઞાન ધરાવે છે."*

**જોયું ?!** જે તેમના ખયાલો તથા વિચારો સાથે સહમત નથી થતો તેની સાથે તે આવા જ અંદાઝથી વાત કરે છે, તે ન તેમની નજીક સારો ખતીબ છે અને ન સારો આલિમ ! બસ ગણત્રીની અમુક વાતો સુધી જ તેની જાણકારી છે. અને જો અન્ય વિષયો પર આલિમોએ લખ્યું પણ છે તો તે પણ આ જનાબ પ્રો. તાહિરની નજરમાં કોઈ મહત્વ નથી ધરાવતુ, કેમ ?! સર્વ કાબેલિયતો તો

એમની જ અંદર છે ! વરસોનો ઈલ્મી ખજાનો બુઝુર્ગોએ મુસ્લિમ કૌમને આપ્યો તેની તો કોઈ હૈસિયત જ નથી ! કદાચ શયખ સાઅદીએ એટલા માટે જ કહ્યું હતું : (અર્થ)"દુનિયાને રોશન કરનાર સૂરજ આંધળા છછુંદરને બુરો લાગે છે."

હક્ક મસ્લકની વિશિષ્ટ અનોખી હૈસિયત તો પ્રો. તાહિરને તદન માન્ય નથી જેથી પેંતરા બદલી બદલીને હુમ્લો કરે છે **એની (હક્ક મસ્લકની) વિશિષ્ટ નિશાનીઓને મિટાવવાને જ પોતાનો જીવન ધ્યેય દર્શાવતાં પૂરી કિતાબ (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?)માં સૌથી વધુ ટીકા ટીપ્પણી એના પર કરવામાં આવી છે જેઓ હક્ક મસ્લક તથા હક્ક મઝહબ પર જામેલા છે. તે સૌથી મોટો ખતરો એને જ સમજે છે.** જુઓ ! કહી રહ્યા છે :–

*"ઉઘાડી ફિર્કાપરસ્તીના શિકાર એવા લોકો થયા જેમની તા'લીમો તર્બિયત ખાસ મસ્લકી માહોલમાં થઈ અને દીની મદ્રસાઓમાં તા'લીમ હાંસલ કરીને પછી તેઓ અમલી જિંદગીના મેદાનમાં પ્રવેશ્યા તો તેમણે મસ્લકની હિફાઝત અને પોતાના અકીદા તથા માન્યતાઓની તબ્લીગને જ પોતાનો જીવન ધ્યેય બનાવી લીધો. આ રીતે ફિર્કાપરસ્તીની જડો ઊંડી થતી ગઈ." (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૩૭)*

આજ સુધીના ઉલમા તથા ફકીહો જેઓ મસ્લક તથા મઝહબની તબ્લીગ તથા પ્રચારમાં લાગેલા છે તે આં જનાબ (પ્રો. તાહિર)ની નજરમાં મુજરિમ છે ! અને "ફિર્કાપરસ્ત"ના લેબલ વડે યાદ કરવા પાત્ર છે, ભલે પછી હુબ્બે રસૂલ (મહબ્બતે રસૂલ ﷺ)માં તેમની પળે પળ ઉજ્જવળ થઈ ગઈ હોય, પણ મસ્લક તથા મઝહબના પાબંદ થઈને રહેવું સુલેહ કુલ્લિયત માટે ગંભીર





ખતરો છે એટલા માટે તેમની ઈજ્જત તથા હુર્મત સાથે ખેલવાને પ્રો. તાહિર પોતાનો અખ્લાકી ફર્ઝ સમજે છે.

**ખિઝર કે ભેસમેં યાં સેંકળોં રહઝન ભી રહતે હૈં**
**અગર દુન્યામેં રહના હય તો કુછ પેહચાન પેદા કર**

મસ્લકોને ખત્મ કરવા માટે પ્રો. તાહિરે પ્રથમ તો તેમની ખરાબીઓ વર્ણવી, તેમની વિરુદ્ધ નફરત તથા અદાવત ફેલાવી, પછી જાતે જ સુલહે કુલ્લિયતનો ઈદારો ખોલીને અમલી નમૂનો પૂરો પાડયો, પછી વારંવાર એવા બયાનો આપ્યાં કે કેટલાય ઈદારા અન્ય ખોલાવ્યા અને સુલેહ કુલ્લિયતને ફેલાવવામાં લાગી ગયા. જુઓ ! શું કહે છે :–

*"વિવિધ વિચારશ્રેણી (સર્વ ફિર્કાવાળા)ના આલિમોની બનેલી એક કાઉન્સિલ બનાવવામાં આવે જેમાં સામૂહિક રીતે અખ્લાકનું બંધારણ ઘડવામાં આવે જેથી દરેક મસ્લકના વઅઝ કરનારા, મુકર્રિરો, આલિમો, લેખકો આ અખ્લાકી બંધારણ હેઠળ રહીને દીનની દા'વત તથા મસ્લકના પ્રચારનું કામ કરે. આ અખ્લાકી બંધારણ થકી એ બાબતની જિમ્મેદારી (જમાનત) પૂરી પાડે કે કોઈ શખ્સ કોઈપણ મસ્લકની વિરુદ્ધ ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ટ કીચડ ન ઉછાળે. આ કાઉન્સિલ એવા પ્રભાવશાળી આગેવાનોની બનેલી હોય કે એમના વિશે તેમના મસ્લકોના આલિમો, મુબલ્લિગો તેમની હિદાયત પર સખ્તીપૂર્વક અમલ કરવાના પાબંદ હોય. એમના આલિમો થકી એ બાબતનું યકીન કરાવવામાં આવે કે આ અખ્લાકી બંધારણના વિરુદ્ધ કરનાર કોઈપણ ખતીબ તથા મુકર્રિર ન કેવળ પોતાના આગેવાન સમક્ષ જવાબ આપવા બંધાયેલ રહેશે, બલ્કે તેની વિરુદ્ધ મસ્લકી તથા તન્ઝીમી કક્ષાએ કાયદેસર*

*કાર્યવાહી પણ કરવામાં આવશે. દા.ત. તેમને મસ્લકના સંબંધે કોઈપણ હોદ્દા પર રહેવા, દેવામાં નહીં આવે. તેના સભ્યપદને રદ કરી દેવામાં આવશે. મઝહબી ઈજતેમાઓમાં તેને સામેલ થવાથી બાકાત રાખવામાં આવશે. તેને તેની મસ્જિદમાં બયાનથી, ઈદારાના સંચાલન તથા મેનેજમેન્ટથી દૂર કરીને તેના પર અખ્લાકી દબાણ લાદવામાં આવશે." (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૭૮)*

(એ પણ કહી દોને કે....) અને તેમ છતાં પણ તે મસ્લક સંબંધી (બાતિલ ફિર્કાઓની રદ તથા સુન્નિયતની હિમાયત)ની તકરીરોથી દૂર ન થયો તો મુજરિમ ફિલ્અર્દ ફસાદ ફિન્નાસ (જમીન પર ફસાદ ફેલાવનારા)ની કલમ લગાડીને તેને પૃથ્વીના પટ પરથી નષ્ટ કરી દેવામાં આવે ! અને બતાવી દેવામાં આવે કે, "સુલેહ કુલ્લિયત"ને કબૂલ ન કરનારાનો આખરી અંજામ આ થશે ! વાહ રે પ્રોફેસર ! કમર તો એટલા માટે કસી હતી કે કૌમ સુધારક થવાની સદ્નસીબી હાંસલ કરે, પણ એમાં આટલા પ્રમાણમાં સખ્તી તથા જુલ્મ તથા ફસાદનો કોઢ નીકળ્યો કે છેવટમાં જો કત્લ કરાવવાની જરૂરત મેહસૂસ થાય તો તે પણ કરવાથી ખચકાટ ન અનુભવવામાં આવે ! અને દૃષ્ટાંતમાં હુઝૂર ﷺના મસ્જિદે દ્દર્રારને તોડી પાડવા વિશેનો બનાવ રજૂ કર્યો ! જ્યારે કે તે કતઈ–નિશ્ચિત, યકીની ફસાદ હતો અને એના સિવાય એને રોકવાનો માર્ગ ન હતો. પ્રો. તાહિરનું એ કહેવું કે જ્યારે આ મસ્જિદને તોડી પાડવામાં મસ્જિદની પવિત્રતાને આંચ ન આવી તો જનાબની માન્યતા પ્રમાણે, એટલે કે જે સુલેહ કુલ્લિયત પર પૂરો ન ઉતરે તે મુજરિમ ફસાદ ફિલ અર્દ (જમીન પર ફસાદ કરનાર)ની મંઝિલે આવી ગયો ! જ્યારે કે તે કેવળ આ પ્રોફેસર





તાહિર અથવા તેના સમર્થકોનું ગુમાન તથા ખયાલ જ ગણાશે જે કલ્પિત સબૂત છે અને એ યકીનન શરીઅતમાં સ્વીકારપાત્ર થશે નહીં. પણ જનાબનું એ કહેવું કે, *"એનાથી ઉલમાની પવિત્રતા પર કોઈ આંચ નહીં આવે." (પેજ : ૯૨)*

ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી તથા ઈસ્માઈલ દહેલ્વીના મિશન પર ચાલીને પોતાની સુલેહ કુલ્લિયતને ફેલાવવા માટે મઝહબો તથા મસ્લકો પર અડગ કરાવવાવાળા ઉલમાની કત્લ કરવી પડે તો એવું પણ તમો જરૂર કરશો ! (જેમ કે વહાબી ઈતિહાસમાં છે કે સેંકડો ઉલમા તેમણે કત્લ કર્યા.)

## ★ સુલેહ કુલ્લિયતને કુર્આન હદીષનો રદિયો ★

હવે આવો સુલેહ કુલ્લિયતની રદમાં કુર્આન તથા હદીષથી દલીલો જુઓ. કુર્આને પાકમાં ફર્માવવામાં આવ્યું : "જ્યારે તને શૈતાન ભૂલાવી આપે તો યાદ અપાવ્યા બાદ જાલિમ કૌમની સાથે ન બેસ." આ સુલેહ કુલ્લિયતને કુર્આનનો રદિયો છે.

મશહૂર મુફસ્સિર મુલ્લા અહમદ જીવન رحمۃ اللہ علیہ તફસીરાતે અહમદિયામાં લખે છે : "જાલિમનો મતલબ ગુમરાહ, ફાસિક, કાફિર સાથે બેસવું કુર્આનના ફર્માનથી મના છે." આ સુલેહ કુલ્લિયતની તફસીરી રદ છે.

ઓકેલી બિન અબૂ હન્નાન હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહે મને પસંદ કર્યો અને મારા સહાબા તથા અસ્હારને ચૂંટી લીધા અને નજીકમાં જ એક કૌમ આવશે કે તેમને બુરા કહેશે અને એમની શાન ઘટાડશે. તમે એમની પાસે ન બેસશો, એમની સાથે ન પીશો ન ખાશો ન શાદી કરશો."

અને ફર્માવે છે નબી علیہ الصلوٰۃ والسلام કે, "કદરીઓ (કદરિયા ફિર્કાવાળા) પાસે ન બેસો ન તેમની સાથે સલામ કલામ શરૂ કરો." *(ફતાવા રઝવિય્યહ્, ૩/૨૯૪)*

આ સુલેહ કુલ્લિયતનો રદ છે હદીષો થકી. સાંભળો ! સરકાર ﷺ ફર્માવે છે : "અહલે બિદઅત (નવા અકીદાવાળા) દોઝખીઓના કૂતરા છે." *(ઉપર મુજબ)*

પણ પ્રો. તાહિર ઘણા જ જોર શોરપૂર્વક એમની સાથે મળવા જુલવાની વકાલત કરી રહ્યા છે ! મુસલમાન તો કેવળ મદની સરકાર ﷺના ગુલામ છે, તેમના ફર્માન પર અમલને નજાતનો આધાર સમજે છે, ભલે કોઈ બળી મરે તો બળતો રહે ! તેની પરવા નથી. મો'મિનના માટે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની રઝા પૂરતી છે, કોઈ અયરા ગૈરા નથ્થુ ખૈરાની ખુશીની શું પરવા કરવી ?!

## ★ સુલેહ કુલ્લિયતથી બચવા ઉલમાનાં કથનો ★

ફાઝિલ અલ્લામા સૈયદી અહમદ મિસ્રી તહતાવી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ દુર્રે મુખ્તારના હાશિયામાં નકલ કરે છે : "જે શખ્સ જમહૂર (બહુમતિ) ઈલ્મવાળા તથા ફકીહો તથા સવાદે આ'ઝમ (અહલે સુન્નત)થી અલગ થઈ જાય, એવી ચીજની સાથે એકલો હોય જે તેને દોઝખમાં લઈ જાય તો હે મુસ્લિમોના ગિરોહ! તમારા પર નાજી (નજાત પામનાર) ફિર્કા અહલે સુન્નતનું અનુસરણ અનિવાર્ય છે કે ખુદાની મદદ તથા હિફાઝત તથા કામોનું બનવું અહલે સુન્નત સાથે રહેવામાં છે અને એને ખુદાનુ છોડી આપવું, ખુદાના ગઝબનો શિકાર થવું તથા (ખુદાના) દુશ્મન બનવું સુન્નીઓની વિરુદ્ધતામાં છે. અને આ નજાત





પામનારો ગિરોહ આ ચાર મઝહબોના સમૂહમાં છે : હનફી, માલિકી, શાફઈ તથા હંબલી (અલ્લાહ એમના પર રહમત વર્ષાવે) આ જમાનામાં આ ચારથી બહાર થનારો બિદઅતની જહન્નમી છે."

તેમજ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બદ્અકીદાની સોહબત હજાર કાફિરોની સોહબતથી બુરી છે." *(મક્તૂબાતે ઈમામે રબ્બાની, કુલ્લિયાતે મકાતિબે રઝા, પેજ : ૧૩૧)*

હઝરત શાહ અહમદ નક્શબંદી મુજદ્દિદી (વિસાલ : રબીઉલ અવ્વલ, હિ.સ. ૧ ૨૭૭)ના હવાલાથી હઝરત મુફતીએ આ'ઝમ શાહ મઝહરુલ્લાહ મુજદ્દિદી رحمۃ اللہ علیہ મુહાજિરે મદની લખે છે : "હઝરત શાહ અહમદ સઈદ સાહબ ફર્માવ્યા કરતા હતા કે **વહાબીઓની સોહબતની મા'મૂલી અસર એ થાય છે કે નબી અકરમ علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત જે દીનનો એક મહાન સ્તંભ (રુક્ન) છે તે પળે પળે ઓછી થતી જાય છે, ત્યાં સુધી કે કેવળ નામો નિશાન બાકી રહી જાય છે.** જ્યારે મામૂલી નુકસાનની આ હાલત છે તો મોટા નુકસાનનો આલમ શો થશે ?!" *(રસાઈલે ફઝ્લે રસૂલ, પેજ : ૧૫)*

તાજુશ્શરીઅહ્ અલ્લામા મુફતી અખ્તર રઝાખાં કાદરી مدظلہ العالیથી સવાલ થયો કે ડો. તાહિરુલ કાદરીના મુરીદો ચાહકોનો વાંધો છે કે સૈયદી તાજુશ્શરીઅહ્ તથા અન્ય ઉલમાને ડો. તાહિરુલ કાદરીના બારામાં ગલત માહિતીઓ લોકોએ આપી જેના લીધે તેમણે તેહકીક વિના ફત્વો બહાર પાડયો. તો હઝરત એના બારામાં શું ફર્માવે છે અને તે કયા કારણો છે જેના લીધે તાહિરુલ કાદરી સુન્ની નથી ? શું કેવળ દિયતના બારામાં જ ફત્વો આપવામાં આવે છે કે કાંઈ અન્ય બાબતો પણ છે ? વિગતવાર

જવાબ અર્પણ કરશો.

ફર્માવ્યું : ''તાહિરુલ ક઼ાદરીએ દિયત (ખૂનના બદલે વળતર)ના મામલામાં હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના મઝહબની વિરુદ્ધ લખ્યું અને તાહિરુલ ક઼ાદરીના ઉસ્તાદ હઝરત અલ્લામા સઈદ અહમદ કાઝમીએ તાહિરુલ ક઼ાદરીનો રદ લખ્યો. અને કેવળ દિયતનો જ મસ્અલો નહીં, **દિયતના મસ્અલામાં મતભેદ એ તો ''ગૈર મુક઼લ્લિદિયત'' છે,** પણ એના ઉપરાંત તાહિરુલ ક઼ાદરીએ ''ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હે ?'' એક કિતાબ લખી જે ખૂદ મેં જોયી તેમાં તાહિરુલ ક઼ાદરીએ સ્પષ્ટપણે સાફ શબ્દોમાં લખ્યું છે કે, ''દેવબંદિયત, બરેલ્વિયત, શીઆઈયત એમાં કોઈ ફરક નથી, કેવળ તાબીરી (સમજફેર) મતભેદ છે અને સૌ એક છે.'' અને એમાં એ પણ લખ્યું કે હુઝૂર સરવરે આલમ صلی اللہ علیہ وسلمએ કોઈ એક ફિર્ક઼ાને નજાતનો પરવાનો નથી આપ્યો.''

અને સાઉથ આફ્રિકામાં હું તથા અલ્લામા ઝિયાઉલ મુસ્તફા આઝમી અમે લોકો ત્યાં મૌજૂદ હતા. અમે લોકોએ તાહિરુલ ક઼ાદરીને મુનાઝરાની દા'વત આપી પણ તે અમારા સવાલોના જવાબો આપ્યા વિના ત્યાંથી ભાગી છૂટયા.''

અને હવે તો એવું પણ વિવિધ લોકો થકી સાંભળવામાં આવી રહ્યું છે કે તે ઈસાઈ, યહૂદીઓને બીલિવર્સ (Belivers) એટલે ''ઈમાનવાળા'' બતાવે છે અને તે એવું પણ કહે છે કે અમારી મસ્જિદો ઈસાઈ ભાઈઓના માટે ઉઘાડી છે. પોતાની પુસ્તિકા ''દીદો શુનીદ''માં સાફ સાફ લખ્યું છે કે મારી નમાઝ દેવબંદીઓ, નજદીઓ તથા વહાબીઓ પાછળ થઈ જાય છે'' અને એમનો અમલ પણ એ જ છે કે બિનોરી ટાઈમ ટાઉન જાય





છે તો ત્યાં નમાઝ પઢાવે છે અને મિન્હાજુલ કુર્આનમાં બિનોરી ટાઈમ ટાઉનના લોકો આવે છે તો તાહિરુલ ક઼ાદરી તેમની પાછળ નમાઝો પઢે છે. **આ સર્વ વાતો તેહક઼ીક઼ પામેલી છે, માલૂમ છે અને તેમના બારામાં આ સર્વ વાતો મુતવાતિર છે. આ બાબતોને લીધે અમે તાહિરુલ ક઼ાદરીને સુન્ની સમજતા નથી, અને એ ગલત છે કે અમને કોઈએ ગલત માહિતી આપી છે.''**

વધુમાં તાજુશ્શરીઅહ્ ફર્માવે છે : ''તાહિરુલ ક઼ાદરી જે એવું કહી રહેલ છે કે તે (ઈસાઈ) બીલિવર્સ્ છે એટલે તે તેમને ઈમાનવાળા દર્શાવી રહેલ છે, જ્યારે **કુર્આન તો સરકાર** علیہ الصلوٰۃ والسلام **પર જે યહૂદી તથા ઈસાઈ ઈમાન નથી લાવ્યા તેમને કાફિર કહી રહ્યું છે અને આ તેમને બીલિવર્સ (ઈમાનવાળા) કહી રહેલ છે ! તો એ કુર્આનને જૂઠાડવું છે** અને તેમનું કથન પોકારી પોકારીને કહી રહેલ છે કે જે કુર્આનને જૂઠલાવે તે ઈમાનવાળો નથી થઈ શકતો. યહૂદી તથા ઈસાઈની જેમ બલ્કે એમનાથી અધિક કુફ્રના કીચડમાં ફસાયેલો છે, યહૂદીઓએ તો પહેલેથી જ કલ્મો નથી પઢયો.'' *(ઓન લાઈન)*

**પ્રિય વાંચકો !** આ ઈમાન અફરોઝ બાતિલસોઝ ઈર્શાદો સુલેહ કુલ્લિયત પર વીજળી ફેંકનારા છે, તેના મિશનને માટીમાં ભેળવી દેનાર છે, મસ્લક તથા મઝહબ વિરુદ્ધ એની ચળવળ નાં તાણા વાણા વેરવિખેર કરનાર છે, અને હક઼ીક઼ત તો એ છે કે આપણા સેંકડો અગ્રેસર આલિમો, ફક઼ીહો, સૂફીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેઓ આપણી અક઼ીદતનાં કેન્દ્રો છે, જેમ કે અલ્લામા શાહ ફઝ્લે રસૂલ બદાયૂની, અલ્લામા શાહ અબ્દુલ ક઼ાદિર બદાયૂની, સૈયદ શાહ અલીહુસૈન અશરફી, ઈમામ અહમદ

રઝા બરેલ્વી, મુહદ્દિષે આ'ઝમે હિંદ, રઈસુલ મુહદ્દિષીન અલ્લામા વસી અહમદ મુહદ્દિષે સૂરતી, સદરુલ અફાઝિલ સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી, સદરુશ્શરીઅહ અમજદઅલી ખાં, અલ્લામા હામિદ રઝા, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, મલિકુલ ઉલમા અલ્લામા મુફતી મઝહરુલ્લાહ મુજદ્દિદી, અલ્લામા દીદાર અલી અલ્વરી, અલલમા દીદાર તથા અલ્લામા શાહ રુકનુદ્દીન અલ્વરી رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیۡہِمۡ اَجۡمَعِیۡن વગેરે, જેઓ દીનનો સરમાયો છે, મઝહબના ચિરાગ છે, **પ્રોફેસર તાહિર સમક્ષ તેઓ તમામે તમામ સૌ ગલત બલ્કે હિદાયતથી દૂર હતા,** જેથી સાબિત થયું કે એ પોતે જ ગુમરાહ છે અને સુલેહ કુલ્લિયતને ફેલાવીને બેદીનીને આમ કરવાનુ બીડુ ઝડપનાર છે જેથી આપણે ખૂદ તેનાથી બેઝારી જાહેર કરીએ, એની કિતાબથી દૂર રહીએ, તેનાં બયાનોથી બચીએ અને તેની ગુમરાહીથી લોકોને પણ બચાવીએ, અને આ યુગનો એ સૌથી મહાન ફિત્નાગર છે. મૌલા તઆલા તેની બુરાઈઓ તથા ખરાબીઓથી આપણી હિફાઝત ફર્માવે. અહલે સુન્નત મસ્લકે આ'લા હઝરત પર મજબૂતીથી અડગતા અતા ફર્માવે. આમીન ષુમ્મ આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

*(સુન્ની દુન્યા મંથલી, નવે. ૨૦૧૧, બરૈલી શરીફ)*

*(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, તંત્રી લેખ, જાન્યુઆરી–૨૦૧૨)*





بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

*(પ્રકરણ : ૪)*

# પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે

## એક પ્રશ્ન તથા તેનો જવાબ

અઝ : **મુફતી મુહમ્મદ કૌષરહસન ક઼ાદરી રઝવી**

*(નૂરી દારુલ ઈફતા–બલરામપુર)*

રજૂકર્તા : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**સવાલ** : શું હુકમ છે શરીઅતે પાકમાં એના બારામાં કે પાકિસ્તાની પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબે તા. ૨૫–૯–૨૦૧૧ના રોજ લંડન વેમ્બલીમાં વિશ્વ શાંતિ સંમેલન યોજ્યું જેમાં વિવિધ ધર્મોવાળાઓને ભેગા કર્યા અને સૌને સંબોધતાં કહ્યું :–

**"Allah Means God, nothing else. It is not special thing for Muslim. Allah is the arabic word for God, for Brahma, for Lord, for Creater. You Know. You can raise any word specified for your Lord according your religion. Let us remember our Lord according to our own traditon & religion. Remember our Lord..........."**

એટલે કે, "અલ્લાહનો અર્થ ગોડ છે બીજુ કાંઈ નથી. એ મુસલમાનો માટે ખાસ નથી. અલ્લાહ અરબી શબ્દ છે, બ્રહ્મા, લોર્ડ, (રબ, માલિક) અથવા ક્રિએટર (ખાલિક, સર્જનહાર)ના માટે. પરંતુ તમો (એને યાદ કરવા માટે) કોઈપણ શબ્દ થકી પોકારી શકો છો જે તમારા ધર્મ પ્રમાણે તમારા માલિકના માટે ખાસ હોય ! તો આવો આપણે આપણા માલિક (રબ)ને યાદ કરીએ **પોત પોતાના ધર્મ તથા રિવાજ પ્રમાણે.** (હુકમ આપતાં કહ્યું) યાદ કરો પોતાના ગોડને !" ત્યાર બાદ પ્રો. તાહિર સાહબ તથા સ્ટેજની નીચેના મજમાએ અલ્લાહ ! અલ્લાહ ! કહેવાનું શરૂ કર્યું પણ સ્ટેજ પર જેઓ જાહેરી વિધર્મીઓ હતા સૌ ચૂપ રહ્યા. ત્યારબાદ પ્રો. તાહિર સાહબ સ્ટેજ પર હાજર એક હિંદુ પંડિતની તરફ ગયા અને તેને માઈક આપતાં કહ્યું, **Any god you want to say, any world probably any name according to your religion.** એટલે "કોઈ શબ્દ કે નામ તમે ગોડના માટે લેવા ચાહતા હોઉ તમારા ધર્મ પ્રમાણે !" ત્યારે પંડિત માઈક લઈને "હરે રામ હરે ક્રિશ્ન" મોટા અવાજમાં બોલતા રહ્યા (આ હિંદુ ધર્મનો એક મંત્ર છે જેને હિંદુ રામ તથા કૃષ્ણની પૂજા કરતી વેળા પ્રાર્થના રૂપે કહે છે જેનો અર્થ છે રામ તથા કૃષ્ણ મારા દુઃખ, તકલીફને દૂર કરો !) જ્યારે પંડિત પોતાના જપ ખત્મ કરી ચૂક્યા તો પ્રો. તાહિર સાહબે માઈક એક ક્રિશ્ચ્યનને આપ્યું તેણે કહ્યું, "જિસસ, જિસસ, જિસસ, ફાધર ગોડ ! અ મેન !" (ઈસાઈ જિસસ શબ્દથી ઈસા عليه السلام અને ફાધર ગોડથી અલ્લાહ તઆલા મુરાદ લે છે) ત્યારબાદ પ્રો. તાહિર સાહબ થકી એક બુદ્ધ પૂજારી પાસે માઈક લઈ જવામાં આવ્યું તે માઈક લઈને "નમો બુદ્ધાય !





નમો બુદ્ધાય !" બોલવા લાગ્યો. ગૌતમ બુદ્ધની ઈબાદત (પૂજા) કરતી વેળા બૌદ્ધ લોકો આ પ્રમાણે કહે છે જેનો અર્થ છે, "બૌદ્ધને મારો સજદો અને મુજરો." એ જ પ્રમાણે અન્ય ગૈર મઝહબવાળાઓએ પણ પોતાના ધર્મ તથા અક઼ીદા (માન્યતા) પ્રમાણે પોતાના મઅબૂદનું નામ જપ્યું. આ સર્વ પછી પ્રો. તાહિર સાહબે લાઈલાહ ઈલ્લલ્લાહ કહેવાનું શરૂ કર્યું તો સ્ટેજ પર હાજર રહેલા સર્વ વિધર્મીઓ ખામોશ રહ્યા પણ એક બુદ્ધ સાધુ નમો બુદ્ધાય ઓમ બુદ્ધાય કહેતો રહ્યો.

**અલ્જવાબ** : કહેનાર (પ્રો. તાહિર હોય કે) કોઈપણ તેના તરફથી ન કેવળ કાફિરોની બલ્કે તેમના મઝહબી પેશવાઓની એવી તા'ઝીમ કે તેમને મુસલમાનોથી ઊંચા કર્યા એ સખ્ત હરામ હતું પણ એની તો એમને શું શિકાયત કરવામાં આવે ! જ્યારે કે તે એમને સંબોધીને કહે છે કે, "અલ્લાહનો અર્થ ગોડ છે અન્ય કાંઈ નથી, એ મુસલમાનો માટે ખાસ નથી. અલ્લાહ અરબી શબ્દ છે ગોડ, બ્રહ્મા, લોર્ડ, (માલિક, રબ) ક્રિએટર (ખાલિક઼–સર્જનહાર)ના માટે. પરંતુ (આપ તેને યાદ કરવા માટે) કોઈપણ શબ્દથી પોકારી શકો છો ! જે તમારા ધર્મ પ્રમાણે તમારા માલિકના માટે ખાસ હોય ! તો આવો આપણે આપણા રબ (માલિક)ને યાદ કરીએ પોતપોતાના ધર્મ તથા રસમોના પ્રમાણે (હુકમ આપતાં કહ્યું) યાદ કરો ! પોતાના ગોડને !"

**પ્રથમ** : તો કાફિરોને ઈસ્લામ ધર્મ સિવાય તેમના પોતાના ધર્મમાં જે તરીક઼ો ઈબાદતનો (પૂજાનો) હોય તેની દા'વત આપવી એ એને પસંદ કરવું છે. અને અલ્લાહ جل جلاله ફર્માવે છે : "અને જે ઈસ્લામના સિવાય કોઈ દીન ચાહે તે હરગિઝ સ્વીકારવામાં નહીં

આવે અને તેને આખેરતમાં નુકસાન રહેશે.'' *(પારા : ૩, રુકૂઅ : ૭, આયત : ૮૫)*

અને ફર્માવે છે :–

''બેશક ! અલ્લાહની નજીક દીન આ જ ઈસ્લામ છે. યહૂદી તથા નસારાએ જાણી જોઈને નાફર્માનીના રૂપે એની વિરુદ્ધ કર્યું.'' *(પારા : ૩, રુકૂઅ : ૧૦, આયત : ૧૯)*

**બીજું** : કાફિરોએ જે પોતાના ધર્મ પ્રમાણે એક સૌથી મહાન હસ્તી ખયાલ કરીને તેનું નામ ''અલ્લાહ'' સિવાય જે પણ રાખી લીધું છે તે એમનો વહમી ખયાલી મઅબૂદ છે, તે હરગિઝ અલ્લાહ નથી. કેમ કે અલ્લાહ તઆલાને જાણવું અલ્લાહના ફઝ્લથી મુસલમાનો સાથે ખાસ છે. કોઈ કાફિર કોઈ પ્રકારનો હોય હરગિઝ તેને નથી જાણતો. કુફ્ર કહે જ છે અલ્લાહને ન જાણવાને.

નાવાક઼ેફોને જો અહીં શંકા હોય કે કાફિરોના સેંકડો ફિર્કા અલ્લાહ તઆલાને જાણે છે બલ્કે માને પણ છે. યહૂદી તથા નસારા તૌરાત તથા ઈન્જીલ પર એનું કલામ જાણીને યક઼ીન રાખે છે.

તો એનો જવાબ એ છે કે ન માનવું એટલે ઈન્કાર કરવું કોઈ પણ ચીજનું ત્રણ રીતે હોય છે : **(૧)** ધડમૂળથી એ ચીજનો ઈન્કાર કરવો. દા.ત. કોઈ કહે ''શરબત'' મુદ્દલે કોઈ ચીજ જ નથી. **(૨)** એ ચીજના માટે જે ચીજ લાઝિમ તથા જરૂરી હોય એનો ઈન્કાર કરવો. જેમ કે કોઈ કહે કે શરબત એક ચીજ તો છે પણ એમાં મીઠાશ તદ્દન નથી હોતી. (તો એ શરબત જ ન કહેવાશે ને !) **(૩)** ચીજના માટે તે સર્વ કાંઈ સાબિત કરવું જે તે ચીજની અથવા તેની અનિવાર્યતાથી વિરુદ્ધ હોય. જેમ કે કોઈ કહે ''શરબત'' એક કડવા પીણાનું નામ છે. જાહેર છે કે આ બંને





પાછલાઓએ ભલે જીભ વડે શરબતને મૌજૂદ કહ્યું પણ હક઼ીક઼તમાં શરબતને ન ઓળખ્યું. તેઓ પોતાના વહેમ તથા ખયાલમાં કોઈ એવી ચીજને શરબત સમજી બેઠા છે જે હરગિઝ શરબત નથી. જેથી શરબતને ન માનવામાં તથા ન જાણવામાં આ બંનેવ અને તે પહેલો જેણે મુદ્દલે જ ઈન્કાર કર્યો આ સૌ સરખા છે, કેવળ શબ્દોનો ફરક છે.

અલ્લાહ ﷻ ને સર્વ કમાલવાળી સિફતો (ખૂબીઓ) ઝાત માટે લાઝિમ છે અને દરેક અયબ તથા ખામીઓ તેના માટે મુહાલ બિઝ્ઝાત (તેની ઝાત માટે અશક્ય) છે, કેમ કે અયબ તથા ખામી તેના ઝાતી કમાલની વિરુદ્ધ છે.

કાફિરોમાં હરગિઝ કોઈ મળશે નહીં જે અલ્લાહ તઆલાની કોઈ કમાલની સિફતનો ઈન્કાર ન કરતો હોય અથવા મઆઝલ્લાહ ! એના માટે કોઈ અયબ કે ખામી (ઉણપ) ન માનતો હોય. તો નાસ્તિકો જો પ્રથમ પ્રકારના મુન્કિર છે કે ખુદાનું અસ્તિત્વ જ નથી માનતા અને બાકી સર્વ કાફિરો પાછલા બે પ્રકારના મુન્કિરો છે.

સારાંશ કે અલ્લાહ ﷻ ને ન જાણવામાં તે તથા નાસ્તિકો સરખા થયા એ જ શબ્દો રજૂ કરવાનો તફાવત છે કે નાસ્તિકોએ ધડમૂળથી ઈન્કાર કર્યો અને ક઼હરીઓએ પોતાના વહેમ તથા ખયાલમાં એક નક઼્શો ઘડી કાઢયો અને એનું નામ ખુદા રાખીને કેવળ શબ્દનો ઈકરાર કર્યો.

મૌલા સુબ્હાનહૂ તઆલા ફર્માવે છે : ''જુઓ તો તે જેણે પોતાની ખ્વાહિશને ખુદા બનાવી લીધો.'' *(પારા : ૨૫, રુકૂઅ : ૧૯, આયત : ૨૩)*

''જો એમને પૂછો જમીન તથા આસ્માનનો ખાલિક઼ કોણ છે ?

કહેશે, અલ્લાહ ! તમે કહો, હમ્દ અલ્લાહને." *(પારા : ૨૧, રુકૂઅ : ૧૨, આયત : ૨૪)*

કે એના મુન્કિર પણ આ સિફતોમાં એનું નામ લે છે, પોતાના બાતિલ મઅબૂદોને એ લાયક નથી જાણતા. પણ શું એનાથી કોઈ એવું સમજે કે એઓ અલ્લાહને જાણે છે ? નહીં ! નહીં ! રબ ફર્માવે છે : "મોટા ભાગના એને નથી જાણતા." *(પારા : ૨૧, રુકૂઅ : ૧૨, આયત : ૨૪)* બીજા ઠેકાણે છે : "તેઓ તો આમ જ પોતાની અટકળો દોડાવે છે." *(પારા : ૮, રુકૂઅ : ૧, આયત : ૧૧૬, સૂરત : ૬)*

જેમ કે અન્ય ઘણા બધા મઅબૂદો ઘડી લીધા કે : "તે કેવળ નામો છે કે તમે તથા તમારા બાપદાદાઓએ ઘડી કાઢયાં, અલ્લાહે તેની કોઈ સનદ નથી ઉતારી." *(પારા : ૨૭, રુકૂઅ : ૫, આયત : ૨૩, સૂરત : ૫૩)*

એ જ પ્રમાણે પોતાની અટકળથી એક સૌથી મહાન હસ્તી ખયાલ કરીને તેનું નામ અલ્લાહ રાખી લીધુ છે, જ્યારે કે તે અલ્લાહ નથી. કેમ કે જે સિફતોવાળો (ખૂબીઓવાળો) તેઓ એ હસ્તીને દર્શાવે છે પણ અલ્લાહ ﷻ એ સિફતોથી ખૂબ જ ઉચ્ચતર છે. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧, પેજ : ૭૩૫માંથી)*

જ્યારે કુફ્ર તથા શિર્કનો અક઼ીદો રાખનારાઓને જ્યારે કે તેઓ જીભ વડે અલ્લાહ શબ્દ કહેતા હતા, કુર્આને કરીમે ફર્માવ્યું, "તેઓ અલ્લાહથી અજ્ઞાન છે, અલ્લાહને જાણતા જ નથી."

તો પછી ગોડ તથા રામ તથા કૃષ્ણ બોલવાવાળા અલ્લાહને જાણવાવાળા ક્યાંથી થઈ જશે ?! અને જ્યારે નહીં અને હરગિઝ નહીં ! તો તેઓ પોતાના ધર્મ પ્રમાણે જેનું નામ અલ્લાહ કે રબ





વગેરે રાખશે, તો તે નહીં હોય પણ તેમનો વહેમ તથા બાતિલ મઅબૂદ ! અને તેઓ યાદ પણ નહીં કરે પણ તેને જે એમના ગુમાનમાં વહેમી ખયાલી બાતિલ મઅબૂદ છે. તો પછી તેમને એવી દા'વત આપવી કે, "તમારા મઝહબ (ધરમ) તથા તમારા અક઼ીદા (માન્યતા) પ્રમાણે તમારા મઅબૂદના માટે જે ખાસ નામ હોય એ નામ વડે તમે તમારા મઅબૂદ (ખુદા)ને તમારા મઝહબ અને તમારી રસમ (રિવાજ) પ્રમાણે યાદ કરો." અને ખબર છે કે તેઓ તેના પર (એવું કરવામાં) કુફ્ર તથા શિર્ક બોલ્યા વિના નહીં રહે, **જેથી એ કુફ્ર તથા શિર્કની ઈજાઝત આપવું થયું.** પછી જ્યારે તેમણે પોતાના બાતિલ મઅબૂદો રામ, કૃષ્ણ, બુદ્ધનું નામ જપ્યું અને હઝરત ઈસા عليه السلام નું પણ નામ લીધું તો મઆઝલ્લાહ ! ખુદા રૂપે અથવા ખુદાના પુત્ર તરીકે લીધું ! આ એ લોકોનું કુફ્ર તથા શિર્ક હતું, એનાથી એઓને પોતાની મેહફિલમાં રોકવું તો દૂર રહ્યું પણ મોકો આપીને **કુફ્ર તથા શિર્ક પર રાજી રહેવું** છે, અને **કુફ્રની ઈજાઝત** અને કુફ્ર પર રાજી રહેવું **ખૂદ કુફ્ર** છે.

ફતાવા મુસ્તફવિયહમાં ફર્માવ્યું : "મુશ્રિકોનો મઝહબ નામઝહબ છે કે ખુદા દરેક ચીજમાં પ્રવેશી ગયેલો, ઉતરેલો છે." અલ્લાહ તઆલા (કોઈ વ્યક્તિમાં) પ્રવેશ કરવા, હુલૂલ કરવાથી પાક છે. ગૈરો ખુદાને પોતાના આ જ અક઼ીદાના કારણે રામ કહે છે.

જેથી ખુદાને રામ કહેવું કુફ્ર થયું, અને ખુદા ખુદા કરવું ઈબાદત, અને **કુફ્રને ઈબાદત જાણવું કુફ્ર** છે. અને ધારો કે એઓ રામનો એ અર્થ ન પણ સમજતા હોય તો પણ આપણો ખુદા એ નથી જે હનૂદનો ધારેલ ખુદા છે, જેને મુશ્રિકોએ ખુદા

સમજી લીધો છે. કુર્આન એના પર સાક્ષી છે.ઈર્શાદ છે : "તમે ફર્માવો, હે કાફિરો ! હું નથી પૂજતો જેને તમો પૂજો છો અને ન તમે એની ઈબાદત કરનારા છો જેની બંદગી હું કરું છું. અને ન હું તમારા મઅબૂદમાંથી કોઈને પૂજનારો છું અને ન તમે મારા મઅબૂદે હકીકી ﷻના આબિદ તથા પરસ્તાર છો." *(પારા : ૩૦, રુકૂઅ : ૩૪, સૂ. કાફિરૂન)*

"અને તેમણે અલ્લાહની કદર ન કરી જેવો એનો હક્ક હતો." *(પારા : ૨૪, રુકૂઅ : ૪)*

જેથી જાણવા મળ્યું કે અલ્લાહ તે નથી જે તેમનો ગુમાન કરેલો છે અને જેને તેઓ ગમે તે શબ્દ (ખુદા સિવાય અન્ય) વડે પુકારે છે. જેથી જાહેર થયું કે મુસલમાનોનું ખુદા ખુદા કરવું અને ગૈરોનું રામ રામ કહેવું એક નથી થઈ શકતું. અને તેમના રામ રામ જપવાને ખુદાની યાદ સમજવું, "બેશક ! **ઈલ્હાદ** (અધર્મીપણુ) થયું." *(ફતાવા મુસ્તફવિયહ્, પેજ : ૬૦૦)*

(પ્રો. સાહબે વિધર્મીઓ પાસે કુફ્રી કલામ બોલાવવા સામે વાંધાના ખુલાસામાં કહ્યું કે એ તો સુન્નત છે ! તો જાણી લો કે) નબી ﷺ કુફ્ર તથા શિર્ક મિટાવવા આવ્યા જેથી જે હુઝૂર પર કુફ્ર તથા શિર્કની ઈજાઝત આપવાનો આક્ષેપ લગાડે તે ઈસ્લામી વર્તુળથી બહાર થઈ જશે.

(પ્રો. તાહિરુલ કાદરી સાહબે જે વિવિધ ધર્મોવાળાઓને લંડનમાં ભેગા કરીને તેમની પાસે તેમના ભગવાનનો જપ કરાવ્યો, એનો વિરોધ ઉઠતાં એ કાર્યને "સુન્નત" દર્શાવ્યું ! અને કહ્યું કે, "મસ્જિદે નબવીમાં હુઝૂર ﷺએ પણ કાફિરોને એની ઈજાઝત આપી હતી." તેને રદીયો આપતાં મુફતી સાહબે જણાવ્યું કે :) મક્કાના કાફિરો ખાનએ કા'બાનો તવાફ કરતી વેળા કહેતા :





لَبَّيْكَ لَا شَرِيْكَ لَكَ "અમે તારી ખિદમત માટે હાજર છીએ, તારો કોઈ શરીક નથી." જ્યારે એનાથી આગળ આ પ્રમાણે કહેવા ચાહતા : اِلَّا شَرِيْكًا هُوَ لَكَ تَمْلِكُهٗ وَمَا مَلَكَ "પણ તે શરીક કે તારી જ માલિકીમાં છે, તું એનો પણ માલિક તેની મિલ્કતનો પણ માલિક." તો આપણા આકા ﷺ ફર્માવતા, وَيْلَكُمْ قَطْ قَطْ "તમને ખરાબી થાય ! બસ ! બસ !" (સહીહ મુસ્લિમ બાબુત્તલબિય્યહ) એટલે કે આગળ ન વધો ! અપવાદ ન ઘડો. *(ફતાવા રઝવિય્યહ, ૧/૭૩૬માંથી)*

જ્યારે કે એ સમય મુસલમાનો માટે ખૂબ જ તકલીફો, કસોટીઓ તથા કાફિરોના દબાવ તથા પ્રભાવનો હતો, અને **કાફિરો ત્યાં બોલાવ્યા વિના આવ્યા અને કુફ્ર તથા શિર્ક બકવાની ઈચ્છા ધરાવતા હતા. તો પછી જે ખૂદ પોતે નિમંત્રણ આપીને બોલાવીને કુફ્ર તથા શિર્ક બોલવાનો ચાન્સ આપે તેને મિન્હાજે નબુવ્વત (નબીના માર્ગ) સાથે શો સંબંધ ? તેના પર કુફ્રનો હુકમ ચકીની છે કે તે કુફ્ર પર રાજી થયો, અને કેવળ એના પર બલ્કે મજમામાં શરીક થયેલા જે કોઈ પણ કુફ્ર તથા શિર્કની ઈજાઝત તથા બકવાસ પર રાજી થયો એના ઉપર પણ. અને અજાણ માણસ એને કેવળ મુસલમાનોની સુન્નીઓની મેહફિલ સમજીને આવ્યો અને કુફ્રી વાતો તથા ખરાબીઓને જોઈને સાંભળીને તેને બુરુ તો જાણ્યું, પણ ત્યાંથી ઉઠીને ચાલ્યો ન ગયો તે ગુનાહ તથા હરામમાં સપડાયો. કુર્આને અઝીમની નસ્સે કતઈ એ આવા સ્થળેથી તુરત જ હટી જવું ફર્ઝ ઠરાવી આપ્યું છે અને ત્યાં રોકાવાને કેવળ હરામ જ ન ફર્માવ્યું બલ્કે આદેશ આપ્યો :**

**"બેશક ! અલ્લાહ તમારા પર કુર્આનમાં હુકમ ઉતારી ચૂક્યો કે જ્યારે તમે સાંભળો કે ખુદાની આયતોથી ઈન્કાર થઈ રહ્યો છે અને તેની મજાક ઉડાડવામાં આવી રહી છે તો એ લોકોની પાસે ન બેસો જ્યાં સુધી તેઓ અન્ય વાતોમાં મશગૂલ ન થાય, નહીં તો તમો પણ તેમના જેવા છો. બેશક ! અલ્લાહ મુનાફિકો તથા કાફિરો સૌને જહન્નમમાં એકત્ર કરશે."** *(પારા : ૫, રુકૂઅ : ૧૭, આયત : ૪૦)*

**શું બાતિલ મઅબૂદોના નામનો જપ કરવું, તેમની પ્રાર્થના કરવી તથા તેમને પોકારવું એ અલ્લાહની આયતોનો ઈન્કાર તથા મજાક નથી ?!** અલ્લાહના ઝિક્રની માગણી પર હઝરત ઈસા علیہ السلامને યાદ કરવું અને અલ્લાહ તઆલાને "ફાધર ગોડ" કહેવું એ તેમના પોતાના ધર્મ પ્રમાણે હઝરત ઈસા علیہ السلامને "ખુદાના પુત્ર" તથા "ખુદા" દર્શાવવું થયું. ખૂદ કુર્આને અઝીમે એમનો આ જ એતેકાદ (માન્યતા) દર્શાવેલ છે. **તો શું આ (અલલ એલાન) અલ્લાહની આયતોનો ઈન્કાર તથા હંસી ઉડાડવું ન થયું ?!** અને જ્યારે છે અને બેશક છે. તો મુસલમાનો ! શું કુર્આને અઝીમની આ આયતો તમે મન્સૂખ કરી આપી ?! કે પછી અલ્લાહ ﷻની આ ચેતવણીને સાચી નથી સમજ્યા અથવા કાફિરો જેવા થવું કબૂલ કરી લીધું !

અને જ્યારે આવું કાંઈ નથી તો પછી આવા જલસામાં શિર્કત શા માટે છે જે ખુદા તથા રસૂલ તથા કુર્આન પર વાંધાઓના માટે કરવામાં આવે છે ? ભાઈઓ ! હું નથી કહેતો, કુર્આન ફર્માવે છે કે, **اِنَّكُمْ اِذًا مِّثْلُهُمْ** "આવા જલસાઓમાં શિર્કત (હાજરી આપવા)વાળા સૌ એ કાફિરોની જેમ છે. તેઓ "એલાનિયા





કાફિર", અને આ જીભ વડે કલમો પઢે અને દિલમાં ખુદા વ રસૂલ તથા કુર્આનની એટલી ઈજ્જત નથી કે જ્યાં અલ્લાહ તથા રસૂલ તથા કુર્આનની તૌહીન થતી હોય ત્યાંથી બચે, જેથી એ "મુનાફિક" ઠર્યા. ત્યારે જ તો ફર્માવ્યું કે અલ્લાહ એમને તથા આમને સૌને જહન્નમમાં એકત્ર કરશે." ઈલાહી ! ઈસ્લામી કલમો પઢનારાઓની આંખો ખોલ ! **ولا حول ولاقوۃ الا باللہ العلی العظیم** *(ફતાવાએ ઈમામે અહલે સુન્નત, ૧/૨૧૭)*

હવાની દિશા જોઈને ચાલવાવાળા તકસાધુઓ લગભગ સદી અગાઉ આ બકવાસથી જીભ ગંદી કરી ચૂક્યા કે, "મસ્જિદે નબવીમાં કાફિરોનાં પ્રતિનિધિમંડળો રોકાતાં હતાં અને પોતાના તરીકા પ્રમાણે પૂજા (ઈબાદત) પણ કરતાં હતાં." એના પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફર્માવ્યું : **"એવું કહેવું કે કાફિરોનાં પ્રતિનિધિમંડળો મસ્જિદે નબવી ﷺમાં પોતાના તરીકા પ્રમાણે ઈબાદત કરતાં હતાં એ તદ્દન જૂઠ છે. અને નબી ﷺએ એને જાઈઝ રાખ્યું એવું કહેવું એ હુઝૂરે અકદસ ﷺ પર આક્ષેપ છે."**

હરગિઝ શક્ય નથી કે અલ્લાહના રસૂલ એવું માન્ય રાખે કે કોઈ અન્ય મસ્જિદ નહીં પણ મસ્જિદે મદીના કરીમામાં જ ! તે પણ ખૂદ હુઝૂરે અકદસ ﷺની સામે મૂર્તિઓ તથા મસીહની ઈબાદત કરવામાં આવે ?! આ આક્ષેપકારોની નજીક ખૂદ હુઝૂરે અકદસ ﷺની મસ્જિદમાં ખૂદ હુઝૂરની સામે કાફિરો પોતાના તરીકા પ્રમાણે ઈબાદત કરતા હતા ! (મઆઝલ્લાહ !)

કુર્આનમાં છે :–

وَيۡلَكُمۡ لَا تَفۡتَرُوۡا عَلَى اللّٰهِ كَذِبًا فَيُسۡحِتَكُمۡ بِعَذَابٍ

"તમને ખરાબી થાય ! અલ્લાહ પર જૂઠ ન બાંધો કે તે તમને અઝાબથી તબાહ કરી નાખે." *(પારા : ૧૬, આયત : ૧૨, સૂરત : ૨૦, આયત : ૬૧)*

હુઝૂરે અક્દસ ﷺના માટે મસ્જિદે કરીમના સિવાય કોઈ બેઠક ન હતી, જે પણ હાજર થતો ત્યાં હાજર થતો. કોઈ કાફિરની હાજરી મઆઝલ્લાહ ! તેમના રૂઆબ તથા તેમની ઉચ્ચતા સાથે ન હતી બલ્કે ઝલીલો ખાર (નીચ હકીર) થઈને અથવા ઈસ્લામ સ્વીકારવાના માટે અથવા ઈસ્લામની તબ્લીગ સાંભળવા માટે થતી. ક્યાં આ અને ક્યાં તે જે ઈસ્લામનુ બુરુ ચાહનારાઓએ કહ્યું ?!" *(ફતાવા રઝવિય્યહ્, ૬/૮૪)* અને المحجة المؤتمنهમાં ફર્માવ્યું : "કાફિરના મસ્જિદમાં પ્રવેશનો મસ્અલો છે એ આ સર્વ મતનો જેમ કે તોહફતુલ ફુકહા, હિદાયહ, વકાયા, કન્ઝ, વાફી, મુખ્તાર, ઈસ્લાહ, ગુરુર, મુલ્તકા, તન્વીર તેમજ એના સિવાય મુહીત, સરખસી, ઈશબાહ વન્નઝાઈર, વઝીર કરદરી, ખઝાનતુલ મુફતીન તથા ફતાવા હિંદિયા, આ સૌમાં "ઝિમ્મી" (કાફિર)ની સાથે સીમિત છે".

ઉમ્દુતલ કારી શરહે સહીહ બુખારીમાં છે : "ઈમામ અબૂ હનીફાએ ફર્માવ્યું, મસ્જિદમાં કિતાબી (ઝિમ્મી)નું આવવું જાઈઝ છે અન્ય કાફિરોનું નહીં. અને ઈમામ એના પર આ હદીષથી સનદ લાવ્યા જે ઈમામ અહમદે પોતાની મુસ્નદમાં સહીહ અસ્નાદની સાથે જાબિર رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આ વરસ બાદ અમારી આ મસ્જિદમાં કોઈ મુશ્રિક ન આવવા પામે, ઝિમ્મીઓ તથા એમના ગુલામો સિવાય." *(ફતાવા રઝવિય્યહ્, મુતર્જિમ, ૧૪/૫૨૩)*





કુર્આન તથા હદીષ તથા મિલ્લતના સુતૂનો (સ્તંભો)ના સ્પષ્ટ આદેશોના પછી કોઈ ન્યાયપ્રિય, પૂર્વજ બુઝુર્ગોના અનુસરણના પાબંદને દમ મારવાનો અવકાશ ન રહ્યો.

હજુ પણ લાચાર દિમાગ કોઈ ઈતિહાસ કે સીરત લેખકની આનાથી વિરુદ્ધ કોઈ નકલ કે રિવાયતથી સનદ દર્શાવવાથી પાછુ હટવા તૈયાર ન હોય તો ઈમામ મુજતહિદે મુત્લક સૈયદના અહમદ બિન હંબલ رضی اللہ عنہનો ઈર્શાદ જુઓ : "મકાસિદ, બુરહાન તથા ઈત્કાન વગેરેમાં ઈમામે અજલ અહમદ બિન હંબલ رضی اللہ عنہથી મરવી છે કે તે ફર્માવે છે, "ત્રણ વિષયોની કિતાબો બેસનદ છે, એની કોઈ અસલ નથી : (૧) સીરતની કિતાબો (૨) ઈતિહાસની કિતાબો (૩) તફસીરની કિતાબો." *(અલ્ ઈત્કાન, ભાગ : ૪, પેજ : ૮૭૪)*

ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہએ આ કૌલને નકલ કરીને ફર્માવ્યું, "હું કહું છું, એમના ફર્માવવાનો મતલબ એ તો જો કે નથી કે ઈતિહાસ તથા સીરત તથા તફસીરની બધી જ કિતાબો પહેલેથી છેલ્લે સુધી એવી જ (બેસનદ) છે, કેમ કે તે કિતાબો અને જે કાંઈ એમાં છે તે ગવાહ છે કે એ ઈમામે અજલના કહેવાનો એ મતલબ નથી. તેમ છતાં એટલુ નિશ્ચિત છે કે તેમણે બેસનદ વાતોનું મિશ્રણ આ કિતાબોમાં અધિકતર જોઈને જ આવું ફર્માવ્યું. આ તે ઈમામે અજલ્લ (ઈબ્ને હંબલ)ના જમાના (એટલે ત્રીજી સદી હિજરી)નો હાલ હતો તો એના પછી કેવો હાલ થયો હશે !" *(ફતાવા રઝવિય્યહ્, મુતર્જિમ, ૨૮/૫૩૭)*

જેને (પ્રો.તાહિરને) ઉઘાડા કાફિરો, મુશ્રિકો તથા મોઢા સામે ઈસ્લામને તથા કુર્આનને જૂઠાડનારાઓથી ગૈરત નથી (કે સામે ચાલીને સંમેલનમાં બોલાવી કુફ્ર શિર્ક તેમના મોઢાથી કહેવડાવે

છે) તો જો તે કાફિરો સાથે જેઓ ઈસ્લામનો આંચળો ઓઢેલા છે (વહાબી, દેવબંદી, શીઆ વગેરે) તેમની સાથે ભેળસેળ થઈ જાય તો કાંઈ આશ્ચર્યની વાત નથી. પણ બાતિલના વહેમોના વંટોળને કરોળીયાના જાળાંની જેમ દૂર કરીને હક્કના નૂરાની ચહેરાથી બાતિલની ધૂળ સાફ કરી આપવી એ ઘણુ મહત્વનું છે.

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, ફેબ્રુઆરી/માર્ચ–૨૦૧૨)*

## પ્રો. તાહિરે હૈદ્રાબાદમાં કરેલ ત્રાગાંનો ટૂંકો જવાબ

**બહોત શોર સુનતે થે પેહલુમેં દિલ કા**
**જો ચીરા તો કતરા ભી ખૂન ન નિકલા !**

પ્રો. તાહિરુલ કાદરી સાહબ પોતાની કિતાબ તથા બયાનોમાં સ્વઈજતેહાદથી ગલતીઓ કરી બેઠા ! અને જ્યારે કુર્આન હદીષની રૂએ ગુમરાહ તથા કુફ્ર કરનાર સાબિત થયા જેના ફત્વા ઉલમાએ અહલે સુન્નત તરફથી બહાર પડતાં તેનાથી તૌબા કરવાને બદલે છંછેડાઈને ભાન ભૂલીને બોલતા હોય તેમ **હૈદ્રાબાદના બયાનમાં પોતાની વાણીમાં પોતે જ ફસાયા છે !** પ્રો. સાહબ કહે છે કે, ''આ મસ્લક સહાબા તથા ખુલ્ફાએ રાશિદીનનો છે, આ મસ્લક તાબઈનનો છે, તબે તાબઈનનો છે, આ મસ્લક ઉવેસ કરનીનો છે, એ પ્રમાણે કહે છે કે આ મસ્લકે અહલે સુન્નત જુનૈદ બગદાદી, ઝુન્નૂન મિસ્રી, બાયઝીદ બુસ્તામી, ગૌષે આ'ઝમ, ખ્વાજા અજમેરી, મુજદ્દિદ અલ્ફેષાની વગેરે વગેરે હજારો ઈમામો તથા મુહદ્દિષો (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)નો છે, અને **''એ જ મારો મસ્લક'' પણ છે,** જે એઓનો છે.'' આવો !





આપણે એમની વાતની સચ્ચાઈને માપી લઈએ !

હવે જુઓ કે ગૌષ પાક رضی اللہ عنہનો મસ્લક શું છે ? આપે તો અહલે સુન્નત વ જમાઅત સિવાયના ફિર્કાઓ ખારજી, શીઆ, મોઅતઝલા, મુરજીયા, મુશબ્બહ.....વગેરેને ''૭૨ જહન્નમી ફિર્કા''માં ગણાવ્યા છે. (જુઓ ગુન્યતુત્તાલિબીન–ઉર્દૂ, પેજ : ૧૭૫–૧૭૭, હિદાયત કે રાસ્તે સે ભટકે હુએ ફિર્કોં કા બયાન) જ્યારે પ્રો. તાહિર સાહબ તો કહે છે કે, ''બધા ફિર્કાઓમાં પાયાનો કોઈ મતભેદ નથી કેવળ ઉપર છલ્લો અને સમજફેરનો જ મતભેદ છે.'' એટલે તેઓ ભટકેલા નથી ! તો પછી **પ્રો. સાહબ ! તમારો મસ્લક તો ગૌષ પાક رحمۃ اللہ علیہના મસ્લકથી તદ્દન વિરુદ્ધ છે !** એ જ કિતાબમાં ગૌષ પાક رحمۃ اللہ علیہ તો ફર્માવે છે કે, ''બદ્‌મઝહબને સામે આવતાં જુઓ તો માર્ગ બદલો !'' જ્યારે તમો તો શીઆ, વહાબી, દેવબંદી પાછળ નમાઝ પઢવાને જાઈઝ કહો છો ને પઢો છો ?! તથા સર્વ ફિર્કાને એક થઈ જવા તમારી કિતાબ ''ફિર્કાપરસ્તી કા ખાત્મા''માં જણાવો છો ! તો તમારે ને ગૌષ પાકને શું લેવા દેવા રહી ?! અને જ્યારે તમારો મસ્લક જ એમની વિરુદ્ધ છે તો એમનો ફયઝ તમને મળ્યો અને ખ્વાબમાં સનદ મળી એ વાતો પણ અદ્ધર જણાય રહી છે ! કેમ કે ગૌષ પાક رحمۃ اللہ علیہનો ફયઝ તેમનાથી વિરુદ્ધ મસ્લકવાળાને કદી ન મળી શકે ! આ બધો પબ્લિકને છેતરવાનો ઢોંગ તો નથી ?!

વળી મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہનો મસ્લક પણ એ હતો કે મોગલ બાદશાહ અકબરના ''દીને ઈલાહી'' મઝહબનો ખાત્મો કરવામાં આવે જેના લીધે આપે જેલ ખાધી, કેમ કે તેના દીને ઈલાહીમાં કુફ્ર શિર્કની ભેળસેળ ઈસ્લામમાં કરવાનો પ્રયાસ થયો હતો. જ્યારે તમો તો જાતે જ અન્ય ધર્મવાળાઓને બોલાવીને

પીસ કોન્ફરન્સ વેમ્બલી–લંડનમાં તા ૨૪–૯–૨૦૧૧ના રોજ જગજાહેર વિધર્મીઓ પાસે સ્વેચ્છાએ જાહેર સ્ટેજ પર ગૈરુલ્લાહની પ્રાર્થનાઓ કરાવી, કુફ્રી વાક઼્યો બોલાવ્યાં છે ! તો **તમારે મુજદ્દિદ અલ્ફેષાનીના મસ્લકથી કઈ રીતે સંબંધ રહ્યો ?!** એ જ પ્રમાણે **ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہએ તો એક સ્થળે અગ્નિપૂજકોને અગીયારીમાં જઈને કરામત દેખાડીને કલ્મો પઢાવી મુસલમાન બનાવ્યા હતા તથા કેટલાય પૂજારીઓને અજમેર શરીફમાં પોતાની કરામતોના ચમત્કારથી ઈસ્લામનો કલ્મો પઢાવી મુસલમાન બનાવી દીધા, જ્યારે તમે તો હિંદુ, બૌદ્ધ, શીખ, ઈસાઈ પાસે કુફ્રો શિર્ક બોલાવડાવીને તાળીઓ પડાવીને પોતે પણ તેમજ સૌને ઈસ્લામથી બહાર કરી રહ્યા છો ! તો **તમારે મસ્લકે ખ્વાજા ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ**થી શો સંબંધ રહ્યો ?!**

ઉપરાંત **"મુહદ્દિષોનો મસ્લક" શું હતો ?** જેમ કે શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ તથા શાહ અબ્દુર્રહીમ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ વગેરએ પોતાના સમયના બાતિલ ફિર્ક઼ા શીઆ વગેરેની જોરદાર રદ "તોહફાએ ઈષ્ના અશરીયા" વગેરે લખીને કરી અને તેમને જહન્નમી દર્શાવ્યા અને અહલે સુન્નત વ જમાઅત સિવાય સર્વ ફિર્ક઼ાઓને જહન્નમી ઠરાવ્યા. જ્યારે તમારા "મિન્હાજુલ કુર્આન"માં તો સર્વ ફિર્ક઼ાવાળા મેમ્બર છે એવું આપ જણાવો છો ! અને આપના નજીક સર્વ ફિર્ક઼ાઓ વચ્ચે કોઈ મોટો મતભેદ નથી, જેથી તો તમે તેમને જહન્નમી કે કાફિર કહેતાં શરમાવ છો ! તો પછી **અહલે સુન્નતના ઈમામો મુહદ્દિષોનો મસ્લક તમારાથી તદ્દન વિરુદ્ધ છે !** તમે કઈ રીતે કહો છો કે મારો મસ્લક પણ તે જ છે ?! ઉપરોક્ત ઈમામો બુઝુર્ગોએ તો અહલે સુન્નતને જન્નતી ફિર્ક઼ો દર્શાવ્યો જ્યારે તમો કહો છો કે,





"કોઈ ફિર્ક઼ાને જન્નતનો પરવાનો નથી મળ્યો !" તો તમારો મસ્લક તો એમનાથી વિરુદ્ધ જ જાય છે !

અને **ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ**એ વહાબી, દેવબંદી, અહલે હદીષ, ક઼ાદયાનીને કાફિર ઠરાવીને તેમના જૂઠા ગુસ્તાખીમય અક઼ીદાઓનાં ચીથરાં વેરી કાઢયાં ! જ્યારે તમો તો આ સર્વ ફિર્ક઼ાવાળાને ગળે લગાડો છો ! તો તમે આ'લા હઝરતના મસ્લક પર ક્યાંથી રહ્યા ?!** આ સર્વ બોલતા પુરાવા પરથી જાહેર થાય છે કે **અહલે સુન્નતના બુઝુર્ગો, ઈમામો, મુહદ્દિષોના મસ્લકથી પ્રો. તાહિરનો મસ્લક જુદો છે અને તેમનો દાવો સુન્ની હોવાનો સ્પષ્ટપણે જૂઠો પુરવાર થાય છે ! આ'લા હઝરતને "સર કા તાજ" તમારું કહેવું એ કેવળ ઝબાની ખર્ચ અને છેતરવા પૂરતુ જ જણાય છે.**

તેમજ પ્રો. સાહબ તમો કહો છો કે, "અહલે સુન્નત કો ફત્વાબાઝોં કી રવિશ ખા ગઈ ! લોગ બજાએ અહલે સુન્નત બનાને કે સુન્નિયતસે ખારિજ કરતે રહે હૈં...." **તો શું સહાબા, તાબઈન તથા ઉપરોક્ત સર્વ બુઝુર્ગોએ અહલે સુન્નતથી હટનારાઓને જે કુફ્રના ફત્વા આપ્યા તે પણ ફત્વાબાઝ જ હતા ?!** શું જવાબ છે આનો તમારી પાસે ? મતલબ કોઈ ગમે તેવા કુફ્રી અક઼ીદા અપનાવે તો પણ તેને કાંઈ જ ન કહેવું ? શું આ વિશે કોઈ કુર્આન હદીષની દલીલ છે તમારી પાસે ?

તેમજ પ્રો. સાહબ તમો કહો છો કે, "આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાને હનફી ક઼ાદરી લખતા હતા, બરેલ્વી લખતા ન હતા, **રઝવી લખતા ન હતા."** તો ગ઼ૌષે આ'ઝમે પોતાને ક્યારે "ક઼ાદરી" લખ્યા કે તમે ક઼ાદરી બોલો છો ?! સ્વભાવિક છે કે જે તે બુઝુર્ગના

પાછળવાળા જ પોતાને તેમના પ્રતિ સંબંધિત કરવા, હનફી, ક઼ાદરી લખી શકે છે એ જ પ્રમાણે ''ઈમામ અહમદ રઝા'' નામ પરથી તેમના ચાહકો પોતાને ''રઝવી'' કહે છે તો તમને શાની જલન થાય છે ?! અને ''મસ્લકે આ'લા હઝરત'' વિશે તો આ'લા હઝરતે ''વસાયા શરીફ''માં ખૂદ લખ્યું છે કે, ''મેરા મસ્લક જો મેરી કિતાબોં સે ઝાહિર હે ઉસ પર જમે રહેં.'' જુઓ ! ''મેરા મસ્લક'' તેમણે કહ્યું, એટલે આપણે તેને ''મસ્લકે આ'લા હઝરત'' જ કહીશું ને ! વર્તમાનકાળમાં જ્યારે અન્ય ફિર્ક઼ાવાળા દેવબંદી, વહાબી, મૌદૂદી વગેરે પોતાને ''અહલે સુન્નત'' કહીને ધોકો આપી રહ્યા છે ! તો સાચા અહલે સુન્નતની પહેચાન માટે અહલે સુન્નતને ''મસ્લકે આ'લા હઝરત''થી પણ ઓળખવામાં આવે છે, તો એ કોઈ નવો ફિર્ક઼ો નથી બની જતો ! અહલે સુન્નત જ રહે છે, અને ''બરેલ્વી'' શબ્દ તો ગૈરોએ જોડયો છે, જેથી બોલાય રહ્યો છે. જેમ કે ''દેવબંદી'' પણ પોતાને ''સુન્ની'' કહે છે પણ આપણે તેમને દેવબંદીથી જ સંબોધીએ છીએ.

તેમજ પ્રો. સાહબ આ'લા હઝરત મુહદ્દિષે બરેલ્વીના એક વાસ્તાથી શાગિર્દ હોવાની વાત રજૂ કરીને તમે પોતાની હક્ક઼ાનિયત જાહેર કરવા ચાહો છો, પોતાને લોકોમાં સુન્ની ઠસાવવા ચાહો છો, અને પોતાની ઈલ્મી મહાનતા દર્શાવવા ચાહો છો, તમારી પાસે ઈલ્મના ભંડાર હશે, પણ શું ઈલ્મવાળા ભટકી નથી ગયા ?! અરે ! તમે એ જ બયાનમાં જેમ નૂહ علیہ السلامના પુત્રના ભટકી જવાનો દાખલો આપ્યો છે તો એ આપને પણ લાગુ થઈ શકે છે કે નબીનો પુત્ર બહેકી જાય તો પછી મહાન આલિમ મુજદ્દિદનો શાગિર્દ ભટકી જાય એમાં કોઈ મોટી વાત નથી ! મોઅતઝલા ફિર્ક઼ાનો સ્થાપક વાસિલ ઈબ્ને અતા ડાયરેક્ટ





હઝરત ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ જેવા મહાન બુઝુર્ગ તાબઈનો શાગિર્દ હતો તે ભટકી ગયો, તો તમે પણ ન ભટકી શકો ?! અરે ! શૈતાનની જ વાત કરો તે પણ બહુ ઈલ્મવાળો હતો પણ તકબ્બુરના કારણે ભટકી ગયો ! જેથી ગમે તે દષ્ટાંતો આપી તમારા પર ઉલમાએ અહલે સુન્નતે કુર્આન હદીષની રૂએ લગાડેલા ફત્વાથી તમો બચી શક્તા નથી ! એક જ માર્ગ છે કે તૌબા કરી લેવામાં આવે. ભપકાદાર સ્પીચ તથા સ્ટાઈલોથી અંજાનારા ભાઈઓને વિનંતિ કે ગંભીરતાથી વિચારીને તેમની ચુંગાલમાંથી બહાર આવે. હિદાયત આપવી એ અલ્લાહની કુદરત હેઠળ છે, રબ તઆલા સૌને સહી સમજ અતા કરે. (આમીન).............. વળી પ્રો. સાહબ અંતમાં એ પણ જણાવશો કે આ પણ આશ્ચર્યની વાત છે કે તમે હાંકો છો કે, ''મૈં ખ્વાબમાં નવ વરસો સુધી ઈમામે આ'ઝમ رضی اللہ عنہથી તથા આ'લા હઝરત رحمۃ اللہ علیہથી પણ ડાયરેક્ટ દર્સ લીધો છે.'' **તો એમનો મસ્લક તો દાઢી એક મુઠ્ઠીથી ઓછી કરનારને ફાસિક઼** દર્શાવે છે, તો એમને રૂબરૂ જોઈને પણ તમને આખી દાઢીની તૌફીક઼ ન થઈ ?! .......વળી તમો કહો છો કે, *''અગર હમ સુન્ની નહીં તો કિસી માંને દુન્યામેં સુન્ની જના હી નહીં !''* વાહ ! આને કહે છે, અપને મુંહ મિયાં મીઠ્ઠુ ! અરે ભાઈ ! આવું તો દેવબંદીઓના પેશવા અશરફ અલી થાનવી તથા ક઼ાસિમ નાનોત્વી પણ કહી શકે છે ! પોતે દાવો કરવાથી કોણ રોકી શકે છે ?! પણ કુર્આન હદીષની કસોટીમાં સહી ઉતરે ત્યારે ને ! ભાઈ આમ કેવળ થૂક ઉડાડવાથી કામ નહીં બને ! તમે બીજાને કહો છો કે, ''ન સીરત હૈ ન બસીરત !'' પણ જુઓ ! સીરત તો તમારી આ છે, અને જાહેરી બસીરત છતાં તમે રૂહાની બસીરતથી તો નિશ્ચિત મેહરૂમ જ જણાવ છો !

# પ્રો. તાહિરુલ ક઼ાદરીના

## ઈશ્કે઼ નબી ﷺના દાવાની પોકળતાનો પર્દાફ઼ાશ !

પ્યારા સુન્ની ભાઈઓ તથા બહેનો ! કોઈની સાથે પણ મહોબ્બતનો દાવો કરી આપવો આસાન છે પણ તેના અસલ તક઼ાઝાઓ જ્યાં સુધી પૂર્ણ કરવામાં ન આવે ત્યાં સુધી દાવો જૂઠો કે અધૂરો રહે છે. અને તે પણ મહબ્બતે રસૂલ ﷺનો દાવો અને ઈશ્કે મુસ્તફા ﷺનો દાવો ?! એની તો શાન જ નિરાલી છે ! મહોબ્બત તથા ઈશ્કે઼ મુસ્તફા ﷺના તકાઝાઓ શું છે એને તો ખૂદ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આનમાં દર્શાવે છે. **પ્રો. તાહિરુલ ક઼ાદરી સાહબ ઠેકઠેકાણે પોતે ઈશ્કે઼ મુસ્તફામાં દીવાના હોવાના જોરદાર દાવાઓ કરીને પોતાને સુન્ની સાબિત કરવા તનતોડ મહેનત કરી રહ્યા છે ! પણ જ્યાં સુધી મહોબ્બતના કુર્આન હદીષ મુજબના તકાઝા પૂર્ણ ન કરે તો ભલે પછી તે હઝરત ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બલ્કે ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہના આસ્તાના પર કાયમી વસવાટ કરીને તેમની અગણિત ખૂબીઓ વર્ણવીને મહોબ્બતનો દાવો કરે અથવા મદીના પાકમાં સરકાર ﷺના રોઝા મુબારક પાસે વસવાટ કરીને ૨૪ કલાક સલામી પેશ કર્યા કરે ! પણ સુન્ની કહેવાશે નહીં !** તેમજ હાલ "હેદ્રાબાદ"ના બયાનમાં જે ત્રાગાં કર્યાં કે, *"હમ સુન્ની નહીં તો દુન્યામેં કોઈ સુન્ની નહીં !"* આવાં ત્રાગાં કરીને કોઈ સુન્ની નથી થઈ જતું ! આને ત્રાગાં જ કહેવાશે, પૂછાયેલા પ્રશ્નોનો જવાબ





નથી. જેથી આવો ! કુર્આન, હદીષ તથા સહાબા તેમજ અન્ય બુઝુર્ગોની દષ્ટિએ એઓ એમના દાવામાં સાચા પુરવાર થાય છે કે નહીં તેનો **નિષ્પક્ષ અભ્યાસ** કરીએ. **સુન્ની ભાઈઓ ! બહેનો ! કોઈની વાકછટાથી કે સ્પીચથી કે તુક્કાબાજીથી અંધી અક઼ીદતમાં અંજાયા વિના** આપણા રહબર કુર્આન, હદીષ તથા સહાબા તથા બુઝુર્ગોના આદેશો તથા અમલો પરથી સત્યને સમજીએ અને તેને જ ચીટકી રહી સાચા અહલે સુન્નત રહીને આપણી આખેરતને સંવારીએ.

### ★ ઈશ્કે઼ નબી ﷺના દાવેદાર માટે કુર્આનનું ફ઼ર્માન ! ★

મહબ્બતે રસૂલ અને ઈશ્કે઼ નબી ﷺનો દાવો કોનો સાચો છે એને કુર્આન સ્પષ્ટ શબ્દોમાં વર્ણવી રહ્યું છે. સાંભળો : "જે લોકો અલ્લાહ પર અને પાછલા દિવસ પર યક઼ીન ધરાવે છે તેમને તમે **એવા લોકો સાથે મૈત્રી ધરાવતા જોશો નહીં જેમણે અલ્લાહ અને તેના રસૂલનો વિરોધ કર્યો,** ભલે ને તે તેમના બાપ અથવા દીકરાઓ અથવા ભાઈઓ અથવા કુટુંબીઓ હોય. આ જ તે લોકો છે જેમના દિલોમાં અલ્લાહે ઈમાન કોતરી આપ્યું અને પોતાના તરફની રૂહ વડે તેમની મદદ કરી." *(મુજાદિલા–૩)*

બીજી આયતમાં રબ ફ઼ર્માવે છે. સાંભળો ! : "હે ઈમાનવાળાઓ ! તમારા બાપ અને તમારા ભાઈઓને દોસ્ત ન બનાવો, જો તેઓ ઈમાન કરતાં કુફ્રને પસંદ રાખતા હોય. અને **તમારામાંથી જે કોઈ તેમની સાથે દોસ્તી રાખશે તો તે જ જાલિમ છે."** *(સૂરએ તૌબા, આયત : ૩)*

સ્પષ્ટ થયું કે અલ્લાહ વ રસૂલથી મહોબ્બત ધરાવનારો તેમના

દુશ્મનો તથા ગુસ્તાખો સાથે દિલી મહોબ્બત રાખી શક્તો નથી, ભલે તે ગુસ્તાખો સગાઈમાં ગમે તેટલા નજીકના હોય. અને નબી ﷺની મહોબ્બતમાં જ્યારે અતિશયતા થઈ જાય તેને ઈશ્કે મુસ્તફાવાળો કહેવાય છે ! આશિકે નબી ﷺ કહેવાય છે.

### ★ આશિક઼ે નબી ﷺ તો આ હદીષને જ અનુસરશે ! ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ કહ્યું કે સરકારે અક઼દસ ﷺ એ ફર્માવ્યું કે બદ્મઝહબ જો બીમાર પડે તો તેની ખબરગીરી ન (અયાદત) કરો, જો મરી જાય તો તેમના જનાઝામાં શરીક ન થાવ, તેમની સાથે મુલાકાત થાય તો તેમને સલામ ન કરો, તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ખાવા ન ખાવ, તેમની સાથે શાદી વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો, અને ન તેમની સાથે નમાઝ પઢો. *(મુસ્લિમ શરીફ, બહવાલા અન્વારુલ હદીષ)* હે મુસ્તફા ﷺના આશિકો ! આ હદીષને દિમાગમાં બેસાડી લો ! હવે આગળ વાંચતા ચાલો .

### ★ ઈશ્કે નબી ﷺમાં સહાબાની કૈફિયત શું હતી ?! ★

સહાબાએ કિરામથી વધીને તો કોઈ આશિકે નબી નથી થયો ! આવો ! સહાબાએ કિરામના કિરદાર થકી ઈશ્કે મુસ્તફા ﷺ વિશે સમજીએ. જંગે બદ્રમાં મુસલમાનો સામે લડવા આવનાર કાફિરો એ મુહાજિરોના નજીકના સગાઓ જ હતા પરંતુ મુહાજિરોના દિલોમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બત એટલા અધિક પ્રમાણમાં હતી કે પોતાની સામે લડનારા બાપ, બેટા કે નજીકના સગાને જોઈને કોઈ ખચકાયું નથી, બલ્કે ખુદા વ રસૂલની





મહોબ્બત સામે સર્વ મહોબ્બતોને કુર્બાન કરી આપી. જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہએ લડવા આવનાર પોતાના સગા મામા પર તલ્વારનો એવો વાર કર્યો કે તલ્વાર માથુ કાપતી જડબા સુધી ઉતરી ગઈ. *(તોહફાએ નજાત, ભાગ : ૬, સહાબાનો કિરદાર અને આપણે)*

તારીખુલ ખુલફામાં છે : હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના પુત્ર હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ જ્યારે હાલતે કુફ્રમાં હતા તેનો વાક઼્યો પોતે પિતાને વર્ણવે છે કે જંગે બદ્રમાં હું અબૂ જહલના લશ્કરમાં હતો ત્યારે તમે મારી તલ્વારની લપેટમાં આવી ગયા હતા પણ બાપની મહોબ્બતને લઈને મેં તમને ક઼ત્લ ન કર્યા ! તો હઝરત અબૂબક઼ સિદ્દીક઼ رضی اللہ عنہએ જવાબ આપ્યો કે, "જો તું મારી લપેટમાં આવ્યો હોત તો ક઼ત્લ થઈ ગયો હોત !" એ તારું કુફ્ર હતું જેણે તને રોક્યો ! અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતમાં અમારી માન્યતા એ જ છે કે જે તેમનો નહીં તે અમારો નહીં ! ભલે સગાઈમાં પુત્ર હોય.

એ જ પ્રમાણે અબ્દુલ્લાહ બિન ઉબય મુનાફિક઼ના પુત્રનુ નામ અબ્દુલ્લાહ હતું. આપ સાચા પાકા મુસલમાન અને આશિકે રસૂલ હતા. જ્યારે તેમને જાણવા મળ્યું કે મારા બાપે રસૂલે પાક ﷺની શાનમાં ગુસ્તાખી કરી છે તો જંગથી પરત આવવા પર મદીના મુનવ્વરાની બહાર તલ્વાર લઈને ઉભા થઈ ગયા અને પોતાના બાપને કહ્યું કે હું તને મદીનામાં ત્યાં સુધી પ્રવેશવા નહીં દઉં જ્યાં સુધી તું એ વાતનો ઈકરાર ન કરે કે, "તું બેઈજ્જત છે અને મુહમ્મદ ﷺ ઈજ્જતવાળા છે." બાપના ગળા પર તલ્વાર રાખી દીધી, તો અંતે તેણે મજબૂર થઈને કહ્યું, "વલ્લાહ ! હું બેઈજ્જત છું અને મુહમ્મદ ﷺ ઈજ્જતવાળા છે." ત્યારબાદ તેને મદીનામાં પ્રવેશવા દીધો. *(હવાલો : ઉપર મુજબ)*

એ જ પ્રમાણે ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે હબીબા

رضی اللہ عنہاના પિતા અબૂ સુફયાન رضی اللہ عنہ (જ્યારે ઈમાન લાવ્યા ન હતા ત્યારે) સુલહે હુદૈબિયાના જમાનામાં મદીના શરીફ પોતાની પુત્રીને મળવા આવ્યા અને રસૂલે પાક صلی اللہ علیہ وسلمની પથારી પાથરેલ હતી તેના પર બેસવા લાગ્યા તો હઝરત ઉમ્મે સલમાએ બિસ્તર વાળીને હટાવી દીધું અને ફર્માવ્યું કે આ અલ્લાહના હબીબ صلی اللہ علیہ وسلمનું પાક બિસ્તર છે અને તમો મુશ્રિક હોવાને લીધે નાપાક છો એટલે બિસ્તરે નબુવ્વત પર નથી બેસી શક્તા ! અબૂ સુફયાનને ત્યારે ખૂબ જ આઘાત લાગ્યો, પણ મહબ્બતે રસૂલ આગળ બાપની મહોબ્બત કોઈ ચીજ નથી. *(ઉપર મુજબ)*

આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો ઈશ્કે મુસ્તફા દર્શાવતાં છે. ભલે પ્રો. તાહિરુલ કૃાદરી કેવળ જોશભેર બયાનો કરી પોતાનો સિક્કો જમાવવા અને પોતે સુન્ની તથા આશિકે નબી صلی اللہ علیہ وسلم હોવાની ડંફાશો મારતા હોય પણ તેમના કરતૂતો જ તેમને જૂઠા પુરવાર કરી રહેલ છે. સાંભળો !

## ★ દેવબંદી જમાઅતી મોલ્વી પાસે પ્રો. તાહિરે દુઆ કરાવી ! ★

ભાઈઓ ! દુઆ હમેશાં મુસલમાનોમાં બુઝુર્ગ હસ્તી પાસે કરાવવામાં આવે છે, કોઈ કાફિર મુર્તદ પાસે કોઈ દુઆ નથી કરાવતું ! નબી صلی اللہ علیہ وسلمના ગુસ્તાખ પાસે કોઈ આશિકે નબી દુઆ નથી કરાવતો ! **દેવબંદી જમાઅતી મોલ્વીઓનું કુફ્ર જગજાહેર છે છતાં પણ ઈશ્કે નબીમાં ખૂબ ઉચ્ચ સ્થાને હોવાનો પોતે દાવો કરનાર પ્રો. તાહિરુલ કૃાદરીએ તબ્લીગી જમાઅતના પ્રખર દેવબંદી મોલ્વી તારીક જમીલ પાસે પોતાના જલસાના અંતે સામે ચાલીને ઓફર કરીને દુઆ કરાવી.** એ મોલ્વી તારીક જમીલની ગુસ્તાખીની એક ઝલક જોઈ





લો ! ખૂદ જણાવે છે : “અલ્લાહે પોતાના **"નબી صلی اللہ علیہ وسلمની જિંદગીની કક્ષા"** દુનિયવી લેહાઝથી **એટલી નીચી રાખી, એટલી નીચી રાખી** કે કોઈ ફક઼ીર અલ્લાહને શિકવો નથી કરી શકતો. મરીથી અમારી (તબ્લીગી) જમાઅત આવી રહી હતી. ત્યાં મજૂરો ભેગા થયા હતા. હજાર દોઢ હજાર મજૂરો સમક્ષ મેં બયાન કર્યું. માટી જ માટી તેમના શરીર પર હતી, હાથો પર માટી, સર્વ કપડાં મેલાંઘેલાં હતાં. મેં કહ્યું, ભાઈ ! કોઈ એવો ફક઼ીર છે જેના ઘરમાં ત્રણ દિવસ ચુલો ન સળગતો હોય ? કોઈ એવો તમારામાં ફક઼ીર છે ? સૌએ કહ્યું કે નહીં ! કોઈ નથી ! મેં કહ્યું, મારો તમારો નબી એવો ફક઼ીર★ હતો !........” *(માસિક: અદઅવતુ ઈલલ્લાહ, ૭–૧–૨૦૦૭, લાહોર, પેજ : ૨૩, બયાન : મૌલાના તારીક઼ જમીલ, જુઓ : youtube પર Tarik jamilki Gushtakhi)*

---

*★ નબી કરીમ صلی اللہ علیہ وسلمને "ફક઼ીર" કહેનાર ગુસ્તાખે નબી તારીક જમીલને મિશ્કાત શરીફની આ હદીષ ન યાદ આવી કે, "મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી." તેમજ ફર્માવ્યું : "જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે." તેમજ કુર્આનમાં રબ તઆલાએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને પોતે "ગની" જ નહીં પણ અન્યોને "ગની" (માલદાર) કરનારા દર્શાવ્યા છે. એ ઉપરાંત આપના ઈખ્તિયારો દર્શાવતી અસંખ્ય આયતો હદીષો મૌજૂદ છે તે ન સૂઝયું તો સામાન્યથી અતિ સામાન્ય ફક઼ીર હુઝૂર صلی اللہ علیہ وسلمને દર્શાવ્યા ?! એ તો ઈખ્તિયારી સ્થિતિ હતી, કાંઈ સામાન્ય માણસો જેમ આવી પડેલી આફત કે ગરીબાઈ કે ફક઼ીરી કે ભૂખમરો ન હતો.*

*ફતાવા ક઼ાઝીખાનમાં છે કે,* ***"જે શખ્સ નબીને કોઈ પ્રકારનો એબ લગાડે તે કાફિર છે."*** *તો હુઝૂર صلی اللہ علیہ وسلمની જિંદગીની કક્ષાને નીચી, ખૂબ નીચી કહેનાર તથા આપને "બધાથી વધુ ફક઼ીર" કહેનાર આ તારીક જમીલે હુઝૂર પર અયબ લગાડયો કે નહીં ?!*

આ જ મોલ્વી તારીક જમીલ દેવબંદી એક જગાએ કહે છે કે : "સહાબીઓને કાફિર કહેવાથી માણસ કાફિર નથી થતો. આવુ આપણા જ અગ્રગણ્ય આલિમોના ફત્વામાં મેં વાંચ્યું છે. એક માણસ કહે છે કે સર્વ સહાબીઓ કાફિર છે, એના પર કુફ્રનો ફત્વો નથી આવતો."✪............. (youtube)

તે ઉપરાંત આ મોલ્વીએ કહેવાતી જમાઅતે ઈસ્લામીના સ્થાપક મૌલાના મૌદૂદીની પોતે ખૂબ જ પ્રશંસા કરી અને તેને ખૂબ જ નેક, ખૂબ જ દીનની ખિદમત કરનાર તથા પાક્કો "હનફી" દર્શાવ્યો ! કે જે પોતે હુઝૂર ﷺથી લઈને સર્વ સહાબા તથા ઈમામો, બુઝુર્ગો, મુજદ્દિદોની તૌહીન કરી ચૂકેલ છે. *(જુઓ youtube ઉપર munafiq dr. tahirpadri gushtakh tarik jamilse dua)*

**આવા મરદૂદ મોલ્વી તારીક જમીલ દેવબંદી પાસે પોતાના જલસામાં દુઆ કરાવવી એ આશિક઼ે મુસ્તફા, દીવાનાએ મુસ્તફા ﷺ હોવાની દલીલ છે કે ગદ્દારે મુસ્તફા હોવાની સાબિતી છે ?!** વાંચકો જ ખૂદ ફેંસલો કરે ! અને પ્રો. તાહિરની દોગલી પોલીસીથી અંજાય ન જાય !

## ★ શું પ્રો. તાહિર નબીના ગુસ્તાખોને કાફિર નથી માનતા ?! ★

ઈશ્ક઼ે મુસ્તફાના દાવેદાર પ્રો. તાહિર સાહબે જણાવેલ છે કે :

*"મને એનાથી કોઈ લેવાદેવા નથી કે જલ્સો તથા તેની દા'વત*

*✪ સામાન્ય મુસલમાનને જો કોઈ કાફિર કહે અને હક઼ીક઼તમાં તે કાફિર નથી, તો કહેનાર પોતે કાફિર થઈ જશે. આ ફિક઼્હનો સામાન્ય નિયમ છે, તો પછી સહાબીએ રસૂલને કાફિર કહેનાર કેમ કાફિર નહીં થાય !*





*કોના તરફથી છે. અહલે હદીષ, શીઆ, દેવબંદી, જમાઅતે ઈસ્લામીના માણસો, જે પણ દા'વત આપે તો દા'વત જરૂર ક઼બૂલ કરીશ, ભલે તે સ્ટેજ ગમે તેનું હોય." (અહમ ઈન્ટરવ્યુ, પેજ : ૧૪–૧૫, બહવાલા ખતરે કી ઘંટી)*

બીજે ઠેકાણે જણાવેલ છે કે :–

*'અમારા ઈદારા 'મિન્હાજુલ કુર્આન'માં 'જમાઅતે ઈસ્લામી'ના લોકો પણ સભ્ય બની શકે છે, અહલે હદીષ, શીઆ તથા દેવબંદી પણ મિન્હાજુલ કુર્આનના સભ્ય છે." (અહમ ઈન્ટરવ્યુ, જંગ ૨૫–૨–૧૯૮૭, બહવાલા ખતરે કી ઘંટી)*

એક ઠેકાણે પ્રો. તાહિરુલ ક઼ાદરી જણાવે છે કે :–

*"હું 'શીઆ' તથા 'વહાબી' ઉલમાની પાછળ નમાઝ પઢવાને કેવળ પસંદ જ નથી કરતો બલ્કે જ્યારે પણ મોક઼ો મળે તેમની પાછળ નમાઝ પઢુ છું." (રિસાલા દીદો શુનીદ, લાહોર, ૪ થી ૧૯, એપ્રિલ ૧૯૮૬, બહવાલા ખતરે કી ઘંટી)*

તેમજ તેમની કિતાબ : "ફિર્કા પરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?!"માં સ્પષ્ટ લખ્યું છે કે :–

*"બિહમ્દિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અક઼ીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અક઼ીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે જેની સ્થિતિ સમજવામાં ફેરફારની જેમ છે, એટલા માટે તબ્લીગી બાબતોમાં પાયાના અક઼ીદાના વર્તુળને છોડીને કેવળ ઉપર છલ્લી બિન પાયાની વાતોમાં ઉલઝીને તેના આધારે બીજા મસ્લકને ટીકાટીપ્પણનું નિશાન બનાવવું કોઈ રીતનુ શાણપણ તથા ન્યાયયુક્ત નથી.*

દોસ્તો ! માના વફાદાર તથા માને ચાહનાર પુત્ર સમક્ષ જો કોઈ તેની માતા પર ઝિનાનો નાહક્ક઼ આક્ષેપ લગાડે તો તે પુત્ર તે વ્યક્તિને દુશ્મન સમજશે કે દોસ્ત ? તો આપણા નબી عليه الصلوٰة والسلامનાં પ્રિય પત્ની ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا જેમના પર આપણા માબાપ કુર્બાન ! તેમની ગુસ્તાખી કરનાર શીઆ ફિર્ક઼ાવાળા સાથે ભેગા થઈ જવા આગ્રહ કરનાર પ્રો. તાહિર કયા મોઢે પોતાને આશિક઼ે નબી હોવાનો દાવો કરે છે ?! શું ઉમ્મતની મા હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاની ગુસ્તાખી કરનાર, કુર્આનના ૪૦ પારા દર્શાવનાર અને ૧૦ પારા ગુમ કરી દેવામાં આવ્યા એવું દર્શાવનાર, હુઝૂર صلی اللہ علیہ وسلمને ભૂલથી વહી પહોંચી ગઈ ! હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને નબી થવાનું હતું ! આવા અક઼ીદા ધરાવનાર : **"શીઆ"** તથા "અલ્લાહ જૂઠ બોલી શકે" એવો અક઼ીદો જાહેર કરનાર તેમજ નબી صلی اللہ علیہ وسلمના ઈલ્મને બાળકો, પાગલો, ચો પગાં જાનવરો જેવો ઠરાવનાર, આખરી નબી صلی اللہ علیہ وسلم પછી પણ નવો નબી આવી શકે એવું કહેનાર : **"દેવબંદી"**, તેમજ મારી લાકડી મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)થી બેહતર છે ! કારણ કે સાપ વગેરે મારવામાં કામ આવી શકે છે, મુહમ્મદ મુત્યુ પામી ચૂક્યા છે તેથી હવે તેમનાથી કોઈ લાભ રહ્યો નથી, તે તો માત્ર એક "એલચી" હતા, જે આ દુનિયાથી વિદાય થઈ ચૂક્યા. (ખુદાની પનાહ !) તેમજ હુઝૂર عليه الصلوٰة والسلامના રોઝા મુબારકને મહાન મૂર્તિ (સનમે અકબર) કહેનાર તેમજ હુઝૂર عليه الصلوٰة والسلامની શાનમાં અગણિત બેઅદબીઓ કરનાર, મક્કા શરીફ તેમજ મદીના શરીફમાં જન્નતુલ માલા તથા જન્નતુલ બક઼ીઅમાં અહલે બૈત તથા સહાબાનાં મઝારો પર બુલડોઝરો ફેરવનારા **"જાલિમ નજ્દી વહાબી"** પ્રો. તાહિરની નજરમાં કાફિર





નથી ?! કયો સુન્ની આ મતભેદોને ઉપરછલ્લા કહી શકે છે ?!

## ★ હે સુન્નીઓ ! ઠંડા દિલે વિચારો ! ★

પ્રિય વાંચકો ! સાચો આશિક઼ે મુસ્તફા صلی اللہ علیہ وسلم કેવો હોય તે તમોએ ઉપરોક્ત લખાણોમાં કુર્આનથી પણ જાણ્યું કે, "ખુદા વ રસૂલના વિરોધી (ગુસ્તાખ) સાથે તે દોસ્તી કરશે નહીં ત્યાં સુધી કે તે તેનો બાપ જ કેમ ન હોય !" તથા "ઈમાન પર કુફ્રને પસંદ કરનારાને દોસ્ત ન બનાવો !" એવો સીધો હુકમ કુર્આનમાં રબ તઆલા ફર્માવે છે. તથા તેમનાથી દોસ્તી મહોબ્બત રાખનારને કુર્આને જાલિમ કહ્યા ! જ્યારે પ્રો. તાહિર સાહબ તો શીઆ, દેવબંદી, વહાબી..... વગેરે સાથે એક થઈને રહેવાનું સમજાવે છે, કહે છે : *"હમ મહબ્બતેં બાંટનેવાલે હૈં, હમ તોળનેવાલે નહીં, જોળનેવાલે હૈં !"* વળી તેમની પાછળ નમાઝ પઢવાને જાઈઝ કહે છે ! તો શું તેમની દષ્ટિમાં આ બધા ફિર્ક઼ાવાળા ઈમાન છોડીને કુફ્રને પસંદ કરનારા નથી ?! હદીષે પાકમાં અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم તો ફર્માવે છે કે, "બદ્‌મઝહબની ન બીમારપુર્સી કરો, ન જનાઝામાં જાવ, ન સલામ કરો, તેમનાથી ન શાદી કરો, ન તેમની પાછળ નમાઝ પઢો....." હવે તમે કોનુ માનશો ? પ્રો. તાહિરનું કે અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمનું ?! તેમજ સહાબાએ કિરામના બનાવોમાં જે મહબ્બતે રસૂલ صلی اللہ علیہ وسلمના નમૂના પેશ થયા છે તે પણ તમે જોયા. હદીષમાં એ પણ છે કે, **"મારા સહાબા તારાઓ સમાન છે જેની પણ પયરવી (અનુસરણ) કરશો ભલાઈ પામશો."** તો સહાબીઓએ મહબ્બતે રસૂલમાં તેમના દુશ્મન સાથે સંબંધ કટ કર્યા બલ્કે લડવા માટે સામે આવતાં જંગ કર્યો ! ભલે તે સગા હતા, તે આપણે જોયું. જ્યારે તાહિર સાહબ ઈશ્કે

મુસ્તફામાં દીવાના હોવાનો દાવો પણ કરે છે અને તેમની વાણી તથા વર્તનો જે ઉપર વર્ણવ્યાં તે કુર્આની આદેશ તથા હદીષના ફર્માનો અને સહાબીઓના વલણોથી તદન વિરુદ્ધ છે, જે દર્શાવે છે કે **એમની પાસે લેક્ચરબાજીથી વિશેષ સુન્નિયતની કોઈ પાયાની દલીલ નથી** કે જે કુર્આન હદીષનો તકાઝો પૂરો પાડે.

### ★ નબી ﷺના પૂરાણા દુશ્મનો સાથે પ્રો. તાહિરનો પ્રેમભાવ ! ★

**હે મારા પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો !** અલ્લાહે તમને પણ દિમાગ આપ્યું છે, આંખો આપી છે જેથી અલ્લાહની એ નેઅમતોને કામે લગાડો અને પ્રો. તાહિરના લેક્ચરોથી અંજાયા વિના હક્કને સમજવા કોશિશ કરો ! નહીં તો ક્યાંક ગુમરાહી તમારું મુકદ્દર ન બની જાય જે તમારી આખેરતને ખરાબ કરી નાખે. સાંભળો ! પ્રો. તાહિર સાહબ એક જગાએ બયાનમાં સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે :–

"પૂરી દુન્યામેં જબ તકસીમ (વહેંચણી) કી જાતી હૈ તો બિલિવર્સ ઔર નોન બિલિવર્સ (ઈમાનવાળા તથા ગૈરઈમાનવાળા) કી તકસીમ કી જાતી હૈ. નોન બિલિવર્સ કો કુફ્ફાર (કાફિરો) કહતે હૈં ઈલ્મી ઈસ્તેલાહમેં (બોલચાલમાં). ઔર બિલિવર્સ (ઈમાનવાળા) ઉસ્કો કહતે હૈં જો અલ્લાહ કી ભેજી હુઈ 'વહી' પર ઔર આસ્માની કિતાબોં પર ઔર પયગંબરોં પર ઈમાન લાતે હૈં, મઝહબ (ધર્મ) ઉન્કા કોઈ ભી હો. તો જબ બિલિવિર્સ ઔર નોન બિલિવર્સ કી તકસીમ હોતી હે તો **યહૂદી અકીદે કે માનનેવાલે લોગ ઔર મસીહી બિરાદરી ઔર મુસલમાન યહ તીન મઝાહિબ બિલિવર્સ (ઈમાનવાળાઓ)મેં શુમાર**





**હોતે હૈં. યહ કુફ્ફાર (કાફિરો)મેં શુમાર નહીં હોતે."** (youtube)

**સાંભળી લીધું !** યહૂદી તથા ઈસાઈ ઈમાનવાળા (believers) છે અને કાફિરોમાં તેમની ગણના થતી નથી. હવે આવો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આને પાકમાં શું ફર્માવે છે તેને જોતા ચાલો :–

એક આયત જેનો તર્જુમો નીચે રજૂ થશે. પ્રથમ તેનું **શાને નુઝૂલ** જુઓ : "હઝરત ઉબાદા ઈબ્ને સામિતે જંગે અહઝાબના દિવસે હુઝૂર ﷺને વિનંતિ કરી કે ૫૦૦ યહૂદીઓ મારી સાથે પરસ્પર સહાય કરવાના કરારથી બંધાયેલા છે. મારી ઈચ્છા છે કે દુશ્મન સામે મદદ મેળવવા હું તેમને લડાઈ માટે બોલાવું. ત્યારે આ આયતે કરીમા ઉતરી અને કાફિરને મિત્ર કે મદદગાર બનાવવાની મનાઈ કરવામાં આવે." આયતનો તર્જુમો : "મુસલમાનો, મુસલમાન સિવાય કાફિરને (યહૂદીને) પોતાના મિત્ર ન બનાવો........" *(સૂરએ આલે ઈમરાન, આયત : ૨૮)*

**આ આયતમાં કુર્આન યહૂદીને કાફિર દર્શાવે છે** જ્યારે પ્રો. તાહિર સ્પષ્ટપણે **યહૂદીને ઈમાનવાળા** જણાવે છે અને **તેમને કાફિરમાં ગણતા નથી.**

એ જ પ્રમાણે બીજી આયતમાં અલ્લાહ તરફથી એલાન છે : "બેશક ! જેટલા કાફિર છે કિતાબી (એટલે યહૂદી તથા ઈસાઈ) તથા મુશ્રિક સૌ જહન્નમની આગમાં છે....." *(સૂરએ બય્યિનહ, આયત : ૬)*

બીજી આયતમાં છે : "તે જ છે જેણે આ **કાફિર કિતાબીઓ** (યહૂદી તથા ઈસાઈ)ને પોતાના ઘરોએથી કાઢયા તેમના પ્રથમ અંજામના માટે." *(સૂરએ હશ્ર, આયત : ૨)*

એ જ પ્રમાણે અન્ય એક આયતમાં છે : **"કિતાબી (યહૂદી તથા ઈસાઈ) કાફિર** તથા મુશ્રિક પોતાનો દીન છોડવાના ન હતા જ્યાં સુધી તેમની પાસે રોશન દલીલ ન આવે." *(સૂરએ બય્યિનહ્–૧)*

એક આયતમાં છે : "અને ડરો તે દિવસથી કે કોઈ જીવ બીજાનો બદલો નહીં થાય અને ન તેને કાંઈ લઈને છોડીએ અને ન કાફિરને કોઈ ભલામણ ફાયદો આપે." *(સૂરએ બકરહ, આયત : ૧૨૩)*

આ આયતમાં યહૂદીઓને રદીયો આપવામાં આવ્યો છે. તેઓ કહેતા હતા કે અમારા બાપદાદા બુઝુર્ગ થઈ ગયા છે તેઓ શફાઅત કરીને અમને છોડાવી લેશે. આ આયતમાં તેમને નિરાશ કરવામાં આવ્યા કે **શફાઅત કાફિરો માટે નથી.** *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)* એટલે કે, "યહૂદીઓ કાફિર છે અને તેમની નજાત થશે નહીં." આ પરથી સમજી લો કે પ્રો. તાહિર કુર્આનની આયતોથી વિરુદ્ધ લેક્ચરોમાં હાંકી રહ્યા છે અને કુર્આનની વિરુદ્ધ કહેનારા માટે શું હુકમ છે તેના માટે ફત્વો આ જ અંકમાં વાંચી લેશો. એમના તુક્કાઓ તો એવા છે કે આખા ઈસ્લામનું માળખુ વેરવિખેર થઈ જાય !

કુર્આનમાં તો છે કે, "હે ઈમાનવાળાઓ ! તમો યહૂદીઓ તથા નસારા (ઈસાઈઓ)ને તમારા દોસ્ત ન બનાવો. તેઓ આપસમાં એકબીજાના મિત્ર છે. તેમની સાથે મિત્રતા રાખનાર તેમના જેવા જ થશે, આવા જુલ્મીઓને અલ્લાહ સારા માર્ગે દોરતો નથી." *(સૂરએ માઈદહ્, આયત : ૫૧)*

જ્યારે પ્રો. તાહિર વર્તમાનકાળના તે ઈસાઈઓ જેઓ હઝરત ઈસા عليه السلامને ખુદા તથા ખુદાના બેટા માને છે, હઝરત ઈસા





તથા હઝરત મરયમની મૂર્તિઓ બનાવીને તથા ક્રોસને પૂજે છે, તેને નમન કરે છે તથા ક્રોસ ગળે બાંધી ફરે છે, ઈસા عليه السلامના લાવેલા અસલ દીન પર પણ નથી તથા કુર્આનમાં છે કે ઈસા عليه السلامને અલ્લાહે આસ્માન પર ઉઠાવી લીધા છે જ્યારે ઈસાઈઓનો અકીદો છે કે તેમને સૂળી પર લટકાવાયા હતા....વગેરે કુફ્રી અકીદાઓ છતાં તેમની સાથે મળીને પોતે ક્રિસમસ મનાવે છે અને ઉપરથી તેને ઈસા عليه السلامની મીલાદ મનાવવું કહીને લોકોની આંખોમાં ધૂળ ઝોંકે છે. તો શું અલ્લાહ વ રસૂલનો ચાહક અને ઈશ્કે મુસ્તફાનો દાવેદાર આવા અકીદાવાળા ઈસાઈઓ સાથે દોસ્તી જાહેર કરશે ? અને કુર્આનના આદેશ વિરુદ્ધ વર્તશે ?!

## ★ આ રહ્યા યહૂદીની રસૂલ દુશ્મનીના પુરાવા ! ★

અમ્ર ઈબ્ને ઉમૈયાએ આમિર કબીલાના બે માણસોને કત્લ કરી નાખ્યા જેનો ખૂનબહા (ખૂનનો બદલો) યહૂદી બનૂ નુઝૈર કબીલા માથે હતો. હુઝૂર બનૂ નુઝૈરની પાસે આ ખૂનબહાની માગણી માટે તશરીફ લઈ ગયા તો બનૂ નુઝૈરે વાયદો કર્યો. એક યહૂદી ઉપર ચઢયો અને દીવાલ પરથી પથ્થર ગબડાવીને આપને ખત્મ કરવા ચાહ્યું, સરકાર صلى الله عليه وسلمને જાણ થઈ ગઈ તો આપ صلى الله عليه وسلم પરત તશરીફ લઈ આવ્યા. *(ઝુર્કાની ફત્હુલબારી, અબૂ દાઊદ શરીફ બહવાલા તારીખે ઈસ્લામ)*

અસ્સારિમુલ મસ્લૂલ, પેજ : ૭૬માં છે કે મદીના શરીફનો માલદાર યહૂદી કઅબ ઈબ્ને અશરફ જે કબીલા બનૂ નુઝૈરથી હતો. હુઝૂર صلى الله عليه وسلم વિરૂદ્ધ કટુવાણી, ખરાબ શબ્દો અને વિરુદ્ધમાં પ્રોગ્રામ ઘડવાનો તેનો ધંધો હતો. મદીના શરીફમાં રહીને મક્કા શરીફના કાફિરોને ઉશ્કેરતો કે તમે લોકો તેમના પર હુમ્લો કરો

અમે તમોને સાથ આપીશું. *(ઈસ્લામ તથા વિશ્વશાંતિ)*

મિશ્કાત શરીફ પેજ નં. ૫૪૧માં હઝરત જાબિરથી રિવાયત છે, જ્યારે ખયબરથી સહાબાએ કિરામ પરત થયા તો યહૂદીઓના કાવત્રા પ્રમાણે બકરીના ગોશતમાં ઝહેર મિલાવી હુઝૂર ﷺને આપવામાં આવ્યું. આ ઝહેર પણ યહૂદીઓએ આપીને પોતાની દુશ્મનીને પ્રદર્શિત કરી.

મિશ્કાત શરીફની શરહ મિર્આતુલ મનાજીહ બાબુલ મો'જિઝાતમાં છે : હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે સરકાર ﷺ પર જાદૂ કરવામાં આવ્યો તો આપ ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہاને કહ્યું, જે લોકોએ જાદૂ કર્યો છે તે મને જણાવવામાં આવ્યું છે. મારી પાસે બે માણસો આવ્યા. એક મારા માથા પાસે બેઠો એક મારા પગની પાસે બેઠો અને એ કે બીજાને કહ્યું, આ માણસને શું થઈ ગયું છે ? તો બીજાએ કહ્યું કે જાદૂ થઈ ગયો છે. પહેલાએ પૂછયું કે કોણે જાદૂ કર્યો ? તો બીજાએ કહ્યું, જુબેદ બિન આસમ યહૂદીએ જાદૂ કર્યો છે. પછી સરકાર ﷺ હઝરત અલી તથા હઝરત અમ્માર رضی اللہ عنہماને લઈને ગયા અને એક કૂવામાં હઝરત અલી ઉતર્યા અને મીણનું એક પૂતળુ કાઢયું. જેમાં ૧૧ સોયો ભોંકેલી હતી અને વાળોમાં ૧૧ ગાંઠો હતી. એ સ્થળે એ વખતે હઝરત જિબ્રઈલ علیہ السلام સૂરએ ફલક અને સૂરએ નાસ લઈને આવ્યા એ બંનેમાં ૧૧ આયતો છે. હુઝૂર ﷺ એક આયત પઢતા તો પૂતળામાંથી એક સોય નીકળી જતી અને વાળોમાંથી એક ગાંઠ ખુલી જતી અને હુઝૂરનો બોજ હલકો થઈ જતો. આ રીતે ૧૧ આયતો પઢવાથી ૧૧ સોયો નીકળી ગઈ અને ૧૧ ગાંઠો ખુલી ગઈ. આ પરથી જાણવા મળ્યું કે યહૂદીઓ હુઝૂર ﷺને કત્લ કરવા માટે હમેશાં દુશ્મની રાખતા હતા. (મઆઝલ્લાહ !)





સારાંશ કે તે યહૂદી તથા ઈસાઈઓએ રસૂલની દુશ્મનીમાં અલ્લાહના રસૂલ ﷺને તકલીફો આપવામાં કોઈ કસર નથી છોડી. હુઝૂર ﷺના જાહેરી જમાનાથી આજ સુધી યહૂદી ઈસાઈઓએ દુનિયાભરમાં મુસ્લિમોને રંજાડવા અસંખ્ય લડાઈઓ લડી, કાવત્રાં રચ્યાં તે ઈતિહાસમાં જોઈ લો અને આજે પણ યહૂદી ઈસાઈઓ, મુસ્લિમોનો માટે પૃથ્વીના પટ પર ચૈનનો શ્વાસ લેવો મુશ્કેલ કરી રહ્યા છે જે જગજાહેર છે, તેમની સાથે પ્રો. તાહિરને આટલી મહોબ્બત શા માટે થઈ ગઈ છે ?! રસૂલે પાક ﷺના જાની દુશ્મન આજે પ્રો. તાહિરના જાનની રક્ષા કરી રહ્યા જ છે ! (બ્લેક વોટર કમાન્ડો !) શું ઈશ્કે મુસ્તફાનો દાવેદાર આવો જ હોય છે ?! શું નબી ﷺને રંજાડનારાઓને નબીનો આશિક કુર્આન વિરુદ્ધ જઈને ઈમાનવાળા (Believers) કહેશે અને કાફિરોમાં પણ નહીં ગણે ?! શું તેઓ કુર્આન પર, આખરી નબી ﷺ પર ઈમાન લાવ્યા કે તેમને ઈમાનવાળા કહી દીધા ? જાતે જ ફેંસલો કરી લો !

## ★ હઝરત ઉમર رضی اللہ عنہનું યહૂદી ઈસાઈ વિશે સ્પષ્ટ ફર્માન ★

ઈમામ ઈબ્ને અબી હાતિમ તથા બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત અયાઝ رضی اللہ عنہથી રિવાયત નકલ કરી છે કે હઝરત ઉમરે હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہને હુકમ આપ્યો કે એક વરસ દરમ્યાન તેમણે જે લીધું અને જે આપ્યું તે રજૂ કરે. આપનો સેક્રેટરી નસ્રાની (ઈસાઈ) હતો. આપની ખિદમતમાં તે હિસાબ કિતાબ રજૂ કરવામાં આવ્યો. હઝરત ઉમર رضی اللہ عنہ જોઈને ખુશ થયા. ફર્માવ્યું, આ તો ઘણુ સરસ છે, શું તું મસ્જિદમાં

અમારા માટે તે પત્ર પઢીશ જે શામથી આવ્યો છે ? તો તેણે કહ્યું કે તે મસ્જિદમાં નથી જઈ શક્તો ! હઝરત ઉમર رضی اللہ عنہએ પૂછયું, શું તેને જનાબત (ગુસ્લની હાજત) લાગુ થયેલી છે ? તેણે કહ્યું, નહીં, બલ્કે તે નસ્રાની (ઈસાઈ) છે. તો આપે મને તતડાવ્યો અને મારી જાંગ પર માર્યું અને ફર્માવ્યું, એને કાઢો ! *(તફસીરે દુર્રે મન્શૂર, ૨/૭૯૯)*

હઝરત અબૂ મૂસા અશ્અરીએ કહ્યું, ખુદાની ક઼સમ ! હું તેની સાથે દોસ્તી નથી રાખતો ! એ કેવળ લખાણનું કામ જ કરે છે. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, શું તમને મુસલમાનોમાં કોઈ લહિયો (લખાણ કરનાર) ન મળ્યો ? જ્યારે **અલ્લાહે એમને દૂર કરી આપ્યા** છે તો **તમે એમને નજીક ન કરો !** અને જ્યારે અલ્લાહે એમને ખયાનત કરનાર ઠરાવી આપ્યા છે તો તમે એમને "અમીન" ન બનાવો. અને જ્યારે અલ્લાહે એમને ઝલીલ કર્યા છે તો તમે એમને ઈજ્જત ન આપો ! *(તિબ્યાનુલ કુર્આન, ૩/૨૧૧, બહવાલા શોઅબુલ ઈમાન, ભાગ : ૭)*

અબૂ સુલૈમાન વર્ણવે છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ ફર્માવ્યું, **અલ્લાહના દુશ્મનો યહૂદી તથા નસારા (ઈસાઈ) સાથે એમની ઈદ તથા એમના મેળાવડાના દિવસોમાં એમની સાથે ભેળસેળ ન કરો, કેમ કે એમના પર અલ્લાહનો ગઝબ નાઝિલ થાય છે,** મને અંદેશો છે કે તમારા ઉપર પણ તે ગઝબ ન આવી જાય, અને એમને તમારાં રહસ્યો ન બતાવો, નહીં તો તમે પણ તેમના સંસ્કાર અપનાવી લેશો. *(હવાલો : ઉપર મુજબ)*

વિચારો ! હવે પ્રો. તાહિર સાહબ કઈ રીતે કહી શકે છે





કે, **"અમારી મસ્જિદો યહૂદી ઈસાઈ માટે ખુલ્લી છે, એઓ એમના ધર્મ પ્રમાણે ઈબાદત કરી શકે છે."** તથા પ્રો. તાહિર પોતે **તેમની સાથે ક્રિસમસ મનાવી** તેમની ઈજ્જત વધારી શકે છે ? નિષ્પક્ષ બની ફેંસલો કરો કે શું આશિકે મુસ્તફાનાં આવા કામો હોય શકે છે ? શું ખલીફતુલ મુસ્લિમીન હઝરત ઉમર رضی اللہ عنہનો ઉપરોક્ત આદેશ માનીએ કે પ્રો. તાહિર સાહબને માનીએ ? રબ્બે કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં મુસલમાનોને નેક સમજ અતા કરે. (આમીન)

*–(હવાલો : બરકાતે ખ્વાજા–માસિક, એપ્રિલ : ૨૦૧૨)*

## પ્રો. તાહિરુલ ક઼ાદરીને

### ઉલમાએ અહલે સુન્નતના નવ સવાલો

જનાબ ડો. તાહિરુલ ક઼ાદરી સાહબ ! અસ્સલામુ અલા મનિત્તબઈલ હુદા. આપની વિવિધ કિતાબો તથા ખુત્બાઓ તથા બયાનો જોયાં તથા સાંભળવામાં આવ્યાં, જેમાં ઘણી બધી વાતો અહલે સુન્નત વ જમાઅતના અક઼ીદાઓ તથા કુર્આન હદીષના આદેશોથી સ્પષ્ટ વિરુદ્ધ છે. કેમ કે તમો તમારી તક઼રીરમાં અહલે સુન્નત વ જમાઅત તથા મસ્લકે આ'લા હઝરતનું નામ લો છો અને તમારાં બયાનો વડે તમારું સુન્ની હોવું જાહેર કરો છો, બલ્કે "શફાઅત"ના અક઼ીદા તથા "ઈલ્મે ગયબ" વગેરે પર પૂરી કિતાબ લખી ચૂક્યા છો.

અહલે સુન્નતના ઉલમા તમારાં ડબલ બાજુનાં લખાણો તથા બયાનોથી સખત બેચેનીમાં છે એના લીધે આપના પાયાના અક઼ીદા તથા દીની હાલતને જાણવા ચાહે છે, જેથી આપની પાસે

અમુક સવાલોના જવાબો માગે છે. ઉમ્મીદ છે કે આપ એના જવાબો આપીને તમારા અકીદાની સ્થિતિનો સ્પષ્ટ ખુલાસો કરશો અને મતભેદ તથા વિખવાદનું વાતાવરણ ખત્મ કરવામાં સહાયરૂપ બનશો. *–ઉલમાએ અહલે સુન્નત*

૧. આજે દુનિયાભરમાં મુસ્લિમ નામધારી જેટલા ફિર્કા જોવા મળે છે તો તમારી દૃષ્ટિમાં એમની વચ્ચે અકીદાનો મતભેદ છે કે કેવળ ઉપર છલ્લો મતભેદ છે ?

૨. અહલે સુન્નત વ જમાઅતના સિવાય જે ફિર્કાઓ મુસ્લિમ નામે મૌજૂદ છે તેઓમાં કાદયાની, વહાબી, દેવબંદી તથા રાફઝી (શીઆ)ના બારામાં ઉલમાએ અહલે સુન્નતનો જે મૌકફ (માન્યતા) છે એટલે તેમને કાફિર જાણવું, તો તમારી દૃષ્ટિએ આ મૌકફ હક્ક તથા દુરુસ્ત છે કે નહીં ?

૩. તમારા નામથી પ્રસિદ્ધ થયેલી કિતાબ ''ફિર્કા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ?'' શું એ આપની જ લખેલી છે ? અને તેમાં વર્ણવેલ સર્વ વાતો ખાસ કરીને નીચે વર્ણવેલ લખાણથી શું તમે સહમત છો કે : –

*બિહમ્દિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અકીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અકીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે જેની સ્થિતિ સમજવામાં ફેરફારની જેમ છે, એટલા માટે તબ્લીગી બાબતોમાં પાયાના અકીદાના વર્તુળને છોડીને કેવળ ઉપર છલ્લી બિન પાયાની વાતોમાં ઉલઝીને તેના આધારે બીજા મસ્લકને ટીકાટીપ્પણનું નિશાન બનાવવું કોઈ રીતનુ શાણપણ તથા ન્યાયયુક્ત નથી.*





*(ફિર્કા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ? પેજ : ૬૫)*

૪. જે ઉલમાએ હક્કે દેવબંદી, વહાબી, રાફઝી વગેરે બાતિલ ફિર્કાઓની તકફીર કરી (કાફિર ઠરાવ્યા) છે એમના વિશે તમારી શું માન્યતા છે ?

૫. શું આપની માન્યતા એ છે કે વહાબી તથા શીઆની પાછળ પણ અહલે સુન્નતની નમાઝ થઈ જાય છે ? જેમ કે રિસાલા ''દીદો શુનીદ''માં આપનો આદેશ છે કે, ''હું શીઆ તથા વહાબી આલિમો પાછળ નમાઝ પઢવાનુ કેવળ પસંદ જ નથી કરતો, જ્યારે પણ મોકો મળે તેમની પાછળ નમાઝ પઢું છું.'' *(રિસાલા દીદો શુનીદ, પેજ : ૪ થી ૯, ૧૧ એપ્રિલ –૧૯૮૬)*

૬. સૈયદુલ અંબિયા ખાતમુન્નબીય્યિન સૈયદના વ મૌલાના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺની નબુવ્વતને નકારનાર (મુન્કિર) કાફિર છે કે ઈમાનવાળો છે ?

૭. કુર્આને કરીમમાં રિસાલતકાળના યહૂદી તથા ઈસાઈઓને મુહમ્મદ ﷺની નબુવ્વતના ઈન્કારના કારણે કાફિર કહેવામાં આવ્યા. જેમ કે ઈર્શાદે રબ્બાની છે :–

اِنَّ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ وَالۡمُشۡرِكِيۡنَ
فِىۡ نَارِ جَهَنَّمَ خٰلِدِيۡنَ فِيۡهَا ؕ اُولٰٓئِكَ هُمۡ شَرُّ الۡبَرِيَّةِ

''બેશક ! જેટલા કાફિર છે કિતાબી તથા મુશ્રિક સૌ જહન્નમની આગમાં છે, હમેશાં એમાં રહેશે. એ જ તમામ મખ્લૂકમાં બદ્તર છે.'' *(સૂરએ બય્યિનહ્, આયત : ૬)* તથા

لَمۡ يَكُنِ الَّذِيۡنَ كَفَرُوۡا مِنۡ اَهۡلِ الۡكِتٰبِ
وَالۡمُشۡرِكِيۡنَ مُنۡفَكِّيۡنَ حَتّٰى تَاۡتِيَهُمُ الۡبَيِّنَةُ

"કિતાબી કાફિર તથા મુશ્રિક પોતાનો દીન છોડવાના ન હતા જયાં સુધી એમની પાસે રોશન દલીલ ન આવે..." *(સૂરએ બય્યિનહ઼, આયત : ૧)*

હવે જે શખ્સ આ યહૂદીઓ તથા ઈસાઈઓને ઈમાનવાળા કહે અને તેમને કાફિરોમાં ન ગણે તે કુર્આનનો મુન્કિર (નકારનાર) છે કે નહીં ?

૮. આપે આપની એક તક઼રીરમાં અહલે કિતાબ યહૂદી તથા ઈસાઈઓને ઈમાનવાળા (Belivers) કહ્યા અને આગળ વધીને એવું પણ કહ્યું કે, "યહૂદી તથા ઈસાઈ કાફિરોમાં સામેલ નથી." તો આપનું આ કથન કુર્આને કરીમની રદ અને તેનો ઈન્કાર તથા તેને જૂઠાડવું છે કે નહીં ?

૯. કુર્આન તથા હદીષ અને ઈમામોના આદેશોમાં ક્યા સ્થળે રિસાલતકાળથી લઈને આજ સુધી યહૂદી તથા ઈસાઈને ઈમાનવાળાઓમાં ગણવામાં આવ્યા છે ? અને એવું કઈ જગાએ લખ્યું છે કે યહૂદી તથા નસારા (ઈસાઈ) કાફિર નથી ?

જનાબ ડો. સાહબ ! આ સવાલો કેવળ જાહેર ખુલાસા માટે આપની પાસે મોકલવામાં આવી રહ્યા છે તો પ્રથમ ફુરસદમાં જવાબો આપીને શંકાકુશંકા તથા મતભેદ તથા વિખવાદના અંધકારને દૂર કરે.

*–ફક્ત, ઉલમાએ અહલે સુન્નત વ જમાઅત હિંદુસ્તાન*





# પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશે

## દારુલ ઉલૂમ અલીમિયહ્-જમદાશાહીનો ફત્વો

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِیْمِ

ડો. તાહિરુલ ક઼ાદરીનાં વિવિધ લખાણો તથા બયાનોને ખૂદ ફક઼ીરે (મુફતી સાહબે) પઢયાં અને સાંભળ્યાં. ખાસ કરીને તેમની કિતાબ "ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હે ?"ને શરૂથી અંત સુધી વાંચી. એમના લેખન તથા બયાનનો સાર એ છે કે આજે દુનિયામાં મુસ્લિમ નામી જેટલા મસ્લક તથા ફિર્ક઼ા જોવા મળે છે, ચાહે તે વહાબી, દેવબંદી તથા રાફઝીના રૂપમાં હોય કે ખારજી, નેચરી તથા ક઼ાદયાનીના રૂપમાં હોય સૌ તમામે તમામ પાયાના અક઼ીદાઓમાં એક છે. એ તમામ ફિર્ક઼ાઓમાં અને અહલે સુન્નત વ જમાઅતમાં અક઼ીદાઓના એતબારથી કોઈ ફરક નથી, અને જે મતભેદો છે તે પણ કેવળ ઉપર ઉપરના અને શાખાકિય બાબતોમાં છે, જેથી અક઼ીદાઓને નિશાન બનાવીને કોઈ ફિર્ક઼ાને ગુમરાહ કે કાફિર કહેવાનું તો દૂર રહ્યું તેની ટીકાટીપ્પણ પણ દુરુસ્ત નથી. જેમ કે આં જનાબ લખે છે :–

*બિહમ્દિલ્લાહ ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અક઼ીદાઓના બારામાં કોઈ*

*પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અક઼ીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે જેની સ્થિતિ સમજવામાં ફેરફારની જેમ છે, એટલા માટે તબ્લીગી બાબતોમાં પાયાના અક઼ીદાના વર્તુળને છોડીને કેવળ ઉપર છલ્લી બિન પાયાની વાતોમાં ઉલઝીને તેના આધારે બીજા મસ્લકને ટીકાટીપ્પણનું નિશાન બનાવવું કોઈ રીતનુ શાણપણ તથા ન્યાયયુક્ત નથી. (ફિર્ક઼ા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ? પેજ : ૬૫)*

બલ્કે એનાથીય આગળ વધીને ડોકટર સાહબ કહે છે કે યહૂદી તથા નસારા ઈમાનવાળા છે, એમને કાફિરોમાં ગણવા ગલત છે, જેમ કે આં જનાબની CD વગેરેમાં મૌજૂદ છે. જેમ કે ફક઼ીરે ખૂદ સાંભળ્યું છે.

ડો. તાહિરની ઉપરોક્ત માન્યતા કુર્આન હદીષ તથા દીનના ઈમામોના આદેશોની તદન વિરુદ્ધ છે કેમ કે વહાબીઓ દેવબંદીઓના કુફ્ર તથા ઈર્તેદાદ (દીનથી ફરી જવા) પર હરમૈનના ઉલમા ઉપરાંત હિંદ તથા સિંધના સેંકડો ઉલમા સહમત છે. ત્યાં સુધી કે દેવબંદીઓના કુફ્રી અક઼ીદાઓથી માહિતગાર થયા બાદ તેમના કુફ્રમાં શક કરવાવાળાને પણ કાફિર ઠરાવેલ છે. એ જ પ્રમાણે ક઼ાદયાનીઓ તથા રાફઝીઓનો હાલ છે. જેમ કે ક઼ાદયાનીઓના કાફિર હોવા પર આખુ ઈસ્લામી જગત એકમત છે અને રાફઝીઓના વિશે ફતાવા આલમગીરીમાં છે : ''આ લોકો ઈસ્લામી મિલ્લતમાંથી બહાર છે અને એમના હુકમો મુર્તદોના હુકમો છે.'' *(ફતાવા આલમગીર, ૨/૨૬૪)*

અને ફતાવા રઝવિય્યહ્માં છે : ''અને તેમનું કાફિર મુર્તદ હોવું આમ વિશ્વસનીય કિતાબો, ખુલાસા, ફત્હુલ ક઼દીર,





ઝહરિય્યહ્, આલમગીરી, રદુલ મુહતાર, ઉકુદુદુર્રિયહ્, બહરુર્રાઈક, નહરુલફાઈક઼, તબ્યીનુલ હક઼ાઈક઼, બદાએઅ, બઝ્ઝાઝિયહ, બરજંદી, અન્કુરુય્યહ્, વાક઼યાતુલ મુફતીન, તથા અશ્બાહ, મજમઉલ અન્હર, તહતાવી અલ દુર, ગુન્યહ, નઝમુલ ફરાઈદ, બુર્હાન શરહે મવાહિબુર્રહમાન, તયસીરુલ મક઼ાસિદ, શરહે વહબાનિયહ્ તથા મુગ્નિયુલ મુસ્તફતી, તન્વીરુલ અબ્સાર તથા મન્હુલ ગફ્ફાર તથા ઉસૂલે ઈમામ શમ્સુલ અઈમ્મા વ કશ્ફુલ બજદવી, શિફા શરીફ, રૌઝા, ઈમામ નવવી વ અઅલામ ઈમામ ઈબ્ને હજર વ કિતાબુલ અન્વાર, શર્હે અક઼ાઈદ, મન્હુર્રોઝ, ફવાતિહુર્રહમૂત, ઈર્શાદુસ્સારી વ ફતાવા અલ્લામા મુફતી અબૂ સઊદ વ અલ્લામા નૂહ આફંદી વ શયખુલ ઈસ્લામ અબ્દુલ્લાહ આફંદી વ અહમદ મિસ્રી અલલ મરાક઼િયુલ ફલાહ, શલ્બી અલ્ ઝઝ્યનઈ વગેરેથી સાબિત તથા રોશન છે.......... *(ફતાવા રઝવિય્યહ્, મુતર્જિમ, ૧૪/૨૪૬)*

જ્યારે **ડો. તાહિરુલ ક઼ાદરી એ સર્વ ફિર્ક઼ાઓને તથા અહલે સુન્નત વ જમાઅતને એક માને છે. એનો સ્પષ્ટ મતલબ છે કે આં જનાબની દષ્ટિએ ઈમાન તથા કુફ્ર, હક્ક઼ તથા બાતિલ, સુન્ની તથા ગૈર સુન્ની સૌ સરખા છે.** (અલ્અયાઝુ બિલ્લાહિ તઆલા)

એ જ પ્રમાણે એમની એ માન્યતા કે, ''યહૂદી તથા ઈસાઈ ઈમાનવાળા (Belivers) છે, તેમને કાફિરોમાં નથી ગણી શકાતા.'' એ ખુલ્લમ ખુલ્લા કુર્આનને જૂઠાડવું અને એનો ઈન્કાર છે.

અલ્લાહ તઆલાનો આદેશ છે :–

**اِنَّ الَّذِیۡنَ کَفَرُوۡا مِنۡ اَہۡلِ الۡکِتٰبِ وَالۡمُشۡرِکِیۡنَ**

**فِیۡ نَارِ جَہَنَّمَ خٰلِدِیۡنَ فِیۡہَا ؕ اُولٰٓئِکَ ہُمۡ شَرُّ الۡبَرِیَّۃِ**

''બેશક ! જેટલા કાફિર છે કિતાબી તથા મુશ્રિક સૌ જહન્નમની આગમાં છે, હમેશાં એમાં રહેશે. એ જ તમામ મખ્લૂકમાં બદ્તર છે.'' *(સૂરએ બય્યિનહ્, આયત : ૬)*

અને ઈર્શાદ ફર્માવ્યો :–

**هُوَ الَّذِىٓ اَخْرَجَ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ**
**مِنْ دِيَارِهِمْ لِاَوَّلِ الْحَشْرِ**

''તે જ છે જેણે એ કાફિર કિતાબીઓને તેમના ઘરોએથી કાઢયા તેમના પ્રથમ હશ્ર (અંજામ)ના માટે.'' *(સૂરએ હશ્ર, આયત : ૨)*

અને ઈર્શાદ ફર્માવ્યો :–

**لَمْ يَكُنِ الَّذِيْنَ كَفَرُوْا مِنْ اَهْلِ الْكِتٰبِ**
**وَالْمُشْرِكِيْنَ مُنْفَكِّيْنَ حَتّٰى تَاْتِيَهُمُ الْبَيِّنَةُ**

''કિતાબી કાફિર તથા મુશ્રિક પોતાનો દીન છોડવાના ન હતા જ્યાં સુધી એમની પાસે રોશન દલીલ ન આવે......'' *(સૂરએ બય્યિનહ્, આયત : ૧)*

આ પવિત્ર આયતો સિવાય અન્ય પણ વિવિધ આયતોમાં જેમાં સ્પષ્ટપણે કિતાબીઓને કાફિર કહેવામાં આવ્યા છે. જેથી **ડો. તાહિરુલ કાદરીએ કિતાબવાળાઓને કાફિર ન માનીને કુર્આને કરીમનો સ્પષ્ટ ઈન્કાર કર્યો એ એમનુ ઉઘાડુ કુફ્ર છે.**

સારાંશ કે પોતાના વાણી તથા વર્તનના આધારે ઈસ્લામથી ખારિજ તથા કાફિર તથા બેદીન છે. તેમની તકરીર તથા લખાણને પઢવુ તથા સાંભળવું નાજાઈઝ છે. આ ડોકટરના વિશે પાકિસ્તાનના ઉલમા ખાસ કરીને હઝરત અલ્લામા કારી મહબૂબ





રઝા કાદરી સાહબ માજી મુફતી દારુલ ઉલૂમ અમજદિયા–કરાંચીએ ઘણા જ પહેલાં ફર્માવ્યું છે કે એ ગુમરાહ તથા ગુમરાહ કરનાર છે અને જાહેરી રીતે કુફ્ર તથા ઈર્તેદાદના હુકમથી પણ કોઈ રીતે બચી શકે તેમ નથી જણાતુ. હઝરત અલ્લામાએ ડો. તાહિરુલ કાદરીના બારામાં જે કાંઈ ફર્માવ્યું છે તે વિના શંકાએ હક્ક તથા સત્ય અને શરીઅતના હુકમાનુસાર છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

લખનાર : **(મુફતી) મુહમ્મદ અખ્તરહુસૈન કાદરી** *(ખાદિમે ઈફતા વ દર્સ દારુલ ઉલૂમ અલીમિયહ, જમદાશાહી, બસ્તી) ૩૦ રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૩૩)*

★ (મુફતી) મુહમ્મદ કમર આલમ કાદરી

★ (મુફતી) કમાલ અહમદ

★ તાહિરુલ કાદરી તરફ સંબંધિત લખાણ જો ખરેખર એમનું છે તો આ ફત્વો દુરુસ્ત અને અતિશય જરૂરી કામ છે.

★ (મુફતી) મુહમ્મદ સૈયદ નૂરાની *(દારુલ ઉલૂમ મદીનતુલ અરબિય્યહ્, દોસ્તપૂર)* (૩૦ રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૩૩)

**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર ''બરકાતે ખ્વાજા'' (માસિક)**

| | | | |
|---|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/– | ફોન. : (૦૨૬૪૨) |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/– | ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, |
| પેટ્રન ફી | રૂા. | ૧,૮૦૦/– | મો. : ૯૪૨૭૪૬૪૪૧૧ Web. :www.barkatekhwaja.net |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/– | Email : anjuman2006@hotmail.com |

**બરકાતે ખ્વાજા (માસિક) C/o.** ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦

## બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો !

**ઈલ્મે શરીઅત**ની રોશનીથી અંધકારમય દિલોને ઝગમગાવવા માટે, દીન તથા સુન્નિયતની મહોબ્બતનો ચિરાગ દિલોમાં રોશન કરવા માટે, ઈશ્કે મુસ્તફા ﷺ ની મીઠાશથી દિલોની દુનિયાને તરબતર કરી પ્યારા મુસ્તફા ﷺ ની દીવાનગીમાં તડપાવવા માટે, મઝહબે હક્ક **અહલે સુન્નત વ જમાઅત** યા'ને **મસ્લકે આ'લા હઝરત**નો ડંકો બજાવવા માટે **''બરકાતે ખ્વાજા''** માસિક આપની સેવામાં હાજર છે.

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **ગ્રાહક બનો** તથા **બનાવો.**

★ **''બરકાતે ખ્વાજા''** માસિકના **આજીવન ગ્રાહક** કે **પેટ્રન** બની બનાવીને સહકાર કરશો.

★ **કરન્ટ ઈસ્યૂ** પર તેમજ **દીની મસાઈલ** પર સચોટ હવાલાવાળા લેખો મોકલીને સહકાર કરશો.

### ★ લવાજમ ★

| | | | |
|---|---|---|---|
| ★ વાર્ષિક લવાજમ | રૂા. ૧૪૫ | ★ વિદેશ માટે | £ 15 |
| ★ આજીવન | રૂા. ૪૦૦૦ | ★ પેટ્રન ફી | રૂા.૧૮૦૦ |
| ★ વિદેશ માટે આજીવન | £ 250 | ★ વિદેશ માટે પેટ્રન | £ 150 |

### ★ સંપર્ક સરનામુ ★

**બરકાતે ખ્વાજા (માસિક)**, C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન,
ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ગુજરાત (ઈન્ડિયા)
✆ : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

**સુના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ**
**સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ**

હર દૌર મેં અહલે હક્ક઼ કા મુક઼ાબલા એહલે બાતિલ સે હોતા રહા, બાતિલ અપને નામ બદલ બદલ કર એહલે હક્ક઼ કો મીટાને ઔર દબાને કે લિયે જદીદ સે જદીદ તર લિબાદે ઔર અંદાઝો ઉસ્લૂબ ઈખ્તિયાર કરતા રહા મગર અહલે હક્ક઼ કો ખુદાને વો ફરાસતો બસીરત અતા ફર્માઈ હૈ કે વો હક્ક઼ો બાતિલ, સહીહ વ ગલત, સચ ઔર જૂઠ મેં ખત્તે ઈમ્તિયાઝ ખીંચ દેતે હૈં. સરકાર صلی اللہ علیہ وسلم કે દુન્યા સે જાહીરી તૌર પર પર્દા ફર્માને કે બાદ નબુવ્વત કે જૂઠે દાવેદાર ખળે હુવે, બલ્વાઈ ઔર ખારજી ઉભરે, સૈયદના અમીર મુઆવિયહ્ رضی اللہ عنہ કે બાદ યઝીદ પલીદને સરકશી કી, ખલ્ક઼ે કુર્આન કા મસ્અલા લેકર મામૂન ખળા હૂઆ, તાતારી ફિત્નોં કી સૂરતમેં બગદાદ પર એક અઝીમ સેલાબ આયા, મઝાહિબો અદયાને આ'લમ કા મઅજૂને મુરક્કબ બનકર અકબરી મઝહબ સામને આયા, ગુસ્તાખાને મુસ્તફા صلی اللہ علیہ وسلم તૌહીદે ઈલાહી કા ટાઈટલ લગાકર સામને આએ.........

**સતેઝા કાર રહા હૈ અઝલ સે તાઈમરોઝ**
**ચરાગે મુસ્તફવી સે શરારે બૂલહબી**

અલ્ગ઼રઝ જબ જબ અઝમતે મુસ્તફા صلی اللہ علیہ وسلم ઔર દીને હક્ક઼ કે ખિલાફ કોઈ ગલત નઝરીયા ઔર અક઼ીદા કિસીને ઈજાદ કિયા તો અહલે હક્ક઼ અબૂબક્ર સિદ્દીક઼, અલીએ મુર્તઝા, હુસૈને આ'ઝમ, અહમદ બિન હંબલ, શૈખ અહમદ સરહિંદી, અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વી, ઔર ઈમામ અહમદ રઝા વ દિગર અકાબિરીનને ઉન્કા રદ કિયા ઔર એહક઼ાક઼ે હક્ક઼ વ ઈબ્તાલે બાતિલ કા ફરિઝા અજામ દિયા. (رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن)

વધુ ટાઈટલ નં. ૦૩..૫૨

ટાઈટલ નં.૦૨ નું ચાલુ...

બદ્કિ઼સ્મતી સે આજ એક ઐસા નામ નિહાદ મૌલ્વી ખળા હૂઆ જો અઝમતે અંબિયા વ ઔલિયા કે નામ સે તકરીરોં ઔર તેહરીરોં કી આળ મેં સુલેહ કુલ્લિયત કો રાઈજ કરના ચાહતા હૈ, જો યઝીદીયોં સે મીલકર પરચમે શહાદતે હુસૈન કો દાગ઼દાર કરના ચાહતા હૈ, ગ઼ૈર મુક઼લ્લિદોં સે મિલકર ઈમામે આ'ઝમ કી ફક઼ાહત કો ચેલેંજ કરના ચાહતા હૈ, અબૂબક્રો ઉમર કો ગાલિયાં દેનેવાલોં કે સાથ મુસાલહત કર કે અઝમતે સહાબા કો પામાલ કરના ચાહતા હૈ, યે વો સુલેહકુલ્લિયત કા અલમબરદાર હૈ જિસે લોગ **"તાહિરુલ ક઼ાદરી"** કે નામ સે જાનતે હૈં, યે ખૂદ ગુમરાહ હૈ ઔર લોગોં કો ગુમરાહ કરતા હૈ. ઈસ સે ખૂદ ભી બચના ઝરૂરી હૈ ઔર દૂસરોં કો ભી બચાના ઝરૂરી હૈ. ઉલમાએ એઝામ વ મુફતિયાને કિરામને અપને ફર્ઝે મનસબી કો બ હુસ્નોખૂબી નિભાકર અવામે અહલે સુન્નત કો બરવક઼્ત ઈસ અઝીમ ફિત્ને સે આગાહ કર કે ઉન્કે ઈમાનો અક઼ીદે કિ હિફાઝત કા સામાન ફારાહમ કર દીયા હૈ.

અબ હમારા દીની ફરીઝા યે હૈ કે અગર હમેં અપને ઈમાનો આખેરત કી ઝર્રા બરાબર ભી ફિક્ર હૈ તો યે કિતાબ **"પ્રો. તાહિરુલ ક઼ાદરી હક઼ીક઼તના આઈનામાં"** ઈન્સાફ વ દયાનતદારી કે સાથ પળહકર અપને ઈમાનો અક઼ીદે કિ હિફાઝત કરેં ઔર હક્ક઼ો બાતિલ કી ઈસ મા'રકાઆરાઈમેં હક્ક઼ ઔર એહલે હક્ક઼ કા સાથ દેકર પરચમે હક્ક઼ કો બુલંદ કરેં, ક્યૂં કે........

**હર દૌર મૈં ઉઠતે હૈં યઝીદી ફિત્ને**
**હર દૌરમેં શબ્બીર જનમ લેતે હૈં**

**-(હઝરત અલ્લામા વ મૌલાના) સૈયદ સલીમબાપુ**
**બેડીવાલા-જામનગર**

*(ખલીફએ તાજુશ્શરીઅહ્ હુઝૂર અખ્તર રઝા અઝહરીમિયા)*

*તારીખ : ૧૩/૨/૨૦૧૨, સોમવાર, ૧૯–રબીઉલ અવ્વલ, હિ.સ. ૧૪૩૩*